અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત


07 FEBRUARY-2026 SATURDAY | Vol. : 17 | Issue : 216 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3



ઈરાનમાં અમેરિકી નાગરિકોને ચેતવણી- તરત દેશ છોડો

4



ચીન-USની પાવરગેમ : બલુચિસ્તાન પાક.ના હાથમાંથી છુટી રહ્યું છે

6



જેક્લિન ફર્નાન્ડિસે વારાણસી પ્રવાસ દરમિયાન ચાટ ખાવાની ઈચ્છા પૂરી કરી

7



રેપો રેટ ફરી યથાવત્, લોન મોંઘી નહીં થાય: RBIએ વ્યાજદર 5.25% પર રાખ્યો, 2025માં ચાર વખતમાં 1.25%નો ....

# પાકિસ્તાનમાં શિયા મસ્જિદમાં જુમ્માની નમાજ દરમિયાન બ્લાસ્ટ

## આત્મઘાતી હુમલામાં 31નાં મોત, 169 લોકોની હાલત ગંભીર, ઈસ્લામાબાદમાં ઈમર્જન્સી







**ઈસ્લામાબાદ, તા.06**

પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદના શુક્રવાર(જુમ્મા)ની નમાઝ દરમિયાન શિયા મસ્જિદ (ઈમામબાડા)માં આત્મઘાતી હુમલો થયો. પાકિસ્તાની અખબાર ડૉનના અહેવાલ મુજબ, આ હુમલામાં 31 લોકોનાં મોત થયા છે અને 169 લોકોની હાલત ગંભીર છે. જો કે અગાઉ પાક.મીડિયામાં 69 લોકોના મોત થયાના અહેવાલ જાણવા મળી રહ્યા હતા.

પોલીસ અને બચાવ સેવાઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને બચાવ અભિયાન શરૂ કરી દીધું છે. હોસ્પિટલોને એલર્ટ પર રાખવામાં આવી છે. ઘાયલોને હોસ્પિટલ પહોંચાડવામાં આવી રહ્યા છે.

ધમાકા બાદ ઈસ્લામાબાદના પોલીસ પ્રમુખે સમગ્ર શહેરમાં ઈમર્જન્સી જાહેર કરી દીધી. અધિકારીઓને આશંકા છે કે મૃત્યુઆંક વધી શકે છે.

પાકિસ્તાન સરકારના મંત્રી ડો. તારિક ફઝલ ચૌધરીએ સોશિયલ મીડિયા પર લખ્યું છે કે ઈસ્લામાબાદમાં થયેલા ધમાકાની હું સખત નિંદા કરું છું. આ હુમલામાં માર્યા ગયેલા લોકો માટે દુ:ખી છું.

આવી આતંકી ઘટનાઓ દેશ અને લોકોનો જુસ્સો તોડી શકતી નથી. જરૂર છે કે આપણે સૌ સાથે મળીને શાંતિ, સહનશીલતા અને સ્થિરતા માટે એકજૂટ થઈએ અને કાયદો વ્યવસ્થા સંભાળતી એજન્સીઓ સાથે મજબૂતીથી ઊભા રહીએ.

પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ વિસ્ફોટમાં માર્યા ગયેલા લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી. આ માહિતી પીપીપી તરફથી X પર જારી કરાયેલા એક નિવેદનમાં આપવામાં આવી હતી.

રાષ્ટ્રપતિએ કહ્યું હતું કે નિર્દોષ લોકોને નિશાન બનાવવા એ માનવતા વિરુદ્ધનો ગુનો છે. તેમણે ઘાયલોના ઝડપી સ્વસ્થ થવા માટે દુઆા કરી અને અધિકારીઓને શક્ય તમામ સારવાર પૂરી પાડવાનો નિર્દેશ આપ્યો હતો.

આ પહેલાં પણ 11 નવેમ્બર 2025ના રોજ ઈસ્લામાબાદના G-11 વિસ્તારમાં જિલ્લા અને સત્ર ન્યાયાલયની બહાર આત્મઘાતી હુમલો થયો હતો. એ હુમલામાં 12 લોકોનાં મોત થયાં હતાં અને 30થી વધુ લોકો ઘાયલ થયા હતા.

ગ્લોબલ ટેરરિઝમ ઈન્ડેક્સ 2025 મુજબ, પાકિસ્તાન બુર્કિના ફાસો પછી વિશ્વમાં બીજો સૌથી વધુ આતંકવાદથી પ્રભાવિત દેશ બન્યો છે, જે 2024માં ચોથા ક્રમે હતો.

ઈસ્લામિક સ્ટેટ-ખોરાસન (IS-K)એ હવે પાકિસ્તાની શહેરોને પણ નિશાન બનાવવાનું શરૂ કરી દીધું છે.

રિપોર્ટ મુજબ, ખૈબર પખ્તુનખ્વા અને બલૂચિસ્તાન પાકિસ્તાનના સૌથી વધુ આતંકવાદથી અસરગ્રસ્ત વિસ્તારો છે, જે દેશમાં થતી તમામ આતંકવાદી ઘટનાઓમાં 90% હિસ્સો ધરાવે છે.

આ અહેવાલમાં તહરીક-એ-તાલિબાન પાકિસ્તાનને સતત બીજા વર્ષે પાકિસ્તાનનું સૌથી ખતરનાક આતંકવાદી સંગઠન જણાવવામાં આવ્યું છે. 2024માં આ સંગઠને 482 હુમલા કર્યા હતા, જેમાં 558 લોકોનાં મોત થયાં હતાં, જે 2023 કરતાં 91% વધુ છે.

# છત્તીસગઢ-મહારાષ્ટ્ર બોર્ડર પર 3 નક્સલવાદી ઠાર કર્યા

## ગઢચિરોલીમાં શહીદ જવાનને ગાર્ડ ઓફ ઓનર, પરિવારે અંતિમ વિદાય આપી

**જગદલપુર, તા.06**

છત્તીસગઢ-મહારાષ્ટ્ર બોર્ડર પર પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. બંને તરફથી થયેલા ગોળીબારમાં મહારાષ્ટ્રના C-60 કમાન્ડોઝે 3 નક્સલવાદીઓને ઠાર કર્યા છે. અથડામણમાં એક જવાન શહીદ થયો છે, જ્યારે અન્ય એક જવાન ઘાયલ થયો છે.



ઘાયલ જવાનને એરલિફ્ટ કરીને હોસ્પિટલ લાવવામાં આવ્યો છે. ઘટનાસ્થળેથી એક AK-47 અને એક SLR રાઈફલ મળી આવી છે. માર્યા ગયેલા નક્સલવાદીઓની ઓળખ કરવામાં આવી રહી છે. અથડામણની પુષ્ટિ મહારાષ્ટ્ર પોલીસે કરી છે. આ સમગ્ર મામલો મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લાના ભામરાગઢ તાલુકા વિસ્તારનો છે.

6 ફેબ્રુઆરીની સવારે અબુઝમાડના જંગલમાં સર્ચિંગ પર નીકળેલી ફોર્સની નક્સલવાદીઓ સાથે અથડામણ થઈ હતી. આ દરમિયાન સી-60ના જવાન, કોન્સ્ટેબલ દીપક ચિન્ના મદાવી (38 વર્ષ) ગંભીર રીતે ઘાયલ થયા હતા. હેલિકોપ્ટર દ્વારા ભામરાગઢની હોસ્પિટલ લઈ ગયા બાદ સારવાર દરમિયાન તેમનું મોત થયું છે. શહીદ જવાન દીપકને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું અને તેમના વતન ગામ મોકલવામાં આવ્યા.

5 ફેબ્રુઆરીએ છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં સુરક્ષા દળોએ નક્સલવાદી કમાન્ડર ઉધમ સિંહનું એન્કાઉન્ટર કર્યું હતું. ઉધમ સિંહ 2021માં થયેલા ટેકુલગુડેમ એન્કાઉન્ટરમાં સામેલ હતો. જ્યાં નક્સલવાદી હુમલામાં 22 જવાન શહીદ થયા હતા.

# બરફ વચ્ચે વૃદ્ધને 15km ચાલીને હોસ્પિટલ પહોંચાડ્યા: હિમાચલમાં 13 દિવસથી રસ્તો બંધ છે

- **ખુરશીને 'પાલખી' બનાવીને જોખમી સફર પાર કરી**



**મંડી, તા.06**

હિમાચલ પ્રદેશના સરાજ વિધાનસભા ક્ષેત્રમાં ગ્રામજનોએ બરફની વચ્ચે ખતરનાક રસ્તા પરથી એક દર્દીને લગભગ 15 કિલોમીટર સુધી ખભા પર ઊંચકીને હોસ્પિટલ પહોંચાડ્યો. આને લગતો વીડિયો હવે સોશિયલ મીડિયામાં ખૂબ વાઈરલ થઈ રહ્યો છે. ખરેખરમાં, તાજેતરમાં સરાજ વિધાનસભા ક્ષેત્રમાં ભારે હિમવર્ષા થઈ. જેના કારણે આ વિસ્તારને જોડતો રસ્તો છેલ્લા 13 દિવસથી બંધ છે. ગયા બુધવારે છલાઈ ગામના વૃદ્ધ શિવ લાલ બીમાર પડ્યા.

આ પછી ગ્રામજનોએ શિવ લાલને ખુરશી પર દોરડાની મદદથી બાંધ્યા અને બરફની વચ્ચે શિવ લાલને ખભા પર ઊંચકીને ગાડાગુસૈની પહોંચ્યા. ગામના 15 થી 20 લોકોએ દુર્ગમ અને ખતરનાક રસ્તા પરથી દર્દીને હોસ્પિટલ પહોંચાડ્યો.

રસ્તામાં લગભગ બે ફૂટ સુધી બરફ જામી ગયો છે, જેના કારણે દરેક પગલે લપસવાનો અને અકસ્માતનો ભય રહેતો હતો. આમ છતાં ગ્રામજનોએ હિંમત ન હારી અને વૃદ્ધને સુરક્ષિત રીતે આરોગ્ય કેન્દ્ર સુધી પહોંચાડ્યા. રસ્તો પુનઃસ્થાપિત ન થતા ગ્રામજનોમાં લોક નિર્માણ વિભાગ અને સરકાર વિરુદ્ધ રોષ વ્યાપ્યો છે.

સ્થાનિક નિવાસી સમેશ રાજપૂતે જણાવ્યું કે ઘણી વાર લોક નિર્માણ વિભાગ અને પ્રશાસનને રસ્તો પુનઃસ્થાપિત કરવાની જાણ કરવામાં આવી, પરંતુ કામ અત્યંત ધીમી ગતિએ ચાલી રહ્યું છે. તેમણે જણાવ્યું કે હવામાન સાફ થયાને 10 દિવસ વીતી ગયા છે, પરંતુ હજુ સુધી માત્ર 3 કિલોમીટર રસ્તા પરથી જ બરફ હટાવવામાં આવ્યો છે. આ કારણે ગામના એક વૃદ્ધને ખભા પર ઊંચકીને હોસ્પિટલ પહોંચાડવા પડ્યા. તેમણે સરકારને રસ્તાને જલ્દી પુનઃસ્થાપિત કરવાની વિનંતી કરી છે.

આ ઘટનાએ ફરી એકવાર દૂરના વિસ્તારોમાં રસ્તા અને આરોગ્ય સુવિધાઓની ખરાબ સ્થિતિને ઉજાગર કરી છે. સરાજ વિધાનસભા ક્ષેત્ર વિરોધ પક્ષના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી જયરામ ઠાકુરનો ગૃહ વિસ્તાર છે, તેમ છતાં અહીંના ગ્રામજનો આજે પણ મૂળભૂત સુવિધાઓ માટે સંઘર્ષ કરી રહ્યા છે.

# જનતાએ નકાર્યા તો કોર્ટનો ઉપયોગ કરી રહ્યા છો: SCએ પ્રશાંત કિશોરને ઠપકો આપ્યો, પૂછ્યું- તમારી પાર્ટીને કેટલા મત મળ્યા

**પટના, તા.06**

પ્રશાંત કિશોરને સુપ્રીમ કોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. કોર્ટે 2025માં થયેલી બિહાર વિધાનસભા ચૂંટણી રદ કરવાની માંગ કરતી અરજી પર શુક્રવારે સુનાવણી કરી અને માંગને ફગાવી દીધી છે. પ્રશાંત કિશોરની પાર્ટી જનસુરાજે કોર્ટમાં અરજી કરી હતી, જેની માંગને સુપ્રીમ કોર્ટે માનવાનો ઈનકાર કર્યો છે. કોર્ટે જનસુરાજ પાર્ટીને પહેલા હાઈકોર્ટ જવાનું કહ્યું છે. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો જનતાએ તમને નકારી દીધા છે, તો તમે લોકપ્રિયતા મેળવવા માટે કોર્ટનો ઉપયોગ કરી રહ્યા છો. આ પછી જનસુરાજ પાર્ટીએ સુપ્રીમ કોર્ટમાંથી પોતાની અરજી પાછી ખેંચી લીધી.

SCએ કહ્યું કે, જ્યારે પાર્ટી ચૂંટણીમાં પોતાનું બધું હારી ગઈ ત્યારે તે અહીં આવી ગઈ. તમારે સદ્ભાવના વિશે પણ જણાવવું પડશે. તેમણે કહ્યું કે અમે ફ્રીબીઝ (મફત યોજનાઓ) ના મુદ્દાની તપાસ કરી રહ્યા છીએ. પરંતુ અહીં એવો મામલો છે, જ્યાં એક રાજકીય પક્ષ, જે ચૂંટણીમાં બધું હારી ગયો, તે અમારી સામે આવી ગયો છે. અમે રાજકીય પક્ષોના કહેવા પર ફ્રીબીઝના મુદ્દાની તપાસ કરવા માંગતા નથી.

CJIએ સ્પષ્ટ કહ્યું કે કોઈ ઈચ્છે તો યોજનાને પડકારી શકે છે, પરંતુ અહીં મુખ્ય માંગ ચૂંટણી રદ કરવાની છે. અરજદારના વકીલે આરોપ લગાવ્યો કે આ યોજના હેઠળ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન 15600 કરોડ રૂપિયા મહિલા મતદારોના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવ્યા. સુપ્રીમ કોર્ટે અરજદારને પૂછ્યું કે તમે હાઈકોર્ટ કેમ ન ગયા? સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલી અરજીમાં કહેવામાં આવ્યું હતું કે ચૂંટણી દરમિયાન બિહાર સરકારે ગેરકાયદેસર રીતો અપનાવી, તેથી ચૂંટણી રદ કરીને ફરીથી કરાવવામાં આવે. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે રાજ્યમાં જ્યારે આદર્શ આચારસંહિતા લાગુ હતી, ત્યારે મહિલા મતદારોને 10 હજાર રૂપિયા સીધા ટ્રાન્સફર કરવામાં આવ્યા. તે સમયે આવા પગલાંને ગેરકાયદેસર માનવામાં આવવું જોઈએ.

ચૂંટણી પ્રચાર દરમિયાન પ્રશાંત કિશોરે દાવો કર્યો કે નીતિશ કુમાર હવે મુખ્યમંત્રી નહીં બને. તેમની સરકાર જઈ રહી છે. 9 નવેમ્બરે એક



ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું- નીતિશ સરકાર જઈ રહી છે. 14 નવેમ્બર પછી નવી સરકાર આવશે.

7 ઓક્ટોબરે એક ઈન્ટરવ્યુમાં તેમણે એમ પણ કહ્યું કે JDUની 25થી ઓછી બેઠકો આવશે. જો વધુ બેઠકો આવી તો હું રાજનીતિ છોડી દઈશ. હકીકત- આજે NDA માત્ર સરકારમાં પાછી ફરી નથી, પરંતુ ગત વખત કરતાં વધુ સારું પ્રદર્શન કરીને 202 બેઠકો જીતી ગઈ છે. પ્રશાંત કિશોરનું ખાતું પણ ખુલ્યું નથી. જ્યારે JDU 85 બેઠકો જીતી છે. અને તે વિધાનસભામાં નંબર-3 થી નંબર-2 ની પોઝિશન પર પહોંચી ગઈ છે. હવે જોવું રહ્યું કે શું પીકે રાજનીતિ છોડી દેશે.

સપ્ટેમ્બરમાં પ્રશાંત કિશોરે અનેક વખત કહ્યું હતું કે 2025માં બિહાર ઈતિહાસ રચશે. જનસુરાજ પાર્ટીની સરકાર બનશે. જો 125-130 બેઠકો આવશે તો તેને પણ હું મારી હાર માનીશ. હકીકત- જનસુરાજનું ખાતું પણ ખુલ્યું નથી. 98% ઉમેદવારોની ડિપોઝીટ જપ્ત થઈ ગઈ છે. ચૂંટણીના 3 મહિના પહેલાથી પ્રશાંત કિશોર દાવો કરતા રહ્યા કે આ વખતે લડાઈ NDA અને જનસુરાજ વચ્ચે છે. મહાગઠબંધન લડાઈમાં નથી.

હકીકત- ચૂંટણીના પરિણામો જોઈએ તો લડાઈમાં જનસુરાજ હતી જ નહીં. NDA અને મહાગઠબંધન વચ્ચે જ લડાઈ થઈ અને જીત NDAની થઈ. ચૂંટણી પહેલા પ્રશાંત કિશોર દાવો કરતા હતા કે અમે સ્વચ્છ રાજનીતિ કરવા આવ્યા છીએ. સમાજના સારા લોકોને પાર્ટી ટિકિટ આપશે.

હકીકત- ADR ના રિપોર્ટ મુજબ, જનસુરાજ પાર્ટીના 231 ઉમેદવારોમાંથી 108 પર ક્રિમિનલ કેસ છે. તેમાંથી 100 પર ગંભીર ક્રિમિનલ કેસ છે. 25 ઉમેદવારો પર હત્યાના પ્રયાસનો કેસ, 12 ઉમેદવારો પર હત્યાનો આરોપ, 14 ઉમેદવારો પર મહિલાઓ વિરુદ્ધ અત્યાચારનો કેસ છે.

જનસુરાજ પાર્ટીનો દાવો છે કે પાર્ટી બનાવતા પહેલા પ્રશાંત કિશોરે 5 મે 2022 થી 2 ઓક્ટોબર 2024 સુધી 6 હજાર કિલોમીટરની પદયાત્રા કરી. 5 હજાર ગામો સુધી પહોંચ્યા અને 5 હજાર સભાઓ કરી. ખૂબ પ્રચાર-પ્રસાર કર્યો.

મે 2022 થી 1,280 દિવસ સુધી બિહારમાં ફરતા રહ્યા, પરંતુ પરિણામ શૂન્ય રહ્યું. પ્રશાંત કિશોરે આખી ચૂંટણી ઝુંબેશ રોડ માર્ગે કરી. કોઈ હવાઈ યાત્રા એટલે કે હેલિકોપ્ટરથી પ્રચાર કરવા ગયા નહીં. પીકેએ જણાવ્યું કે 21 ઓક્ટોબરથી દરરોજ સરેરાશ 200 KMનું અંતર કાપ્યું. રોજ 8 થી 10 વિધાનસભા ક્ષેત્રોની મુલાકાત લીધી. 29 સપ્ટેમ્બરે પ્રેસ કોન્ફરન્સ કરીને પ્રશાંત કિશોરે પાર્ટી અને પોતાની આવકના ફંડિંગ વિશે માહિતી આપી.

તેમણે જણાવ્યું, '2021-2023 થી જેણે પણ અમારી સલાહ લીધી છે, તેની પાસેથી અમે પૈસા લીધા છે. છેલ્લા 3 વર્ષમાં ફી તરીકે 241 કરોડ રૂપિયા લીધા છે. તેના પર સરકારને 18% GST પણ આપ્યો છે અને લગભગ 20 કરોડ ઈનકમ ટેક્સ આપ્યો છે. હું જે પણ ફી લઉં છું, તેમાં મારો ખર્ચ કાપીને જે બચે છે, તેને પાર્ટીના નામે ડોનેટ કરી દઉં છું. મેં મારા એકાઉન્ટમાંથી જન સુરાજને 98 કરોડ ડોનેટ કર્યા છે.'




# સેવન્થડે સ્કૂલમાં સ્ટુડન્ટના શર્ટ પર બ્લેડ મારી બટન તોડી નાખ્યા

## અમદાવાદની શાળામાં સિવિલ ડ્રેસમાં પોલીસકર્મી ગોઠવાયા, સરકાર હસ્તક વહીવટ છતાં ફરી મારામારી

**અમદાવાદ, તા.06**

અમદાવાદની સેવન્થ ડે સ્કૂલ ફરી એક વખત વિવાદમાં આવી છે. સ્કૂલમાં ધોરણ 7ના વિદ્યાર્થીને 3 વિદ્યાર્થીએ માર મારી શર્ટના બટન તોડી નાખ્યા છે. વિદ્યાર્થીએ મોનિટર હોવાથી અન્ય વિદ્યાર્થીઓને લાઇનમાં આવવા કહ્યું હતું, જેની અદાવત રાખીને ત્રણ વિદ્યાર્થીએ એક વિદ્યાર્થીને શર્ટ પર બ્લેડ મારી બટન તોડી નાખી માર માર્યો હતો. મહત્ત્વનું છે કે સેવન્થ ડે સ્કૂલનો વહીવટ સરકાર હસ્તક છે છતાં આ પ્રકારની ઘટના બની છે. ખોખરા પોલીસ સ્ટેશનમાં ભોગ બનનાર વિદ્યાર્થીના પિતાએ ત્રણ વિદ્યાર્થી સામે ફરિયાદ નોંધાવી છે. હાલમાં સ્કૂલમાં ખાનગી કપડાંમાં પોલીસકર્મચારીઓને બંદોબસ્તમાં રાખવામાં આવ્યા છે.




સમગ્ર મામલે સ્કૂલની બેદરકારી સામે આવી છે. વિદ્યાર્થીએ ઘટના અંગે સ્કૂલને જાણ કરી હતી, પરંતુ સ્કૂલ દ્વારા કોઈ પગલા લેવામાં આવ્યા નહોતા. જેથી વિદ્યાર્થીના પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. સ્કૂલ દ્વારા સમગ્ર ઘટના અંગે DEO કચેરીને પણ આજ સવાર સુધી જાણ કરવામાં આવી નહોતી.

સમગ્ર મામલે સ્કૂલ સંચાલકો ઘટના છૂપાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. હુમલો કરનાર વિદ્યાર્થીઓ પાસે બ્લેડ ના હોવાનો શાળાનો દાવો છે. જોકે ફરિયાદમાં બ્લેડ વડે શર્ટ ફાડવામાં આવ્યો હોવાનો ઉલ્લેખ કરાયો છે. ઘટનાના આગલા દિવસે વાલીએ શાળા પ્રશાસનને જાણ કરી હતી. જાણ કરાઈ હોવા છતાં ઘટના બનતા શાળા પ્રશાસન સામે અનેક સવાલ ઉઠી રહ્યા છે. વાલીની ફરિયાદ બાદ શાળાએ માત્ર બેગ ચેક કરી સંતોષ માન્યો હતો.

આ મામલે અમદાવાદ DEOએ સ્કૂલના આચાર્યને કારણદર્શક નોટિસ આપી છે. શાળામાં આવી ઘટના બની તેમ છતાં શાળા વહીવટ તરફથી કોઈ તાત્કાલિક અને યોગ્ય કાર્યવાહી કરવામાં આવી નથી.નોટિસમાં જણાવાયું છે કે આ ઘટના અંગે શાળા વહીવટ દ્વારા કોઈ પગલાં લેવાયા નથી. આવી ઘટનાઓ શાળાની શિસ્ત અને સુરક્ષા પર પ્રશ્નાર્થ ઉભા કરે છે. આ મામલે તાત્કાલિક સમજૂતી આપવા અને યોગ્ય કાર્યવાહી કરવાની સૂચના અપાઈ છે અને જો સમયમર્યાદામાં જવાબ ન આવે તો કડક કાર્યવાહી કરવામાં આવશે.

SP કુણાલ દેસાઈએ જણાવ્યું હતું કે લાઈનમાં ચાલવા બાબતે થયેલી માથાકૂટની અદાવત રાખીને મારામારી કરી હતી. 3 વિદ્યાર્થીઓ સામે ભોગ બનનારના પિતાએ ફરિયાદ આપી છે. બ્લેડથી શર્ટના બટન તોડી નાખવામાં આવ્યા છે. હાલમાં ફરિયાદના આધારે તપાસ કરવામાં આવી રહી છે. શર્ટ પણ કબ્જે કરવામાં આવ્યો છે. શર્ટના બટન તૂટેલા છે. શર્ટના બટન બ્લેડથી તોડવામાં આવ્યા છે કે નહીં તેની તપાસ કરાશે. સ્કૂલે કોઈ ફરિયાદ કરી નથી. સ્કૂલ પાસે પણ અમે રિપોર્ટ માંગ્યો છે. સ્કૂલની બેદરકારી અંગે પણ તપાસ કરવામાં આવશે.

સેવન્થ ડે સ્કૂલ મામલે NSUIએ DEO કચેરીમાં વિરોધ કર્યો હતો. NSUIએ માંગણી કરી છે કે આ ઘટના મામલે સ્કૂલની બેદરકારી હોવાથી સ્કૂલના પ્રિન્સિપાલ અને એડમિનને તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવે. 24 કલાકમાં સસ્પેન્ડ કરવામાં નહીં આવે તો NSUI સ્કૂલની બહાર ઉગ્ર આંદોલન શરૂ કરશે.

બનાવની જાણ થતાં DEO કચેરીની એક ટીમ સ્કૂલમાં પહોંચી હતી. આ ટીમ દ્વારા આક્ષેપિત બાળકોને બોલાવીને નિવેદન લેવાયા હતા.

અમદાવાદ શહેર DEO રોહિત ચૌધરીએ બનાવને લઈને સ્કૂલના પ્રિન્સિપાલ અને એડમિનને નોટિસ ફટકારી છે. આ બનાવ બનતાં તેમની બેદરકારી બદલ સસ્પેન્ડ કેમ ના કરવા એ અંગેનો નોટિસમાં ખુલાસો માગવામાં આવ્યો છે.

# કચરા ગાડીએ બે સગીરાને ફૂટબોલની જેમ 15 ફૂટ ઉછાળી

## અમદાવાદમાં એક્ટિવા પર જતી હતી ને મ્યુનિ.ની ગાડીએ ટક્કર મારી, બન્ને સારવાર હેઠળ

**અમદાવાદ, તા.06**

અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં પ્રણામી બંગલોઝ નજીક એક અકસ્માતની ઘટના બની છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની કચરો કલેક્શન કરતી ગાડીએ બે કિશોરીને અડફેટે લીધી હતી. આ અકસ્માતમાં બંને કિશોરી ઘાયલ થઈ હતી, જેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. અકસ્માતમાં ગાડીએ ટક્કર મારતાં કિશોરી હવામાં ઊછળી હતી. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. મળતી માહિતી અનુસાર, ગઈકાલે સાંજે માધવ પાર્કમાં રહેતા રાજસ્થાની પરિવારની બે કિશોરી એક્ટિવા પર જઈ રહી હતી. એ સમયે પાછળથી આવી રહેલી AMCની કચરો લઈ જતી



ગાડીએ તેમને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે એક્ટિવા ચલાવી રહેલી કિશોરી ફંગોળાઈ ગઈ હતી. આ ઘટનાએ સ્થાનિકોમાં ભારે રોષ અને ચિંતા જગાવી છે. અકસ્માત બાદ તરત જ આસપાસના લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

આ ઘટનાની જાણ થતાં જ ટ્રાફિક H ડિવિઝનના PI એ. વાય. પટેલ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. આસપાસના લોકોએ ગાડીના ડ્રાઈવરને પકડીને પોલીસને સોંપ્યો હતો. પોલીસે ડ્રાઈવરની અટકાયત કરી હતી અને અકસ્માતગ્રસ્ત કચરા ગાડીને કબજે કરી હતી. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. આ સમગ્ર ઘટના સોસાયટીના ગેટ પાસે લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ હતી. CCTV ફૂટેજમાં સ્પષ્ટપણે દેખાય છે કે એક્ટિવા પર આગળ જઈ રહેલી કિશોરીઓને કચરા કલેક્શન કરતી 'છોટાહાથી' ગાડીએ પાછળથી ટક્કર મારી હતી.

# નડિયાદના LB એવન્યુમાં ચોરી: બંગલાની ગ્રીલ તોડી વિદ્યાર્થીનું કિંમતી લેપટોપ ચોરાયું

**નડિયાદ, તા.06**

નડિયાદના પોશ વિસ્તાર એલ.બી. એવન્યુમાં એક બંગલામાંથી આશરે 50,000ની કિંમતના એપલ મેકબુક લેપટોપની ચોરી થઈ છે. આ ઘટના 31 જાન્યુઆરી, 2026 થી 2 ફેબ્રુઆરી, 2026 દરમિયાન બની હતી, જ્યારે મકાનમાં રહેતા વિદ્યાર્થીઓ બહાર ગયા હતા.




મૂળ વડોદરાના રહેવાસી અને ડી.ડી.યુ. યુનિવર્સિટીમાં એમ.બી.એ.નો અભ્યાસ કરતા કવિશ અનિલભાઈ ભાટીયાએ આ અંગે ફરિયાદ નોંધાવી છે. કવિશ કિશન સમોસા પાસે આવેલા બંગલા નંબર 17માં પહેલા માળે ભાડેથી રહે છે. શુક્રવારે રજા હોવાથી તેઓ રૂમને તાળું મારી વડોદરા ગયા હતા અને રવિવારે સવારે પરત ફરતા રૂમનું તાળું તૂટેલું જોવા મળ્યું હતું.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે તસ્કરોએ ચોરી કરવા માટે અનોખી પદ્ધતિ અપનાવી હતી. તેઓએ સૌ પ્રથમ ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા બેડરૂમ અને હોલની બારીઓની લોખંડની ગ્રીલ તોડી નાખી હતી. ત્યાંથી અંદર પ્રવેશીને તસ્કરોએ પહેલા માળે જવાના દરવાજાનું લોક તોડ્યું હતું અને ત્યારબાદ ઉપરના માળે આવેલા રૂમોને નિશાન બનાવ્યા હતા.

ફરિયાદીના જણાવ્યા અનુસાર, તેમના રૂમમાં રહેલા કબાટમાંથી એપલ કંપનીનું MacBook Air તેની બેગ સાથે ગાયબ હતું. જોકે, બાજુના રૂમમાં રહેતા અન્ય વિદ્યાર્થી આલોક સંતના રૂમનું તાળું પણ તૂટેલું હતું, પરંતુ તેના રૂમમાંથી કોઈ પણ ચીજવસ્તુની ચોરી થઈ નહોતી. તસ્કરોએ માત્ર કિંમતી ઈલેક્ટ્રોનિક આઈટમ પર જ પસંદગી ઉતારી હોય તેવું જણાય છે. બંગલાના મૂળ માલિક કૌશિકભાઈ પટેલ હાલ અમેરિકામાં છે. ફરિયાદીએ તેમને વીડિયો કોલ દ્વારા ઘટનાની જાણ કરી હતી. મકાન માલિકે પ્રાથમિક રીતે તેમના કોઈ કિંમતી સામાનની ચોરી થઈ ન હોવાની પુષ્ટિ કરી છે. કવિશે પોતાના મિત્ર વર્તુળમાં તપાસ કર્યા બાદ અને લેપટોપના બિલની નકલ મેળવ્યા બાદ નડિયાદ ટાઉન પોલીસ મથકે વિધિવત ફરિયાદ નોંધાવી છે. નડિયાદ ટાઉન પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# AMCનો 25 કરોડનો ખર્ચ બચ્યો: એસ.જી હાઈવેને ડસ્ટ ફ્રી અને આઈકોનિક બનાવવા યુએન મહેતા ફાઉન્ડેશન ખર્ચ કરશે....

**અમદાવાદ, તા.06**

અમદાવાદના એસ.જી હાઈવે રોડને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવીનીકરણ કરવામાં આવી રહ્યો છે. એસ જી હાઈવેની આજુબાજુના સર્વિસ રોડ પર ટ્રી પ્લાન્ટેશન અને વોક વે સહિતની સુવિધા સાથે બ્યુટિફિકેશન કરવાનું છે. જેમાં પ્રથમ તબક્કામાં ઈસ્કોનથી પકવાન સુધીનો રોડ ડેવલોપ કરવામાં આવ્યો છે. આ રોડની ડિઝાઈનથી લઈ બ્યુટીફિકેશન સહિતની કામગીરી યુ.એન મહેતા ફાઉન્ડેશનને સોંપવાનો નિર્ણય સ્ટેન્ડિંગ કમિટી દ્વારા લેવામાં આવ્યો છે. એસજી હાઈવેના આઈકોનિક રોડના ડિઝાઈનથી લઈ તમામ કન્સલ્ટિંગ વગેરે યુએન મહેતા ફાઉન્ડેશન દ્વારા ખર્ચ કરવામાં આવશે જેનાથી મ્યુનિસિપલ કોર્પોરેશનને 20થી 25 કરોડ રૂપિયાની બચત થશે.



સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, એસ.જી હાઈવેને સનાથલ સર્કલથી શરૂ કરી ગાંધીનગરના જી-7 સર્કલ સુધીનો આખો રોડ ડેવલોપ કરવા માટેનો લગભગ 30 કિમીનો રોડ છે, જેને એરપોર્ટથી ઈન્દિરાબ્રિજ જે રીતે આઈકોનિક રોડ બનાવવામાં આવ્યો એવી જ રીતે સનાથલથી ગાંધીનગર સુધીનો એસ.જી હાઈવે નેશનલ હાઈવે ઓથોરિટી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, ઔડા, ગુડા, ગાંધીનગર મહાનગરપાલિકાએ માટે આજના તાકીદના કામની અંદર યુએન મહેતા ફાઉન્ડેશન દ્વારા ડેવલોપ કરવામાં આવશે અને કન્સલટન્સીનો તમામ ખર્ચ યુએન મહેતા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવશે.

એસ જી હાઈવે પર આઈકોનિક રોડમાં લેન્ડસ્કેપિંગ, ગજેબો, ઈસ્કોનથી પકવાન સુધીનો રોડ ડેવલોપ કરવામાં આવ્યો એવો નવતર 30 કિમીનો રોડ એસ.જી હાઈવે બ્યુટિફિકેશન સાથે તૈયાર થશે. કન્સલટન્ટ, લેન્ડ સ્કેપ કન્સલ્ટન્ટ, આર્ટ કન્સલ્ટન્ટ, એડવટાઈઝમેન્ટ કન્સલ્ટન્ટ, લાઈટીંગ કન્સલ્ટન્ટ એમ.ઈ.પી. કન્સલટન્ટ, સર્વે એજન્સીઓ વિગેરેની નિમણુંક, પ્લાનીંગ અને ડિઝાઈનીંગ માટે યુ.એન.એમ. ફાઉન્ડેશન દ્વારા નિમણુંક કરવામાં આવનાર તમામ કન્સલ્ટન્ટની સમગ્ર કન્સલ્ટન્સી ફીનું ચુકવણુ સંપુર્ણ રીતે યુ.એન.એમ. ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવશે. ડિઝાઈન એપ્રુવલ, મોડિફિકેશન અને ડિઝાઈનના ઈમ્પ્લિમેન્ટેશનની કામગીરી GUIDCL અને યુ. એન.એમ. ફાઉન્ડેશન દ્વારા એપોઈન્ટ કરેલ કન્સલટન્ટો સાથે સંકલન કરવામાં આવશે.

ટ્રાફિકને લગતી સમગ્ર કામગીરી જેવી કે ટ્રાફિક સર્વે અને એનાલિસિસ, પેવમેન્ટ ડીઝાઈન, રોડ જીઓમેટ્રીક ડિઝાઈન, પેડેસ્ટ્રીયન ફૂટઓવર બ્રિજની ફિઝિબિલિટી, રોડ સેફ્ટી ઓડિટ તથા બ્લેક સ્પોટ સર્વે, ટ્રાકિક સીગ્નલ અને ટ્રાકિક સાઈનેઝીસ વગેરે ટ્રાકિકને સંલગ્ન કામગીરી કરવા માટે SVNIT સંસ્થાને ગુજરાત અર્બન ઈન્ફાસ્ટ્રકચર ડેવલપમેન્ટ કંપની લિમીડેટ (GUIDCL) કંપની અંતર્ગત રાષ્ટ્રીય ધોરી માર્ગમાં ટ્રાકિક કન્સલટન્ટ તરીકે નિમણૂંક કરવાની થાય છે. વધુમાં સદરહું રોડ ઉપર જુદા જુદા સ્ટ્રકચર કે જે સ્ટ્રકચરલ કન્સલટન્ટ દ્વારા કરવામાં આવે તેનું થર્ડ પાર્ટી પ્રુફ ચેકિંગ કરાવા માટે થર્ડ પાર્ટી ઓડિટ કન્સલટન્ટની પણ નિમણૂંક કરવામાં આવશે.

## પોલીસ સ્ટેશનમાં થતી અરજીઓ હવે દબાવી નહીં શકાય

# 34 જિલ્લાની SP કચેરી પર દેખરેખ રાખવા રાજ્ય સરકારે 35 સિનિયર IPSને જવાબદારી સોંપી

**ગાંધીનગર, તા.06**

પોલીસ સ્ટેશનમાં કરાયેલી અરજી પર પોલીસ સમયસર એકશન ન લેતી હોવાની ફરિયાદો વારંવાર ઉઠતી રહે છે. ત્યારે હવે રાજ્ય સરકાર દ્વારા એક નવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. રાજ્યના 34 જિલ્લાઓની SP કચેરીની કામગીરી પર દેખરેખ રાખવા માટે 35 સિનિયર IPSને જવાબદારી સોંપવામાં આવી છે. જેઓ મહિનામાં બે વાર પોતાને સોંપાયેલા જિલ્લાની મુલાકાત લેશે અને અરજીઓની માહિતી મેળવશે. જરુર પડશે તો અરજદારની પણ મુલાકાત કરશે. જે અરજીઓ દફતરે કરવામાં આવે છે તેની પણ ચકાસણી કરશે. જેથી પોલીસ સ્ટેશનમાં થતી અરજી પર એકશન લેવામાં વિલંબ થતો હોવાની જે ફરિયાદો ઉઠતી હતી તેનું નિરાકરણ આવે તેવી શક્યતા છે. જે સિનિયર IPSને જવાબદારી સોંપવામાં આવી છે તેને પોતાના જિલ્લામાં મહિનામાં બે દિવસ મુલાકાત કરવાની રહેશે. માસના પ્રથમ અઠવાડીયામાં ટુર પ્રોગ્રામ બનાવી તેની નકલ અગાઉથી જે તે સંબંધિત એકમને મોકલવાની રહેશે. બીજા અને ત્રીજા અઠવાડીયામાં ટુર પ્રોગ્રામ પુર્ણ કરી, કરેલ કાર્યવાહીનો અહેવાલ માસના ચોથા અઠવાડીયામાં ગૃહ વિભાગ અને પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરીએ મોકલી આપવાનો રહેશે.

સંબંધિત અધિકારીએ પોલીસ અધીક્ષકની કચેરી, પોલીસ સ્ટેશન, એસ.ડી.પી.ઓ. કચેરીની મુલાકાત લેવાની રહેશે. વર્ષ




દરમ્યાન જીલ્લાના મહત્તમ પોલીસ સ્ટેશન આવરી પોલીસ સ્ટેશનની મુલાકાત લેવાની રહેશે. માત્ર એક જ પોલીસ સ્ટેશનની વારંવાર મુલાકાત લેવી નહી.

મુખ્યમંત્રી કાર્યાલયના સંદર્ભ (PG Portal, SWAGAT 2.0 Escalation Matrix, MP-MLA Reference, CMO Swagat Reference સહિત), નાયબ મુખ્યમંત્રીના કાર્યાલયના સંદર્ભ, ગૃહ વિભાગ તરફથી મળતા પત્રો, પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરીના રેફરન્સ, પોલીસ અધિક્ષકની કચેરીઓ તરફથી મળતી અરજીઓ તથા સ્થાનિક કક્ષાએ આવેલ અરજદારની અરજીઓનું યોગ્ય અને સમયમર્યાદામાં નિરાકરણ થયેલ છે કે કેમ? તે જોવાનું રહેશે તેમજ દફતરે થયેલ અરજીઓ પૈકી 10 થી 15 અરજદારનો રૂબરૂ સંપર્ક કરીને ખરેખર તેઓની અરજીઓ દફતરે કરવા લાયક હતી કે કેમ ? તેની ચકાસણી કરવાની રહેશે.

દર માસે એક કે બે પોલીસ સ્ટેશનની મુલાકાત લઈ આ મુજબ અરજદારોની અરજી ચકાસી અરજદારોને રૂબરૂ મળવાનું રહેશે. ઉક્ત વીઝીટ અંગેની સૂચના સંબંધિત પોલીસ કમિશનર કે જિલ્લા પોલીસ વડાઓને લેખિતમાં આપવાની રહેશે અને તેનો અહેવાલ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીને મોકલી આપવાનો રહેશે. સદરહુ અહેવાલમાં આપેલ સૂચનાનું અચૂક પાલન થયું છે તેની સમીક્ષા આગામી રૂબરૂ મુલાકાત દરમિયાન કરવાની રહેશે.

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીએ તેઓને મળેલ તમામ અહેવાલોની ચકાસણી કરી તેઓના રીમાર્કસ સહિત સંયુક્ત અહેવાલ ગૃહ વિભાગને મોકલી આપવાનો. રેન્જ પોલીસ મહાનિરીક્ષક, પોલીસ કમિશનરશ્રી, જિલ્લા પોલીસ વડાઓએ પણ પોતાના કાર્યક્ષેત્રના પોલીસ સ્ટેશનો માટે દર માસે સમાન પ્રકારની કાર્યવાહી કરવાની રહેશે.

# મહેમદાવાદ ખાતે સિદ્ધિવિનાયક મંદિરે ભવ્ય ધજાઆરોહણ મહોત્સવ

## રાજવી પરિવારો અને સંતોની ઉપસ્થિતિમાં 108 ફૂટ ઊંચા ધજાદંડ પર ધજા લહેરાશે

**નડિયાદ, તા.06**

એશિયાના સૌથી મોટા ગણેશાકાર મંદિર તરીકે ખ્યાતિ પામેલા સિદ્ધિ વિનાયક દેવસ્થાન, દેવનગરી-મહેમદાવાદ ખાતે આગામી 08 ફેબ્રુઆરી 2026, રવિવારના રોજ એક ભવ્ય ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ભગવાન ગણનાથ મહારાજની અસીમ કૃપાથી આ દિવસે મંદિરના 108 ફૂટ ઊંચા ધજાદંડ પર વિધિવત રીતે ધજાઆરોહણ કરવામાં આવશે. આ પ્રસંગે સવારે 10:30 વાગ્યે ધજા પૂજન અને ત્યારબાદ 11:00 વાગ્યે ધજા ચઢાવવાનો મંગલ વિધિ સંપન્ન થશે.



આ પવિત્ર અવસરે અનેક મહાનુભાવો અને સંતોના આશીર્વાદ પ્રાપ્ત થશે. જેમાં ખાસ કરીને મહામંડલેશ્વર 108 લલિતકિશોરશરણજી મહારાજ, મહંત વિશ્વેશ્વરજી મહારાજ અને દયામૂર્તિ ગુરુ મા સહિતના સંતોની ગરિમામય હાજરી રહેશે. આ ઉપરાંત, મુખ્ય મહેમાન તરીકે છોટા ઉદેપુર સ્ટેટના જયપ્રતાપસિંહજી ચૌહાણ, ચોટીલા સ્ટેટના મહાવીરસિંહજી ખાંગર, યશવંતસિંહજી ડાભી, મહાવીરસિંહજી મહીડા અને બ્રિજેશસિંહજી ચૌહાણ જેવા રાજવી મહાનુભાવો પણ ઉપસ્થિત રહેશે.

સિદ્ધિ વિનાયક દેવસ્થાન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી નરેન્દ્રભાઈ પુરોહિત દ્વારા તમામ ભક્તજનોને આ દિવ્ય મહોત્સવમાં સહભાગી થવા અને દર્શન-પ્રસાદનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. રાષ્ટ્રપ્રેમ અને શ્રદ્ધાના સંગમ સમાન આ કાર્યક્રમ દ્વારા સમાજમાં સકારાત્મકતાનો સંદેશ ફેલાય તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

# નડિયાદ મંદિરમાંથી ચોરાયેલા આભૂષણો પરત લાવી પૂજન બાદ પુનઃસ્થાપિત કરાયા

**નડિયાદ, તા.06**

નડિયાદ શહેરના પૌરાણિક મોટા કુંભનાથ મહાદેવ મંદિરમાંથી ગત તારીખ 14 જાન્યુઆરીના રોજ તસ્કરે ચાંદીના નાગદેવતા સહિતની વસ્તુઓની ચોરી કરી હતી. જે મામલે પોલીસે ગણતરીના કલાકોમાં જ ચોરીનો ભેદ ઉકેલીને તસ્કરને ઝડપી પાડી તમામ મુદ્દામાલ રિકવર કર્યો હતો. ગુરુવારે ચોરાયેલા ચાંદીના નાગદેવતા સહિતની પૂજ્ય સામગ્રીને મંદિરમાં લાવી તેનો વિધિ વિધાનપૂર્વક પૂજન કરી પુનઃસ્થાપિત કરાયા હતા.



નડિયાદ શહેરના મોટા કુંભનાથ મહાદેવમાંથી 14 જાન્યુઆરીના રોજ અજાણ્યા તસ્કરે સોના ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. આ પહેલા તસ્કરે માતાજીના મંદિરમાં પણ ચોરી કરી હતી. શહેરના પૌરાણિક અને આસ્થાના કેન્દ્ર એવા મોટા કુંભનાથ મહાદેવ મંદિરમાંથી ચોરીની ઘટનાને લઈને પોલીસ દોડતી થઈ હતી અને સાત અલગ અલગ ટીમ બનાવીને ગણતરીના કલાકોમાં જ ચોરીનો ભેદ ઉકેલને ઝડપી પાડ્યો હતો. પોલીસ દ્વારા મોટા મહાદેવ મંદિરમાંથી ચોરેલ તમામ મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો હતો. જેને ગુરુવારે મંદિર પરિસરમાં લાવી વિધિ વિધાનપૂર્વક તેનું પૂજન કરીને પુનઃસ્થાપિત કરવામાં આવ્યા હતા. આ સમયે મંદિરમાં હાજર શ્રદ્ધાળુઓએ હર હર મહાદેવના નાદથી ગુંજવી મૂક્યું હતું.

# મુસાફરોને હાલાકી વેઠવાનો વારો: 11 ડેપોની 170 બસો સ્ક્રેપમાં મુકાઈ સરકારે 140 ફાળવી

**આણંદ, તા.06**

નડિયાદ એસ ટી ડેપો વિભાગના 11 ડેપોમાંથી 755 એસટી બસો થકી રૂટો દોડાવીને સંચાલન કરવામાં આવી રહેલ છે. ત્યારે ચાલુ વર્ષ દરમિયાન તંત્રએ 170 જેટલી એસટી બસોને ભંગારમાં અમદાવાદ ખાતે મોકલી દેવામાં આવી છે. જેના બદલામાં રાજ્ય સરકારે અત્યાર સુધીમાં 140 જેટલી એસટી બસોની ફાળવણી કરી છે. હજી 30 બસોની ઘટ વર્તાઇ રહેલ છે. જેના પગલે 40થી વધુ રૂટો પર કાપ મુકવામાં આવતાં વિદ્યાર્થીઓ, મુસાફરો અને કર્મીઓ હાલાકીઓનો ભોગ બની રહ્યાં છે.




પ્રાપ્ત માહિતી અનુસાર એસટીબસ અમારી સલામત સવારીના બણગાં ફુકવામાં આવે છે.આણંદ ખેડા એસટી વિભાગ દ્વારા આણંદ, પેટલાદ, ઉમરેઠ, ખંભાત બોરસદ કપડવંજ અને માતર ખેડા,ડાકોર અને મહેદાવાદ સહિત 11 ડેપોમાં 755 એસટી બસો થકી 693 શીડયુલ દોડાવવામાં આવે છે. ત્યારે 170 જેટલી એસટી બસોના કુલ 8 લાખ ઉપરાંત કિલોમીટર પુરા થઇ ગયા છે. આરટીઓના નિયમ મુજબ 15 વર્ષે વાહનોના ફિટનેસ સર્ટી મેળવીને રીપાર્સિંગ કરવામાં આવે છે.

આ અંગે નડિયાદ એસટી વિભાગ સૂત્રોએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે અત્યાર સુધીમાં 140 એસટીબસો ફાળવણી કરવામાં આવી છે.હજુ સુધી 30 એસટીબસોની ઘટ પડે છે.બીજી તરફ રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આણંદ એસટી ડેપોના કર્મીઓને 100 ટકા એસટી બસો દોડાવવાનો આદેશ કર્યો છે.પરંતુ 30 જેટલી બસો ઘટ વર્તાઇ રહી છે.જેના કારણે 40થી વધુ રૂટ પર કાપ મુકવામાં આવ્યો છે. જેના પગલે વિદ્યાર્થીઓ અને મુસાફરોને ખાનગી કે ટ્રેનમાં મુસાફરી કરવાની ફરજ પડે છે. બીજી તરફ ભાલેજ કાસોર રાહતલાવ, રામનગર સહિત અન્ય લોકલ શટલ નહીં દોડાવતાં દોઢ કિમી એસટીબસ પકડવા માટે જવું પડતું હોવાથી ગ્રામજનોએ તંત્ર સામે આક્રોશ વ્યકત કર્યો છે.

170 જેટલી એસટી બસોની 15 વર્ષ આવરદા પુરી થાય છે.પરંતુ 8 લાખ કિમી પૂર્ણ થઇ ગયા હોવાથી ચાલુ વર્ષે અમદાવાદ ખાતે 170 એસટીબસોને ક્રેપમાં મુકી દેવામાં આવી છે.અમદાવાદ હરાજી કર્યા બાદ ક્રેપ થયેલી એસટી બસોને નિકાલ કરી દેવામાં આવે છે.જેના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા તમામ નડિયાદ ડિવીઝનને 30 બસો ઓછી ફાળવી છે. જેના કારણે 11 ડેપોમાં સરેરાશ 3 એસટીબસોની ઘટ વર્તાઇ રહી છે.જેથી ગ્રામ્ય વિસ્તારના રૂટો વારંવાર રદ કરવાનો વખત આવે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# ઈરાનમાં અમેરિકી નાગરિકોને ચેતવણી- તરત દેશ છોડો

## સરકારી મદદ પર નિર્ભર ન રહો, પોતે જ નીકળી જવાની સલાહ આપી, ઘણી ફ્લાઈટ્સ પણ રદ

**વોશિંગ્ટન, તા.06**

અમેરિકાએ ઈરાનમાં રહેતા તેના નાગરિકોને તાત્કાલિક દેશ છોડવાની સખત ચેતવણી આપી છે. અમેરિકી દૂતાવાસે કહ્યું છે કે દેશમાં સુરક્ષાની સ્થિતિ અત્યંત ખરાબ થઈ ગઈ છે. વધતી અશાંતિ, પ્રતિબંધો અને મુસાફરીમાં અવરોધો લોકોની સુરક્ષા માટે ગંભીર ખતરો બની રહ્યા છે.

એમ્બેસીએ સ્પષ્ટ કહ્યું છે કે શક્ય તેટલી વહેલી તકે ઈરાન છોડી દો. તમારા નીકળવાની યોજના જાતે બનાવો અને તેમાં અમેરિકી સરકારની મદદ પર ભરોસો ન કરો. વર્તમાન પરિસ્થિતિમાં સત્તાવાર સહાય અત્યંત મર્યાદિત છે. ઈરાનમાં દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો અને અશાંતિને કારણે સુરક્ષા વ્યવસ્થા સઘન બની ગઈ છે. રસ્તાઓ બંધ છે, જાહેર પરિવહન ઠપ્પ છે, ઈન્ટરનેટ અને મોબાઈલ-લેન્ડલાઈન સેવાઓ વારંવાર ખોરવાઈ રહી છે. ઘણી એરલાઈન્સે ઈરાન આવતી-જતી ફ્લાઈટ્સને મર્યાદિત અથવા રદ કરી દીધી છે, જેનાથી બહાર નીકળવું વધુ મુશ્કેલ બન્યું છે.

અમેરિકી ચેતવણીમાં કહેવામાં આવ્યું છે કે જો તાત્કાલિક નીકળવું શક્ય ન હોય તો સુરક્ષિત જગ્યાએ રહો. ત્યાં ખોરાક, પાણી, દવાઓ અને જરૂરી સામાનનો સ્ટોક રાખો. ઈન્ટરનેટ બ્લેકઆઉટ ચાલુ રહેવાની સંભાવના છે, તેથી પરિવાર અને મિત્રો સાથે સંપર્ક માટે અન્ય રીતો વિચારો.

યુએસ એમ્બેસીએ ખાસ કરીને અમેરિકા-ઈરાન બેવડી નાગરિકતા ધરાવતા લોકો માટે વધુ ખતરો જણાવ્યો છે. ઈરાન બેવડી નાગરિકતાને માન્યતા આપતું નથી, તેથી આવા લોકો ઈરાની પાસપોર્ટથી જ બહાર નીકળી શકે છે.

અમેરિકી પાસપોર્ટ બતાવવો અથવા અમેરિકા સાથે સંબંધ દર્શાવવો ઈરાની અધિકારીઓ માટે અટકાયતનું કારણ બની શકે છે. આવા કિસ્સામાં પૂછપરછ, ધરપકડ અથવા લાંબા સમય સુધી અટકાયતનો ખતરો છે.

જે અમેરિકી નાગરિકો પાસે માન્ય અમેરિકી પાસપોર્ટ નથી, તેમને ઈરાન છોડ્યા પછી નજીકના અમેરિકી દૂતાવાસમાંથી પાસપોર્ટ બનાવવાની સલાહ આપવામાં આવી છે.

અમેરિકી સરકારે સ્પષ્ટ કર્યું છે કે ઈરાનમાં રાજદ્વારી અને કોન્સ્યુલર સંબંધો ન હોવાને કારણે તે પોતાના નાગરિકોને મદદ કરવાની સ્થિતિમાં નથી. અમેરિકાના હિતોનું પ્રતિનિધિત્વ તેહરાનમાં સ્વિટ્ઝર્લેન્ડ દૂતાવાસ કરે છે.

નિયમિત કોન્સ્યુલર સેવાઓ બંધ છે અને પરિસ્થિતિમાં સુધારાના કોઈ સંકેત દેખાતા નથી, તેથી અમેરિકી નાગરિકોને પોતે જ સુરક્ષિત રીતે બહાર નીકળવાની નક્કર યોજના બનાવવાની અપીલ કરવામાં આવી છે.

સુરક્ષા માટે કેટલીક જરૂરી સલાહ પણ આપવામાં આવી છે,



જેમ કે પ્રદર્શનો અને ભીડવાળી જગ્યાઓથી દૂર રહો, ફોન હંમેશા ચાર્જ રાખો, પરિવાર સાથે સંપર્ક જાળવી રાખો અને સ્થાનિક મીડિયા પર નજર રાખીને પરિસ્થિતિની માહિતી મેળવતા રહો.

અમેરિકા અને ઈરાન વચ્ચે પરમાણુ વાટાઘાટો આજે (શુક્રવાર) ઓમાનની રાજધાની મસ્કતમાં શરૂ થઈ રહી છે. આ બેઠક ઓમાનના સ્થાનિક સમય અનુસાર સવારે 10 વાગ્યે (ભારતીય સમય અનુસાર રાત્રે 11:30 વાગ્યે) શરૂ થશે. આ છેલ્લા લગભગ નવ મહિનામાં બંને દેશો વચ્ચેની પ્રથમ ઔપચારિક બેઠક છે, જે જૂન 2025માં થયેલા સંઘર્ષ પછી સ્થગિત હતી.

ઉચ્ચ-સ્તરીય વાટાઘાટો પહેલાં વ્હાઈટ હાઉસે કહ્યું છે કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ રાજદ્વારીના પક્ષમાં છે, પરંતુ જો વાતચીત નિષ્ફળ જાય તો બળનો ઉપયોગ કરવા માટે પણ તૈયાર છે.

વ્હાઈટ હાઉસના પ્રેસ સચિવ કેરોલિન લેવિટે ગુરુવારે પત્રકારોને જણાવ્યું હતું કે ટ્રમ્પ ઓમાનમાં થનારી વાતચીતમાં જોવા માંગે છે કે શું કોઈ સમજૂતી થઈ શકે છે. સાથે જ તેમણે ટ્રમ્પની માંગણી દોહરાવી કે ઈરાન પાસે શૂન્ય પરમાણુ ક્ષમતા હોવી જોઈએ. તેમણે ચેતવણી પણ આપી કે જો વાતચીતથી પરિણામ ન આવ્યું તો રાષ્ટ્રપતિ પાસે ઘણા વિકલ્પો ઉપલબ્ધ છે.

યુએસ સેન્ટ્રલ કમાન્ડે પુષ્ટિ કરી છે કે ઈરાન પાસે કેરિયર સ્ટ્રાઈક ગ્રુપ 3નું મુખ્ય જહાજ, ન્યુક્લિયર પાવર્ડ એરક્રાફ્ટ કેરિયર યુએસએસ અબ્રાહમ લિંકન (CVN-72) ઓપરેશનમાં રોકાયેલું છે.

અમેરિકા અને ઈરાને શુક્રવારે ઓમાનમાં વાતચીત કરવા સંમતિ દર્શાવી છે, પરંતુ બંને પક્ષો વચ્ચે મોટા મતભેદો છે. અમેરિકા ઈરાનના મિસાઈલ કાર્યક્રમને પણ વાટાઘાટોમાં સામેલ કરવા માંગે છે, જ્યારે તેહરાન કહી રહ્યું છે કે વાતચીત ફક્ત પરમાણુ મુદ્દા સુધી મર્યાદિત રહેવી જોઈએ.

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાકચી એક રાજદ્વારી દળ સાથે મસ્કટ માટે રવાના થઈ ચૂક્યા છે. અમેરિકા ઈચ્છે છે કે વાટાઘાટોમાં ઈરાનના મિસાઈલ કાર્યક્રમ, પ્રાદેશિક પ્રભાવ અને માનવાધિકાર રેકોર્ડ પર પણ ચર્ચા થાય, પરંતુ ઈરાને સ્પષ્ટ કહી દીધું છે કે તે ફક્ત પરમાણુ મુદ્દા પર જ વાત કરશે.

ઈરાનના વિદેશ મંત્રી ટ્રમ્પના વિશેષ દૂત સ્ટીવ વિટકોફ અને સલાહકાર જેરેડ કુશનરને મળવાના છે. વાટાઘાટો પહેલાં જ ઈરાની રાજ્ય મીડિયાએ જણાવ્યું કે તેહરાને રિવોલ્યુશનરી ગાર્ડ્સ સાઈટ પર લાંબા અંતરની ખોરમશહર-4 બેલિસ્ટિક મિસાઈલ તૈનાત કરી છે.

અમેરિકાએ મિડલ ઈસ્ટમાં પોતાની સૈન્ય હાજરી વધુ મજબૂત કરતા અરબ સાગર અને લાલ સાગરમાં વિમાનવાહક જહાજ USS અબ્રાહમ લિંકન, USS થિયોડોર રૂઝવેલ્ટ અને અનેક મિસાઈલ વિધ્વંસક યુદ્ધ જહાજો તૈનાત કર્યા છે.

તેમજ કતાર, બહેરીન, સાઉદી અરેબિયા, ઈરાક અને જોર્ડનના સૈન્ય અડ્ડાઓ પરથી વાયુસેનાની સક્રિયતા વધી છે. અમેરિકા હવે ઈરાનના પરમાણુ ઠેકાણાઓ, સૈન્ય અડ્ડાઓ અને કમાન્ડ સેન્ટરો પર સમુદ્ર અને આકાશ બંનેથી હુમલો કરવાની સ્થિતિમાં આવી ગયું છે.

ટ્રમ્પે પોતાના પહેલા કાર્યકાળ (2017-2021) માં ઈરાન સાથેના 2015 ના પરમાણુ કરાર સંયુક્ત વ્યાપક કાર્ય યોજના (JCPOA) માંથી અમેરિકાને સંપૂર્ણપણે બહાર કાઢી લીધું હતું.

આ કરાર ઓબામા પ્રશાસનના સમયમાં જુલાઈ 2015 માં થયો હતો, જેમાં ઈરાન, અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જર્મની, રશિયા, ચીન અને યુરોપિયન યુનિયન સામેલ હતા. કરાર હેઠળ ઈરાને પોતાની પરમાણુ ગતિવિધિઓ પર ઘણી કડક મર્યાદાઓ લગાવી હતી.

તેના બદલામાં ઈરાનને અમેરિકા અને અન્ય દેશો દ્વારા લાદવામાં આવેલા આર્થિક પ્રતિબંધોમાં છૂટ આપવામાં આવી, ખાસ કરીને તેલ નિકાસ, બેંકિંગ અને વેપાર પર. આનાથી ઈરાનની અર્થવ્યવસ્થાને ફાયદો થયો હતો.

ટ્રમ્પે ચૂંટણી પ્રચારમાં જ આ કરારને દુનિયાનો સૌથી ખરાબ કરાર ગણાવ્યો હતો. તેમનું કહેવું હતું કે આ કરાર ઈરાનની પરમાણુ મહત્વાકાંક્ષાને માત્ર ટાળે છે, ખતમ કરતો નથી.

ઈરાને કરારમાં ખરાબ ઈરાદાથી ભાગ લીધો અને પહેલા પોતાનો પરમાણુ હથિયાર કાર્યક્રમ છુપાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે કરાર ઈરાનના અન્ય બેલિસ્ટિક મિસાઈલ કાર્યક્રમ, પ્રાદેશિક પ્રોક્સી જૂથોને સમર્થન, આતંકવાદ અને અમેરિકનોની અટકાયત પર રોક લગાવતો નથી.

# એશિયાટિક સિંહોની સુરક્ષા માટે રેલવેનું 'હાઈટેક' કવચ


## 115 કિમી ટ્રેક પર AI દ્વારા રખાશે વોચ, વધુ 5 અંડરપાસ બનશે; રાજ્યસભામાં સાંસદ પરિમલ નથવાણીનો સવાલ

**નવી દિલ્હી, તા.06**

ગીરના જંગલમાં એશિયાટિક સિંહોના રેલવે અકસ્માતો રોકવા માટે કેન્દ્ર સરકાર હવે આધુનિક ટેકનોલોજીનો સહારો લઈ રહી છે. રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણી દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, સિંહોની સુરક્ષા માટે ગીરમાં વધુ 5 નવા અંડરપાસ બનાવવામાં આવશે અને 115 કિમી લાંબા રેલવે ટ્રેક પર AI આધારિત સિસ્ટમ લાગુ કરાશે.

AI આપશે સિંહોની મૂવમેન્ટનું એલર્ટ રેલવે મંત્રીએ માહિતી આપી હતી કે પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝન હેઠળના દામનગર-પીપાવાવ સેક્શનમાં 115 કિમીના વિસ્તારમાં ઈન્ટ્રુઝન ડિટેક્શન સિસ્ટમ (IDS)ના અમલીકરણને મંજૂરી અપાઈ છે.

કેવી રીતે કામ કરશે? આ AI આધારિત સિસ્ટમ રેલવે ટ્રેકની આસપાસ સિંહોની ગતિવિધિ પર સતત નજર રાખશે. કોને મળશે જાણ? જો કોઈ સિંહ ટ્રેકની નજીક આવશે, તો સિસ્ટમ તુરંત જ લોકો પાઈલટ્સ, સ્ટેશન માસ્ટર્સ અને કંટ્રોલ રૂમને એલર્ટ મોકલશે. ફાયદો: સમયસર



એલર્ટ મળવાથી ટ્રેનની ગતિ ઘટાડી શકાશે અને સંભવિત અકસ્માતોને અટકાવી શકાશે.

5 નવા અંડરપાસ અને સુરક્ષાના અન્ય પગલાં ગીર જંગલમાં વન્યજીવોની અવરજવર માટે હાલમાં બે અંડરપાસ કાર્યરત છે. વન્યજીવોની સુરક્ષામાં વધારો કરવાના હેતુથી હવે વધુ 5 અંડરપાસનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું છે.

સાંસદ પરિમલ નથવાણીનો સવાલ સાંસદ પરિમલ નથવાણીએ રાજ્યસભામાં ગીરના સિંહોની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરતા એલિવેટેડ રેલ કોરિડોરની યોજના અને તેના ફન્ડિંગ અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા. જેના જવાબમાં સરકાર દ્વારા ટેકનોલોજી અને અંડરપાસ દ્વારા લેવામાં આવી રહેલા આ નક્કર પગલાંઓની વિગતવાર માહિતી પૂરી પાડવામાં આવી હતી.

# ઝાંસીમાં ભાણીના લગ્નમાં મામાનું મોત: આશીર્વાદ આપીને સ્ટેજ પરથી ઉતર્યા, બહેન તરફ જતા જ બેભાન થઈને ઢળી પડ્યા......

**ઝાંસી, તા.06**



ઝાંસીમાં ભાણીના લગ્નમાં મામાનું મૃત્યુ થયું. મામાએ સ્ટેજ પર ભાણીને આશીર્વાદ આપ્યા. સ્ટેજ પરથી નીચે ઉતરીને પોતાની બહેનને સાડી આપવા આગળ વધ્યા. ત્યારે જ મેરેજ ગાર્ડનના મંડપમાં ગોઠવેલી ખુરશીઓ પર બેભાન થઈને ઢળી પડ્યા હતા.

પરિવારજનોએ તેમને ઉઠાવવાનો પ્રયાસ કર્યો, જ્યારે ન ઉઠ્યા ત્યારે તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. જણાવવામાં આવી રહ્યું છે કે પડતાની સાથે જ તેમનું મૃત્યુ થઈ ગયું હતું. ઘટના બુધવાર રાતની કોતવાલી પોલીસ સ્ટેશન વિસ્તારના ડેલી ગામની છે.

મૃતક હરિમોહન સેન (62) ઝાંસીના શંકર સિંહના બગીચા વિસ્તારના રહેવાસી હતા. તેમની બડાગાંવ ગેટની બહાર હેર ડ્રેસરની દુકાન હતી. હરિમોહનના નાના ભાઈની પત્ની ઉર્મિલાએ જણાવ્યું કે તેમની બહેન રામકુમારી રક્ષા પોલીસ સ્ટેશન વિસ્તારના ડેલી ગામમાં રહે છે.

બુધવારે તેમની દીકરી પ્રિન્સીના લગ્ન ડેલી ગામ ખાતે એસઆર રિસોર્ટ એન્ડ મેરેજ ગાર્ડનમાં હતા. આ લગ્નમાં હાજરી આપવા માટે હરિમોહન રાત્રે લગભગ 9 વાગ્યે મેરેજ ગાર્ડન પહોંચ્યા હતા. તેમણે સ્ટેજ પર જઈને ભાણી પ્રિન્સીને આશીર્વાદ આપ્યા. ત્યારબાદ તેઓ પોતાની બહેનને સાડી આપવા માટે મંડપમાં તેમને શોધવા લાગ્યા. સાડી તેમના હાથમાં જ હતી.

આ દરમિયાન તેમને અચાનક ચક્કર આવી ગયા અને તેઓ મંડપમાં જ પડી ગયા. ઘટનાસ્થળે હાજર લોકોએ ડાયલ 112 પર ફોન કરીને પોલીસને જાણ કરી અને એમ્બ્યુલન્સની મદદથી તેમને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા. જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા. તે સમયે લગ્નની ખુશીઓ માતમમાં ફેરવાઈ ગઈ.

આ દરમિયાન લગ્નનો કાર્યક્રમ ચાલુ રહ્યો, પરંતુ કોઈએ તાત્કાલિક પરિવારને તેની જાણ કરી ન હતી. લગભગ 2 કલાક પછી પરિવારજનોને ફોન આવ્યો કે હરિમોહન જિલ્લા હોસ્પિટલમાં છે. જ્યારે પરિવારજનો જિલ્લા હોસ્પિટલ પહોંચ્યા, ત્યારે તેમને ખબર પડી કે ત્યાં એક અજાણ્યો મૃતદેહ લાવવામાં આવ્યો હતો. બાદમાં ઓળખ થયા પછી મૃતદેહ પરિવારજનોને સોંપવામાં આવ્યો.

સમગ્ર મામલે જિલ્લા હોસ્પિટલના અધિક આરોગ્ય નિયામક ડો. પ્રમોદ કટિયારે જણાવ્યું- 4 ફેબ્રુઆરીની રાત્રે એમ્બ્યુલન્સ એક દર્દીને લઈને હોસ્પિટલ પહોંચી હતી. જેને ડોક્ટરોએ મૃત જાહેર કર્યા હતા. પ્રથમ દ્રષ્ટિએ મામલો કાર્ડિયાક અરેસ્ટનો લાગી રહ્યો છે. જોકે, પોસ્ટમોર્ટમ ન થવાને કારણે મૃત્યુના ચોક્કસ કારણની પુષ્ટિ થઈ શકી નથી.

પોલીસે જણાવ્યું કે પ્રારંભિક તપાસમાં કાર્ડિયાક અરેસ્ટથી મૃત્યુની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. પરિવારજનોએ લેખિત સ્વરૂપમાં પોસ્ટમોર્ટમ ન કરાવવાની સંમતિ આપી, ત્યારબાદ મૃતદેહ તેમને સોંપી દેવામાં આવ્યો હતો.

# પાકિસ્તાની PM બોલ્યા- કાશ્મીર PAKનો હિસ્સો બનશે: કાશ્મીરીઓ સાથે મજબૂતીથી ઊભા છીએ, આ વિસ્તાર પાકિસ્તાનની લાઈફલાઈન છે

**ઈસ્લામાબાદ, તા.06**

પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે ગુરુવારે PoKમાં કાશ્મીરને લઈને ફરી એકવાર વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. મુઝફ્ફરાબાદમાં વિધાનસભાને સંબોધતા તેમણે કહ્યું કે, 'કાશ્મીર પાકિસ્તાનનો ભાગ બનશે.'

શાહબાઝ શરીફે કહ્યું કે પાકિસ્તાન કાશ્મીરીઓની સાથે મજબૂતીથી ઊભું છે અને જમ્મુ-કાશ્મીર વિવાદનો ઉકેલ કાશ્મીરના લોકોની ઈચ્છા મુજબ થવો જોઈએ. શાહબાઝે કહ્યું કે જમ્મુ-કાશ્મીર વિવાદનું સમાધાન સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)ના પ્રસ્તાવોને લાગુ કરવાથી જ થઈ શકે છે. તેમણે કહ્યું, 'હું પાકિસ્તાની લોકો અને પાકિસ્તાની નેતૃત્વ વતી કાશ્મીરના મારા ભાઈઓ સાથે એકતા દર્શાવવા આવ્યો છું.' તેમણે કહ્યું કે પાકિસ્તાનના સ્થાપક મોહમ્મદ અલી ઝીણાએ આ ક્ષેત્રને પાકિસ્તાનની લાઈફ લાઈન ગણાવ્યું હતું. શાહબાઝે એમ પણ કહ્યું કે પાકિસ્તાન ક્ષેત્રમાં શાંતિ ઈચ્છે છે, પરંતુ આ શાંતિ સમાનતા અને ન્યાયના આધારે જ શક્ય છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ 5 ફેબ્રુઆરીએ પાકિસ્તાનમાં કાશ્મીર એકતા દિવસ (કાશ્મીર સોલિડેરિટી ડે) મનાવવામાં આવ્યો.


આમાં રેલીઓ, પ્રદર્શનો અને સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્ટેટ રન રેડિયો પાકિસ્તાને જણાવ્યું કે સંઘર્ષમાં જીવ ગુમાવનારાઓની યાદમાં સવારે 10 વાગ્યે એક મિનિટનું મૌન પાળવામાં આવ્યું. લોકો બેનરો અને પ્લેકાર્ડ લઈને આવ્યા હતા.

ભારતે પાકિસ્તાનના દાવાઓને સતત નકારી કાઢ્યા છે. નવી દિલ્હીનું સ્પષ્ટ કહેવું છે કે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ ભારતના અભિન્ન અંગ હતા, છે અને હંમેશા રહેશે.

શહબાઝ શરીફે કહ્યું કે કાશ્મીરનો મુદ્દો પાકિસ્તાનની ફોરેન પોલિસીનો આધાર છે. શહબાઝે ભારત અને પાકિસ્તાન વચ્ચે મે 2025માં થયેલા ચાર દિવસીય સૈન્ય સંઘર્ષને પણ યાદ કર્યો. તેમણે દાવો કર્યો કે આ સંઘર્ષ પછી કાશ્મીર મુદ્દો ફરી એકવાર આંતરરાષ્ટ્રીય સ્તરે પૂરી તાકાત સાથે ઉઠાવવામાં આવ્યો છે.

તેમણે આરોપ લગાવ્યો કે ભારત હવે પ્રોક્સી દ્વારા આતંકવાદને પ્રોત્સાહન આપી રહ્યું છે. પાકિસ્તાન મિલિટન્ટ ગ્રુપ બલુચિસ્તાન લિબરેશન આર્મી (BLA)ને ભારતનું સમર્થન મળવાનો દાવો કરે છે, જ્યારે ભારત આવા આરોપોને હંમેશા નકારતું રહ્યું છે.

શાહબાઝે સભામાં કહ્યું કે



કાશ્મીરની લડાઈ પેલેસ્ટાઈન જેવી છે. તેમણે બંને મુદ્દાઓને ન્યાય અને આત્મનિર્ણયની લડાઈ ગણાવી. પાકિસ્તાની PMએ અલગતાવાદી અને ઉગ્રવાદી આંદોલનો સાથે સંકળાયેલા ઘણા લોકોનો પણ ઉલ્લેખ કર્યો.

પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ પણ એક નિવેદન જારી કરીને કાશ્મીરીઓ માટે પાકિસ્તાનના નૈતિક, રાજદ્વારી અને રાજકીય સમર્થનની વાત દોહરાવી. તેમણે કહ્યું કે પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય મંચો પર કાશ્મીર મુદ્દો ઉઠાવતો રહેશે.

શહબાઝ શરીફે સપ્ટેમ્બર 2025માં UNમાં ભારતને દુશ્મન ગણાવતા દાવો કર્યો હતો કે ભારત સાથેના સંઘર્ષમાં પાકિસ્તાનની જીત થઈ હતી. તેમણે કહ્યું કે પાકિસ્તાને સંઘર્ષ દરમિયાન ભારતના 7 વિમાન તોડી પાડ્યા હતા.

શહબાઝે કહ્યું કે તેમણે પહેલગામ હુમલાની નિષ્પક્ષ આંતરરાષ્ટ્રીય તપાસની અપીલ કરી હતી, પરંતુ ભારતે તે પ્રસ્તાવને ઠુકરાવી દીધો અને તે દુર્ઘટનાનો રાજકીય ફાયદો ઉઠાવ્યો. ભારતનું કટ્ટરપંથી હિંદુત્વ દુનિયા માટે એક ગંભીર ખતરો છે.

શરીફે કહ્યું કે તેઓ ગયા વર્ષે જ UNના મંચ પરથી ચેતવણી આપી ચૂક્યા હતા કે પાકિસ્તાન કોઈ બાહ્ય હુમલાને સહન કરશે નહીં. તેમણે કહ્યું કે તેમની ચેતવણી સાચી સાબિત થઈ. આ વર્ષે મે મહિનામાં કોઈ ઉશ્કેરણી વિના પાકિસ્તાન પર હુમલો થયો.

શહબાઝ શરીફે ઓક્ટોબર 2025માં સિંધુ જળ સંધિને સ્થગિત કરવા પર ભારતને ધમકી આપી હતી. શરીફે કહ્યું-

શરીફે કહ્યું કે જો ભારત પાકિસ્તાન તરફ વહેતું પાણી રોકવાનો પ્રયાસ કરશે તો તે સિંધુ જળ સંધિનું ઉલ્લંઘન હશે. તેમણે ધમકી આપતા કહ્યું કે તેનો જવાબ નિર્ણાયક રીતે આપવામાં આવશે.

પાકિસ્તાની પીએમએ આગળ કહ્યું કે પાણી પાકિસ્તાનની લાઈફલાઈન છે અને આંતરરાષ્ટ્રીય કરારો હેઠળ દેશના અધિકારો સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. 7 મે, 2025ના રોજ ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાનમાં હાજર 9 આતંકી ઠેકાણાં પર સચોટ સૈન્ય હુમલા કર્યા હતા. આ કાર્યવાહી જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલાના જવાબમાં કરવામાં આવી હતી, જેમાં 26 લોકોના જીવ ગયા હતા.


ભારતીય સેનાએ આ ઓપરેશનમાં સવાઈ નાલા, સરજાળ, મુરીદકે, કોટલી, કોટલી ગુલપુર, મેહમુના જોયા, ભિમ્બર અને બહાવલપુર જેવા આતંકી ઠેકાણાઓને નિશાન બનાવ્યા. આમાંથી મુરીદકે, આતંકી સંગઠન લશ્કર-એ-તૈયબાનું મુખ્યાલય પણ હતું. આ ઓપરેશનમાં 100થી વધુ આતંકીઓ માર્યા ગયા હોવાની પુષ્ટિ થઈ હતી.

# યુવતીઓને બળજબરીથી ગર્ભવતી કરાવી: જાતીય સંબંધો દરમિયાન મહિલાઓનું ગળું દબાવ્યું, મૃતદેહ ફાર્મ હાઉસમાં દફનાવ્યા

**ઈસ્તંબુલ, તા.06**

જેફ્રી એપસ્ટીન સાથે સંકળાયેલા કેસોમાં ફરી એકવાર ગંભીર અને ચોંકાવનારા આરોપો સામે આવ્યા છે. અમેરિકાના ન્યાય વિભાગે તાજેતરમાં નવી ફાઈલો જાહેર કરી, જેમાં સગીર છોકરીઓ અને મહિલાઓ સાથેની ક્રૂરતાનો ઘટસ્ફોટ થયો છે. એક ફાઈલ અનુસાર, બે વિદેશી મહિલાનાં મોત જાતીય સંબંધો દરમિયાન ગળું દબાવવાથી થયાં હતાં. બાદમાં એપસ્ટીનના એક કર્મચારીએ તેમને ન્યૂ મેક્સિકો સ્થિત ફાર્મ હાઉસ 'ઝોરો રેન્ચ'માં દફનાવી દીધા. આમાં એપસ્ટીનની નજીકની સહયોગી ગિસેલ મેક્સવેલ પણ સામેલ હતી. અન્ય એક ફાઈલ અનુસાર, એક સગીર છોકરીએ પોતાને 'હ્યુમન ઈન્ક્યુબેટર' તરીકે ઉપયોગમાં લેવાનો દાવો કર્યો છે. ઈ-મેલ અનુસાર, ઝોરો રેન્ચમાં છોકરીઓને લાંબા સમય સુધી બંધ રાખવામાં આવી હતી અને તેમને બળજબરીથી ગર્ભવતી કરવામાં આવી હતી. બાળકો પેદા કરવામાં આવ્યાં અને જન્મ પછી આ બાળકો ગાયબ થઈ ગયાં. એક મહિલાએ કથિત રીતે આત્મહત્યાનો પ્રયાસ પણ કર્યો હતો. નવી ફાઈલોમાં એ વાત પણ સામે આવી છે કે એપસ્ટીન સાથે સંકળાયેલા કેટલાક સોદા પરંપરાગત બેંકિંગ સિસ્ટમ્સને બદલે બિટકોઈન જેવાં ક્રિપ્ટોકરન્સી માધ્યમો દ્વારા કરવામાં આવતા હતા. આ મામલા સાથે જોડાયેલી તપાસ ફાઈલોમાં ન્યાય વિભાગ દ્વારા બેદરકારી સુધારવાના દાવાઓ છતાં ઘણા પીડિતાઓની માહિતી અને તસવીરો હજુ પણ સાર્વજનિક છે. આવી ફાઈલોમાં પીડિતાઓની ઓળખ કાળા નિશાન લગાવીને છુપાવવામાં આવે છે.

સગીર પીડિતાઓની તસવીરો અને ફોન નંબર પણ સામે આવી ગયાં. વિભાગે ભૂલ સ્વીકારી લીધી છે. ફાઈલોમાં એપસ્ટીન અને રેડિયો હોસ્ટ તથા લેખક બ્રાયન બિશપ વચ્ચે થયેલા ઈ-મેલ સંવાદનો પણ ઉલ્લેખ છે. આ ઈ-મેલ્સમાં બિશપે એક એવા રિસર્ચ પ્રોજેક્ટ માટે ફંડિંગ માગ્યું હતું, જેને તેમણે ક્લોનિંગની નજીક ગણાવ્યો હતો. એપસ્ટીને જવાબમાં રોકાણ માટે સંમતિ દર્શાવી હતી, પરંતુ પ્રોજેક્ટનો ચહેરો બનવાનો ઈનકાર કર્યો હતો. 30 જૂન 2014ના અન્ય એક ઈ-મેલમાં એક



અજાણી વ્યક્તિ દ્વારા એપસ્ટીનને કોઈને મારવાની પરવાનગી આપવા જેવી વાત લખવામાં આવી છે, જોકે ઈ-મેલમાં આ અંગે એપસ્ટીનનો જવાબ સ્પષ્ટ નથી.

જસ્ટિસ ડિપાર્ટમેન્ટ દ્વારા જાહેર કરવામાં આવેલા દસ્તાવેજો મુજબ, એપસ્ટીનની સાથી અને ગર્લફ્રેન્ડ ગિસ્લેન મેક્સવેલે 1994થી 1997 દરમિયાન અનેક સગીર છોકરીઓને યૌનશોષણ માટે લલચાવીને તૈયાર કરી હતી. મેક્સવેલે પીડિતાઓને અલગ-અલગ રીતે એપસ્ટીનની જાળમાં ફસાવ્યાં હતાં. સૌથી પહેલા તેણે કેટલીક સગીર છોકરીઓ સાથે મિત્રતા કરવાનો પ્રયાસ કર્યો, તેમના જીવન, શાળા અને પરિવાર વિશે પૂછ્યું. મેક્સવેલ અને એપસ્ટીન તેમને ફિલ્મ જોવા કે શોપિંગ માટે લઈ જતા હતા, ક્યારેક બંને સાથે તો ક્યારેક એકલા. આ રીતે તેઓ પીડિતાઓની નજીક આવતા હતા.

પીડિતો સાથે મિત્રતા કરીને મેક્સવેલ યૌનશોષણને સામાન્ય બનાવવાનો પ્રયાસ કરતી હતી. તેઓ જાતીય વિષયો પર વાત કરતાં, સગીર પીડિતાઓની સામે કપડાં ઉતારતા અથવા જ્યારે પીડિત નગ્ન હોય ત્યારે હાજર રહેતા. ઘણી વખત તેઓ એપસ્ટીન સાથે જાતીય પ્રવૃત્તિઓમાં પણ હાજર રહેતા હતા. મેક્સવેલ પીડિતોને એપસ્ટીનની માલિશ કરવા કહેતી. અનેક માલિશ દરમિયાન એપસ્ટીને પીડિતોનું યૌનશોષણ કર્યું હતું.

આ ઉપરાંત એપસ્ટીન કેટલીક પીડિતાઓને પૈસા ઓફર કરતો હતો અને મેક્સવેલ તેમને આ મદદ સ્વીકારવા માટે ઉશ્કેરતી હતી, જેના કારણે પીડિતાઓ દેવાદાર અનુભવતી અને તેમને લાગતું કે બંને તેની મદદ કરી રહ્યા છે.

જેફ્રી એપસ્ટીન સાથે જોડાયેલી તપાસની લાખો ફાઈલો જાહેર કરવામાં આવી છે. 30 જાન્યુઆરીએ જાહેર કરાયેલા આ ડેટામાં 30 લાખ પેજ, 1.80 લાખ ફોટા અને 2 હજાર વીડિયો સામેલ છે. આ દસ્તાવેજોમાં વિશ્વના અનેક અમીર અને શક્તિશાળી લોકોના નામ નોંધાયેલા છે.

આ ફાઈલોમાં જે લોકોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમાં ટેક અબજોપતિ ઈલોન મસ્ક, માઈક્રોસોફ્ટના સહ-સ્થાપક બિલ ગેટ્સ, અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, બ્રિટનના પ્રિન્સ એન્ડ્રુ, ઉદ્યોગપતિ રિચર્ડ બ્રેન્સન, સારા ફર્ગ્યુસન અને બ્રિટનના ભૂતપૂર્વ રાજદૂત પીટર મેન્ડેલસન પણ સામેલ છે.

જોકે, સરકારી એજન્સીઓએ સ્પષ્ટ કર્યું છે કે કોઈ દસ્તાવેજમાં નામ આવવાનો અર્થ એ નથી કે તે વ્યક્તિએ કોઈ ગુનો કર્યો હોય. દસ્તાવેજોમાં જેફ્રી એપસ્ટીન અને ઈલોન મસ્ક વચ્ચેની વાતચીતની વિગતો સામે આવી છે. નવેમ્બર 2012ના એક ઈમેલમાં મસ્કે લખ્યું હતું કે એપસ્ટીનના આઈલેન્ડ (ટાપુ) પર સૌથી 'વાઈલ્ડ પાર્ટી' કયા દિવસે હશે. ફાઈલોમાં કેટલાક ફોટા પણ સામેલ છે, જેમાં પ્રિન્સ એન્ડ્રુ એક મહિલા ઉપર ઝૂકેલા જોવા મળે છે.

## કેરળમાં સ્પા સેન્ટરમાં મહિલા પર ગેંગરેપ: આરોપીઓએ છરીની અણીએ ₹50 હજાર માંગ્યા

### ઈનકાર કરતા 6 યુવકોએ બળાત્કાર કર્યો, વીડિયો બનાવ્યો, 3ની ધરપકડ, ત્રણ ફરાર

**તિરુવનંતપુરમ, તા.06**

કેરળના તિરુવલ્લામાં એક મહિલા સાથે ગેંગરેપની ઘટના બની. પોલીસના જણાવ્યા અનુસાર 6 લોકોએ આ ઘટનાને અંજામ આપ્યો. આ ઘટના 1 ફેબ્રુઆરીની છે.

પોલીસે જણાવ્યું કે મુખ્ય આરોપી સુબિન 1 ફેબ્રુઆરીના રોજ તેના સાથીઓ સાથે વિસ્તારના એક વેલનેસ સ્પા સેન્ટર પહોંચ્યો હતો. છરી બતાવીને ધમકાવીને 50 હજાર રૂપિયાની માંગણી કરી.

મહિલાએ પૈસા આપવાનો ઈનકાર કર્યો. આ પછી સુબિન અને તેના સાથીઓ મહિલાને ખેંચીને બીજા રૂમમાં લઈ ગયા અને ગેંગરેપ કર્યો. વીડિયો પણ રેકોર્ડ કર્યો.

આરોપીઓએ ત્યાં હાજર એક ગ્રાહક સાથે પણ ગેરવર્તન કર્યું. આ ઉપરાંત, અન્ય એક સ્પા કર્મચારી પાસેથી 2500 છીનવી લીધા.

ઘટના અંગે પોલીસે જણાવ્યું કે મુખ્ય આરોપી સુબિન રીઢો



ગુનેગાર છે. તેના પર પહેલાથી જ ઘણા કેસ નોંધાયેલા છે. ગેંગરેપ કેસમાં અમે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. સુબિનની પણ ધરપકડ કરવામાં આવી છે. અન્ય ત્રણ આરોપીઓ ફરાર છે, તેમની શોધખોળ ચાલી રહી છે.

## તંત્રી લેખ

# આ બહેનો ખુદને ઇન્ડિયન નહીં પણ કોરીયન માનવા લાગી હતી અને પોતાને કોરીયન પ્રિન્સેસ ગણાવતી હતી

ઈન્ટરનેટ સાથે પ્રવેશેલાં કેટલાંક દૂષણોમાં ઓનલાઈન ગેમિંગનો પણ સમાવેશ થાય છે. હવે જ્યારે સ્માર્ટ ફોનમાં ફોર-જી અને ફાઈવ-જી સ્પીડ ઉપલબ્ધ થઈ ચૂકી છે ત્યારે ઓનલાઈન ગેમિંગના શોખીનો માટે મામલો વધારે આસાન થઈ ગયો છે. તેનું વ્યસન કેફી દ્રવ્યો જેવું હોય છે. એક સમયે વીડિયો ગેમ કે ઓનલાઈન ગેમ માણસનાં માનસિક કૌશલ્યો વધારનારી અથવા કમસે કેમ નિર્દોષ ટાઈમપાસ ગણાતી હતી, પણ ધીમે ધીમે ઓનલાઈન ગેમિંગે આઘાતજનક પરિમાણો ધારણ કરી લીધાં. એક સમયે બ્લ્યુ વ્હેલ ચેલેન્જ નામની ઓનલાઈન ગેમિંગ એક્ટિવિટીના પગલે આપઘાતના કેટલાય કિસ્સા બન્યા હતા. હવે હવે કોરીયન લવર્સ નામની ઓનલાઈન ગેમ વિવાદમાં આવી છે. ઉત્તરપ્રદેશના ગાઝિયાબાદમાં ત્રણ સગીર વયની બહેનો નિશિકા (૧૬), પ્રાચી (૧૪) અને પાંખી (૧૨)એ નવમા માળેથી એક પછી એક ઝંપલાવીને જીવન ટૂંકાવતા આઘાતની લાગણી ફેલાઈ છે. 'સોરી પપ્પા' લખીને આ ત્રણેય કન્યાઓએ જીવન ટૂંકાવતા અનેક શંકા ઊભી થઈ છે, પરંતુ આ દીકરીઓએ પપ્પાને સ્પષ્ટ લખ્યું છે કે અમે કોરિયન ગેમ છોડી શકીએ એમ નથી. કોરિયન ગેમ અમારી જીંદગી છે.

આ પ્રકારની ગેમ્સમાં અપાતી ટાસ્ક્સ ટીનેજર્સને જકડી રાખે છે, તેમનાં મન પર કબજો જમાવી દે છે. કેટલીક ટાસ્ક જોખમી હોય છે તો પણ ગેમ રમનારા ટાસ્ક પ્રમાણે કામ કરવા તૈયાર થઈ જાય છે. અહેવાલ અનુસાર, ત્રણ દીકરીઓનો ભોગ લેનાર કોરિઅન લવર્સ અથવા કોરીઅન લવ ગેમ નામની ઓનલાઈન ગેમમાં યુઝર પોતાના ડિજિટલ પ્રેમી સાથે ઈન્ટરેક્ટ કરી શકે છે. શરુઆતમાં મેસેજીસના આપલે થાય છે, પછી તસવીરોની આપલે થાય છે. ધીમે ધીમે ટાસ્ક વધુ તીવ્ર બનતી જાય છે. જેમ કે, અંધારામાં એકલા હોરર ફિલ્મ જોવાની ટાસ્ક આપવામાં આવે. આવી કુલ પચાસ ટાસ્ક્સ હોય છે, જેમાં છેલ્લી ટાસ્ક અથવા અંતિમ લેવલમાં યુઝરને પ્રેમ ખાતર પોતાનો જીવ આપી દેવાનો પડકાર આપવામાં આવે છે. સંભવત: ગાઝિયાબાદની કન્યાઓ આ સ્થિતિએ પહોંચી ચૂકી હતી. એક સાથે ત્રણ-ત્રણ બહેનોનો આપઘાત અરેરાટી ફેલાવે છે.

અમેરિકામાં બે તૃતિયાંશ જેટલાં ઘરોમાં ઓનલાઈન ગેમ રમાય છે. ૧૯૦ મિલિયન જેટલા પુખ્ત વયના અમેરિકનો ઓનલાઈન ગેમ રમે છે, પરંતુ તેઓ વ્યસની નથી. ટાઈમપાસ કરવો અને આ પ્રકારનું વળગણ હોવું તેમાં ઘણો ફર્ક છે. ઈન્ટરનેટ ગેમીંગ ડિસઓર્ડર પર અમેરિકન સાઈકિએટ્રિક અસોસિએશને સંશોધન કર્યું છે. તેના રિપોર્ટ અનુસાર આલ્કોહોલ, તમાકુ, અફીણ જેવાં સ્ટીમ્યુલન્ટની જેમ જ ઓનલાઈન ગેમનું વ્યસન શરૂ થાય છે. જેમ વ્યસન મુક્તિ કેન્દ્ર હોય છે એમ ઓનલાઈન ગેમમાંથી મુક્તિ માટેનાં કેન્દ્ર પણ હોવાં જોઈએ. ઓનલાઈન ગેમના ટ્રેપમાં ફસાયેલા ટીનેજર્સ અને યુવાનોને શોધવા એટલા મુશ્કેલ નથી, છતાંય તે દિશામાં પ્રયાસ થતા નથી. સાયબર અવેરનેસ માત્ર તરુણોમાં જ નહીં, પણ વાલીઓ સુધ્ધાંમાં ઊભી કરવાની જરૂર છે. સાયબર અવેરનેસમાં કેટલાક મુદ્દા તમામ વાલીઓને પણ સમજાવવા જોઈએ. જેમ કે વ્યક્તિ અચાનક અતડો બની જાય, કોઈની સાથે બહુ વાત ના કરે, પૂછાય એટલા પ્રશ્નના જ જવાબ આપે, ધૂની બની જાય, આઉટડોર ગેમમાં રસ લેવાનું બંધ કરે, ગમે ત્યારે સૂઈ જાય, જમવામાં બહુ ધ્યાન ના આપે, મિત્રો સાથે બહાર ફરવા ન જાય, એકલા રહેવાનું પસંદ કરે, કોઈનું ના માને ત્યારે વાલીઓએ સતર્ક થઈ જવું જોઈએ. ઓનલાઈન ગેમિંગના વ્યસનીઓ સમયાંતરે હતાશામાં સરકી જાય છે. ગાઝિયાબાદની ત્રણ બહેનોનો સામૂહિક આપઘાત ચિંતાનો વિષય છે. સમસ્યા વધારે વિરાટ એટલા માટે છે કે હવે તો સૌના હાથમાં સ્માર્ટફોન છે. તપાસકર્તા પોલીસ અધિકારીઓ જણાવે છે.

બલુચિસ્તાનમાં સોનું, તાબું, નેચરલગેસ વગેરેની વિશાળ ખાણ છે. તેમાંય સોનું અને તાંબું એટલા બધા ભરેલા છે કે જેની કોઈ કલ્પના નથી. કેટલીક ચીની કંપનીઓ આ વિસ્તારમાં હાઈવે પ્રોજેક્ટ બનાવીને તેનો લાભ ખાટવા માગે છે. બીજી તરફ અમેરિકાને પણ બલુચિસ્તાનમાં રહેલા રેર અર્થ મિરલ્સમાં રસ પડેલો છે. તેને મેળવવા માટે તે પણ ગમે તે હદે જવા તૈયાર છે : ૧૯૫૨માં ડેરા બુગતી ખાતે કુદરતી ગેસનો ખૂબ જ મોટો ભંડાર મળ્યો જેના દાયકાઓ સુધી પાકિસ્તાન લાભ લેતું રહ્યું. બલોચ લોકોનો આરોપ છે

# ચીન-USની પાવરગેમ : બલુચિસ્તાન પાક.ના હાથમાંથી છુટી રહ્યું છે

## બલુચિસ્તાનના ખજાના લુંટવા મથી રહેલા ચીન અને અમેરિકા પાસેથી પૈસા પાડવવાની પાકિસ્તાનની નીતિ જોખમ વધારશે



બલુચિસ્તાન પ્રાંતમાં પરિસ્થિતિ હવે કાબુ બહાર જઈ રહી છે. બલુચ લિબરેશન આર્મી (બીએલએ)એ 'ઓપરેશન હેરોફ ૨.૦'ની ઘોષણા કરી દીધી છે. તેનું પરિણામ એ આવ્યું છે કે, સમગ્ર પ્રાંત જ હવે યુદ્ધ ભૂમિ બની ગયો છે. છેલ્લા કેટલાક દિવસોમાં બલુચિસ્તાનનાં ૧૪ મોટાં શહેરોમાં ભીષણ હુમલા, ગોળીબારી, વિસ્ફોટ વચ્ચે પોલીસ મથકો સહિતના મહત્વા સ્થળો પર કબ્જા જમાવવાની ઘટનાઓ બની છે. પાકિસ્તાનના કાબુમાં રહેલા બુલચિસ્તાનના અનેક શહેરમાં ગૃહ-યુદ્ધની સ્થિતિ ઉભી થઈ ગઈ છે. સૌથી વધુ અસર તો પ્રાંતીય મુખ્ય-મથક ક્વેટામાં થઈ છે. શહેરમાં સતત ગોળીબારી અને બોમ્બ વિસ્ફોટો થઈ રહ્યા છે. આ હુમલામાં પાક.ના ૮૫થી વધુ સૈનિકો મર્યાનો બીએલએનો દાવો છે. જાણકારોના મતે હાલમાં બલુચિસ્તાનમાં રેલવે સેવાઓ અનિશ્ચિત કાળ સુધી બંધ રખાઈ છે. તે ઉપરાંત કેટલાય શહેરોમાં મોબાઈલ અને ઈન્ટરનેટ સેવાઓ બંધ કરાઈ છે. ક્વાન, મસુંગ, દાલબંદીત, ખારાત, તુમખ અને બુલેદામાં પણ તનાવ ચરમસીમાએ પહોંચ્યો છે.

હકિકત એવી છે કે, આ એક એવો પ્રાન્ત છે જે ભૂતકાળમાં પાકિસ્તાનના કબજે હેઠળ આવી ગયો હતો. હાલમાં તે પાકિસ્તાન પાસે રહેવા માગતો નથી અને બીજી તરફ ચીન અને અમેરિકા તેના ઉપર ભવિષ્ય રચવાના ડોળા રાખીને બેઠા છે. મૂળ મુદ્દે પાકિસ્તાનની સરકાર તેને સાચવી શકતી નથી અને હવે ચીન અને અમેરિકા તેને દબાવવા પડદા પાછળ બાથ ભીડી રહ્યા છે. બલોચ લોકોનું કહેવું છે કે, પાકિસ્તાન અમને લૂંટી રહ્યું છે અને તેના કારણે જ હવે વિરોધ અને વિદ્રોહ વધારે આકરો થઈ રહ્યો છે.

બલુચિસ્તાનની વાત કરીએ તો તે રાજસ્થાનથી થોડો મોટો વિસ્તાર છે. આમ તો તે પાકિસ્તાનનો સૌથી મોટો જમીની ભાગ છે. અહીંયા છેલ્લાં પાંચ દિવસથી ભયાનક હિંસા ચાલી રહી છે. બલુચ લિબરેશન આર્મીએ રાજ્યોમાં એક સાથે અનેક જગ્યાએ હુમલા કરેલા છે. બલુચિસ્તાનની વસતી ૧.૫ કરોડની આસપાસ છે. અહીંયા મોટાભાગનો વિસ્તાર પથ્થરોવાળો અને ખડકાળ છે. અહીંયા ઉબડખાબડ પર્વતો આવેલા અને તેમાં અનેક ખનીજો રહેલા છે. જાણકારોના મતે બલુચિસ્તાનમાં સોનું, તાબું, નેચરલગેસ વગેરેની વિશાળ ખાણ છે. તેમાંય સોનું અને તાંબું એટલા બધા ભરેલા છે કે જેની કોઈ કલ્પના નથી. કેટલીક ચીની કંપનીઓ આ વિસ્તારમાં હાઈવે પ્રોજેક્ટ બનાવીને તેનો લાભ ખાટવા માગે છે.

બીજી તરફ અમેરિકાને પણ બલુચિસ્તાનમાં રહેલા રેર અર્થ મિરલ્સમાં રસ પડેલો છે. તેને મેળવવા માટે તે પણ ગમે તે હદે જવા તૈયાર છે. મૂળ વાત એવી છે કે, ચીન અને અમેરિકાની પાવરગેમમાં હવે બલુચિસ્તાન ફસાયું છે અને પાકિસ્તાનના હાથમાંથી સરકી રહ્યું હોય તેમ લાગે છે.

જાણકારો માને છે કે, હાલમાં બલુચિસ્તાનમાં ખૂબ જ વિસ્ફોટક સ્થિતિ છે. અહીંયાનું જિયોપોલિટિક્સ સૌથી વધારે વિચિત્ર છે. પાકિસ્તાન આ પ્રદેશ ઉપર કબજો ધરાવે છે અને તેને દબાવવા પ્રયાસ કરી રહ્યું છે. બીજી તરફ ચીનની નજર ગ્વાદર બંદર અને બલુચિસ્તાનમાં આવેલી સોના, તાંબુ અને અન્ય રેર અર્થ મિનરલ્સની ખાણ ઉપર છે. ચીન અહીંયા વિવિધ રોડ પ્રોજેક્ટ બનાવીને પાકિસ્તાનને પોતાના દેવા હેઠળ લાવવા માગે છે જેથી આ વિસ્તારો ઉપર તેનો કબજો આવી જાય અને પડદા પાછળથી તે આ ખનીજો લઈ જઈ શકે. બીજી તરફ અમેરિકા ઈચ્છે છે કે, આ વિસ્તાર ઉપર ચીનનો એકાધિકાર ન થવો જોઈએ. અહીંયા રહેલા કિમતી ખનીજો અમેરિકા પાસે પણ આવવા જોઈએ. તે પાકિસ્તાન ઉપર દબાણ વધારી રહ્યું છે. ત્રીજી તરફ ખંધુ પાકિસ્તાન પોતાનું રાજકારણ રમી રહ્યું છે. તે બલુચિસ્તાનને દબાવી રહ્યું છે અને બીજી તરફ ચીન તથા અમેરિકા પાસેથી તગડી રકમ મળતી રહે તે પ્રમાણે બંનેને વાયદા કરી રહ્યું છે.

બલુચિસ્તાનમાં એક વિવાદ સુઈ ગેસનો છે. અહીંયા ૧૯૫૨માં ડેરા બુગતી ખાતે ખૂબ જ મોટો કુદરતી ગેસનો ભંડાર મળ્યો હતો. આ ગેસ દ્વારા દાયકાઓ સુધી લાહોર અને કરાચીની ફેક્ટરીઓ અને ત્યાંના પોશ વિસ્તારોમાં તેના થકી વીજળી પૂરી પાડવામાં આવી છે.

બીજી તરફ બલુચિસ્તાનમાં જ્યાંથી આ ગેસ નીકળે છે તેની આસપાસના ગામોમાં થોડા દાયકા પહેલાં જ ગેસલાઈન પહોંચી છે. બલોચ લોકોનો દાવો છે કે, અમારા ચુલા ઠંડા રહ્યા અને આખી દુનિયા આ ગેસ થકી પોતાના રોટલા શેકતી રહી. બીજી તરફ રેડો ડિક મુદ્દે પણ બાબલ છે. આ વિસ્તાર દુનિયાના સૌથી મોટા ખજાનાઓમાં સ્થાન ધરાવે છે.

અહીંયા સોના અને તાંબાના પહાડ આવેલા હોવાની વાત છે. અહીંયા અંદાજે ૬ અબજ ટન સોનું અને તાંબુ દબાયેલું હોવાનું કહેવાય છે. અમેરિકાને તેમાં સૌથી વધારે રસ છે. હાલમાં કેનેડાની કંપની અહીંયા ખાણ કામ કરી રહી છે. હવે અમેરિકા ત્યાંના રેર અર્થ મિનરલ્સ ઉપર નજર રાખીને બેઠું છે.

આ સિવાય સેંદાકના ખજાનાનો પણ વિવાદ છે. અહીંયા પણ તાંબું અને ચાંદી મોટા પ્રમાણમાં છે. જો કે અહીંયા ચીની કંપનીઓ પહેલેથી જ ઘુસેલી છે. તેઓ અહીંયા ઘણા સમયથી ખાણકામ કરી રહી છે અને ખજાનો કાઢીને સીધો જ ચીન મોકલાવી રહી છે. બલોચ લોકોને તેનાથી સૌથી મોટો વાંધો છે. તેઓ જણાવે છે કે, અમારા કુદરતી સંશાધનોની ઉઘાડી લૂંટ ચાલી રહી છે. અમારા દેશમાંથી ખાણ-ખનિજ ખાલી થઈ રહ્યા છે. બીજી તરફ ચીની કંપનીઓ અમને રોજગાર પણ આપતી નથી. તેઓ ફાયદામાંથી થોડીઘણી રકમ અહીંયા ડેવલપમેન્ટ પાછળ પણ વાપરતી નથી.

બીજી વાત એવી પણ છે કે, પાકિસ્તાનમાં વપરાતા કોલસામાંથી લગભગ અડધો કોલસો અને ઉચ્ચ ગણવત્તા ધરાવતા માર્બલ સ્ટોન પણ બલુચિસ્તાનથી જ જાય છે. ચિંતાજનક વાત એ છે કે, કોલસા અને માર્બલ જે વિસ્તારોમાંથી નીકળે છે ત્યાંના લોકો પાસે રોજગારી નથી અને જીવન જીવવાના પણ સાંસા છે.

બલુચિસ્તાનમાં મોટો વિવાદ ગ્વાદર પોર્ટનો પણ છે. બલુચિસ્તાનના કિનારે આવેલું ગ્વાદર પોર્ટ ચીન દ્વારા વિકસાવવામાં આવેલું છે. હવે આ પોર્ટ દ્વારા તે દુનિયાભરમાં પોતાનો માલ-સામાન મોકલાવી શકે છે. બીજી તરફ સીપેક યોજના દ્વારા બલુચિસ્તાનને સીધું જ ચીન સાથે જોડી રહ્યું છે. તેના કારણે માલ સામાન લાવવા અને લઈ જવાની કોઈ સમસ્યા જ નહીં થાય. આ પ્રોજેક્ટની સૌથી મોટી સમસ્યા એ છે કે, આ હાઈવે પ્રોજેક્ટનો એક ભાગ પાકિસ્તાન દ્વારા પચાવી પાડેલા કાશ્મીર એટલે કે પીઓકેમાંથી નીકળે છે. આ જગ્યા ભારતની છે. તેના કારણે ભારત આ પ્રોજેક્ટનો વિરોધ કરે છે. બીજી તરફ અમેરિકાને ચિંતા છે કે, એક વખત ચીન દ્વારા ગ્વાદર ખાતે સ્થિતિ મજબૂત કરી લેવામાં આવશે તો ત્યાં પોતાના નૌકાદળને લાવી દેશે. એક વખત ચીનનું નેવલ આર્મી ગ્વાદર પોર્ટ ઉપર આવી જશે તો હિંદ મહાસાગર ઉપર કબજો કરી લેશે અને સ્થિતિ વધારે કાબુ બહાર જતી રહેશે.

ઉલ્લેખનીય છે કે, બલોચ લિબરેશન આર્મીના લડવૈયાઓને પાકિસ્તાન આર્મીના જવાનો ઉપરાંત ચીની પ્રોજેક્ટ સામે પણ સખત વાંધો છે. તેઓ ચીની પ્રોજેક્ટથી સખત નારાજ ચાલી રહ્યા છે. બલોચની સ્થિતિ ખૂબ જ વિચિત્ર છે.

અહીંયા તેમના પોતાના મુખ્યમંત્રી છે, તેમન પોતાની વિધાનસભા છે છતાં સ્થિતિ તેમના કાબુમાં નથી. અહીંયા પાકિસ્તાની રાજકારણ ઉપરાંત પાકિસ્તાની સેનાનો કાબુ વધારે છે. બલુચિસ્તાનનું સમગ્ર મંત્રાલય અને સીએમ પોતે પણ પાકિસ્તાની સેનાના કાબુમાં છે. જે નેતાઓ સેનાની વાત માનતા નથી તેમને પાકિસ્તાન દ્વારા સત્તાથી દૂર કરી દેવાય છે. તેના કારણે બલોચ લોકોની વાત રજૂ કરી શકે કે તેમની પીડાનું સમાધાન લાવી શકે તેવો કોઈ નેતા સત્તામાં આવતો નથી અથવા તો ટકતો પણ નથી. તેના કારણે વિદ્રોહની સ્થિતિ ઊભી થઈ છે. અહીંયા હાલમાં બલુચિસ્તાન લિબરેશન આર્મી સૌથી વધારે સક્રિય છે. તે પાકિસ્તાન પાસેથી બલુચિસ્તાનની સમગ્ર આઝાદીની માગ કરી રહ્યું છે. તેની આત્મઘાતી લડવૈયાઓની સેનાએ પાકિસ્તાનની સ્થિતિ ખરાબ કરી રાખી છે. તેની આ મજિદ બ્રિગેડ હાલમાં પણ જે હિંસા ચાલી રહી છે તેમાં એક્ટિવ છે.

આ સિવાય બલુચ લિબરેશન ફ્રન્ટ નામનું સંગઠન ચાલે છે. જે યુવાનોમાં ખૂબ જ જાણીતું છે. બલુચિસ્તાનના કિનારાના વિસ્તારોમાં તે સક્રિય રીતે કામ કરે છે. આ ઉપરાંત બુગતી જનજાતી દ્વારા બનાવવામાં આવેલી બલુચ રિપબ્લિકન આર્મી પણ બલુચિસ્તાનને મુક્ત કરાવવા સંઘર્ષરત છે. બલુચ નેશનલિસ્ટ આર્મી નાના-નાના જૂથનું બનેલું એવું સૈન્ય છે જે શહેરોના વિવિધ વિસ્તારોમાં ફેલાયેલું છે અને ત્યાં હુમલા કરે છે. આ સિવાય બીએલએ, બીએલએફ અને બીઆરએ જેવા સંગઠનોનું એક સંયુક્ત સંગઠન છે જે શહેરી વિસ્તારોમાં આક્રમણ કરતું રહે છે. તે શહેરી વિસ્તારોમાં પોતાનું ગઠબંધન કરીને પાકિસ્તાનને હંફાવે છે. ઉલ્લેખનીય છે કે, ૧૯૪૭માં ભારત આઝાદ થયો ત્યારે બલુચ સલ્તનતના વડા મીર અહમદ યાર ખાને પોતાના પ્રદેશને અલગ રાખવાની જાહેરાત કરી હતી. ભારતે તેને સમર્થન આપ્યું હતું પણ ૧૯૪૮માં પાકિસ્તાને તેના ઉપર હુમલો કરીને આ પ્રદેશ પડાવી લીધો. ત્યારથી આ પ્રદેશને મુક્ત કરવાનો સંઘર્ષ ચાલે છે. હવે આ સંઘર્ષ માત્ર એક દેશ કે પ્રદેશ પૂરતો નથી પણ હવે વ્યાપક જિયોપોલિટિક્સ ચાલી રહ્યું છે. ચીન અને અમેરિકા બાથ ભીડી રહ્યા છે ત્યાં પાકિસ્તાન બંનેનો લાભ લેવામાં બલુચિસ્તાન ઉપરની પકડ ગુમાવી રહ્યું છે.

# 'સંસદમાં કોંગ્રેસના આક્રમક રવૈયાથી ભાજપ આઘાતમાં'





બજેટ સત્રના ૭માં દિવસે લોકસભામાં રાષ્ટ્રપતિના ભાષણ પર આભાર વ્યક્ત કરવાનો પ્રસ્તાવ પસાર થઈ ગયો. ૨૦૦૪ પછી પહેલી વખત આ પ્રસ્તાવ વડાપ્રધાનના ભાષણ વગર થયો છે. ૨૦૦૪ની ૧૦મી જુને તે વખતના વિરોધ પક્ષે તત્કાલીન વડાપ્રધાન મનમોહનસિંહને આભાર પ્રસ્તાવ પર બોલવા દીધા નહોતા. હવે વારો કોંગ્રેસનો છે. ગૃહમાંથી સસ્પેન્ડ થયેલા કોંગ્રેસના સાંસદ મણીકમ ટાગોરએ કહ્યું છે કે જ્યાં સુધી સંસદમાં રાહુલ ગાંધીને બોલવા દેવામાં આવશે નહીં ત્યાં સુધી અમે વડાપ્રધાનને પણ બોલવા નહીં દઈએ. લોકસભા શરૂ થતાની સાથે જ વિરોધ પક્ષના સાંસદોએ સૂત્રો પોકાર્યા હતા. સ્પીકરે પહેલી વખત ૬૫ સેંકડની અંદર બીજી વખત ૫ મીનીટની અંદર અને ત્રીજી વખત ૨ મીનીટની અંદર કાર્યવાહી સ્થગીત કરી હતી. જે રીતે કોંગ્રેસ આક્રમકતાથી ગૃહમાં સત્તાધારી પક્ષને દબાવી રહી છે એ જોતા બજેટ સેશનમાં સત્તાધારી પક્ષ માટે કોંગ્રેસ ઉપર કંટ્રોલ કરવો અઘરો છે.

વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી અને કેન્દ્ર સરકારના મંત્રી રવનીત સિંહ બીટ્ટુ વચ્ચે બોલાચાલી થઈ હતી. આ વિવાદ ખૂબ ચગ્યો હતો. હવે સંસદના સત્ર દરમિયાન ફરીથી રાહુલ ગાંધી અને બીટ્ટુ સામસામે થઈ ગયા હતા. બંને સાથે મકરદ્વાર નજીક દેખાયા હતા. સંયોગવસાત બંનેએ લીલા કલરના કપડા પહેર્યા હતા. આ બાબતે બીટ્ટુએ કોંગ્રેસને ટોણો માર્યો હતો. થોડા દિવસો પહેલા રાહુલ ગાંધીએ રવનીત બીટ્ટુને મજાકમાં ગદ્દાર કહ્યા હતા અને સામે બીટ્ટુએ દેશના દુશ્મન ગણાવ્યા હતા. રાહુલ ગાંધી અને રવનીત સિંહ બંને એક જ ફ્રેમમાં દેખાયા હતા ત્યારે રાહુલ ગાંધીએ પહેરેલા લીલા રંગના સ્વેટર અને બીટ્ટુએ પહેરેલી લીલા રંગની પાઘડી વિશે બીટ્ટુએ કહ્યું હતું કે, આ રંગ ભાજપ માટે હર્યોભર્યો છે જ્યારે કોંગ્રેસ માટે સુકાઈ ગયેલો છે. જોકે આ વખતે રાહુલ ગાંધીએ કોઈ વળતો જવાબ આપ્યો નહોતો અને મો ફેરવી લીધું હતું.

સુપ્રિમ કોર્ટે પશ્ચિમ બંગાળ સરકારને આદેશ આપ્યો છે કે, પોતાના કર્મચારીઓને ૨૦૦૯થી ૨૦૧૯ સુધીનું મોંઘવારી ભથ્થુ આપી દે. જસ્ટીસ સંજય કરોલ અને પી કે મીશ્રાની બેન્ચે મોંઘવારી ભથ્થાને કર્મચારીઓનો મૂળભૂત અધિકાર ગણાવ્યો હતો. કોર્ટના કહેવા પ્રમાણે રાજકીય નાણા ક્ષમતા ગમે તે હોય, રાજ્ય સરકાર મોંઘવારી ભથ્થુ આપવાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. કોર્ટે આ પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે ભૂતપૂર્વ જસ્ટીસ ઈન્દુ મલ્હોત્રાની અધ્યક્ષતામાં એક વિશેષ કમિટી પણ બનાવી છે. કોર્ટના હુકમ પ્રમાણે રાજ્ય સરકારે ૬ઠ્ઠી માર્ચ સુધીમાં બાકી રકમનો ૨૫ ટકા હિસ્સો ચૂકવી દેવા કહ્યું છે. કલકત્તા હાઈકોર્ટે પણ કર્મચારીની તરફેણમાં ચૂકાદો આપ્યો હતો જેને રાજ્ય સરકારે સુપ્રિમ કોર્ટમાં ચેલેન્જ કર્યો હતો. સુપ્રિમ કોર્ટની બેન્ચે કહ્યું હતું કે મોંઘવારી ભથ્થુ કોઈ સ્થિર વસ્તુ નથી, પરંતુ બદલાતું રહે છે.

બે વર્ષમાં બાંગ્લાદેશમાં બીજી વખત સરકાર ચૂંટવાની તૈયારી થઈ રહી છે. ૨૦૨૪માં થયેલા બળવા પછી બાંગ્લાદેશમાં શેખ હસીનાની સરકાર ઘરભેગી થઈ હતી. ૧૨મી ફેબ્રુઆરીએ લગભગ ૧૩ કરોડ મતદારો રાષ્ટ્રીય ચૂંટણી માટે મતદાન કરશે. આ ચૂંટણી ફક્ત બાંગ્લાદેશ માટે નહીં, પરંતુ દક્ષિણ એશિયા માટે પણ મહત્વની છે. બાંગ્લાદેશના રાજકારણમાં બે મુખ્ય પક્ષો અવામી લીગ અને બાંગ્લાદેશ નેશનલીસ્ટ પાર્ટીનું મહત્વ રહ્યું છે. અવામી લીગની ગેરહાજરીમાં જમાત-એ-ઈસ્લામી ચૂંટણીમાં મહત્વનો ભાગ ભજવશે. દક્ષિણ એશિયાના દેશોમાં રાજકારણ ધર્મ સાથે જોડાયેલું છે. બાંગ્લાદેશ ચૂંટણીના પરિણામને કારણે કેટલાક દેશોમાં માઈગ્રેશન અને સરહદની સુરક્ષા પર મોટી અસર થશે. સરકાર કોની બનશે એના આધારે ભારત અને પાકિસ્તાન સાથેના દ્વિપક્ષીય સંબંધો બદલાઈ શકે છે.

કર્ણાટકની કોર્ટોમાં આજકાલ એક ચિંતાજનક ટ્રેન્ડ ચાલી રહ્યો છે. ફરિયાદીઓ દ્વારા પોતાના વિરોધીઓનું પ્રતિનિધિત્વ કરતા વકીલો સામે એફઆઈઆર નોંધાવવાનું પ્રમાણ વધી ગયું છે. વકીલાતના વ્યવસાય પર આની ખરાબ અસર થઈ રહી છે. કર્ણાટક હાઈકોર્ટ એક વકીલની અરજી પર સુનાવણી કરી રહી હતી જેમાં એણે એક એફઆઈઆરને ચેલેન્જ કરી હતી. એક કેસ લડવાને કારણે વકીલને આરોપી બનાવવામાં આવ્યા હતા. એમના પર બીએનએસની કલમ ૬૯ (દગો કરીને યૌન સંબંધ બાંધવો વગેરે) હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. અરજી કરનારના વકીલે કોર્ટને જણાવ્યું હતું કે, અરજી કરનાર સામે એક મામુલી આરોપ છે કે ફરિયાદી સાથે જોડાયેલા બીજા એક કેસમાં એણે વકીલ પત્ર દાખલ કર્યું હતું. જસ્ટીસ એમ નાગપ્રસન્નાએ પોતાના હુકમમાં કહ્યું હતું કે, ફરિયાદીના વકીલો સામે વધી રહેલી એફઆઈઆરનો આ એક વધુ કિસ્સો છે.

વિમાન અકસ્માતમાં અજીત પવારના મૃત્યુથી બધા ચોંકી ગયા છે. ૨૮મી જાન્યુઆરીએ બારામતી ખાતે થયેલા અકસ્માતમાં અજીત પવાર સહીત પાંચ લોકોના મૃત્યુ થયા હતા. હવે આ બાબતે બીજી એક વાત પણ બહાર આવી છે. ભૂતપૂર્વ મંત્રી અને રાષ્ટ્રીય સમાજ પક્ષના પ્રમુખ મહાદેવ જાનકરએ દાવો કર્યો છે કે, તેઓ એ જ દીવસે અજીત પવાર સાથે એજ વિમાનમાં બેસીને બારામતી જવાના હતા. અકસ્માતના થોડા દિવસો પહેલા એમની વાત અજીત પવાર સાથે થઈ હતી. પવારે એમને મુંબઈથી બારામતી એમની સાથે વિમાનમાં આવવાનું કહ્યું હતું. બંને એક જ ચાર્ટર્ડ વિમાનમાં મુસાફરી કરવાના હતા. જાનકરે કહ્યું હતું કે, 'હું સમયસર મુંબઈ પહોંચી શક્યો નહોતો. મોડુ થવાને કારણે હું અજીત પવાર સાથે સવારની ફ્લાઈટમાં જઈ શક્યો નહોતો.' મહાદેવ જાનકર ધનગર (ગડરીયા) સંપ્રદાયના મોટા નેતા છે.

મહારાષ્ટ્રના પૂણેમાં થયેલા જમીન કૌભાંડની તપાસ વિકાસ ખડગેના નેતૃત્વમાં થઈ રહી છે. કમિટિએ અત્યાર સુધીમાં સરકારને રીપોર્ટ સોંપ્યો નથી. મહારાષ્ટ્રના મહેસૂલ મંત્રી ચંદ્રશેખર બાવનકુલેએ સ્વ. અજીત પવારના પુત્ર પાર્થ પવારની ફેવર કરી હોવાના સવાલમાં કહ્યું હતું કે રીપોર્ટ આવતા પહેલા કોઈને ક્લીનચીટ આપવાનો સવાલ જ નથી. પૂણેના પોશ વિસ્તાર મૂડવામાં ૪૦ એકર જમીન ૩૦૦ કરોડ રૂપિયામાં અમાડીયા એન્ટરપ્રાઈઝીસ એલએલપીને વેચવામાં આવી હતી. પાર્થ પવાર એમાં ભાગીદાર હતા. જ્યારે ખબર પડી હતી કે આ પ્લોટ તો સરકારનો છે અને એ વેચી શકાય નહીં ત્યારે મોટો વિવાદ થયો હતો. આક્ષેપ છે કે, કંપનીને ૨૧ કરોડ રૂપિયાની સ્ટેમ્પ ડયૂટી ભરવામાંથી પણ છૂટ આપવામાં આવી હતી. બાવનકુલેના કહેવા પ્રમાણે કમીટીએ તપાસ રીપોર્ટ જમા કરાવવા માટે વધુ ૮ દિવસનો સમય માંગ્યો છે. આ રીપોર્ટ મહારાષ્ટ્રના ભવિષ્યના રાજકારણ પર ઊંડો પ્રભાવ પાડી શકે એમ છે.

# ખરાબ પરિસ્થિતિમાંથી પસાર થયેલો વ્યક્તિ ક્યારેય કોઇનું ખરાબ ઈચ્છવાની ભુલ કરતો જ નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે ચિંતનાત્મક લેખમાં આપણે જોઈએ તો એકવાર, મહાત્મા બુદ્ધ જંગલમાં એક નદીના કિનારે ધ્યાન કરી રહ્યા હતા. તે જ નદીની નજીક એક ગુરુકુળ હતું, જ્યાં એક ઋષિ પોતાના શિષ્યોને ઉપદેશ આપી રહ્યા હતા. સંયોગથી,ઋષિની નજર બુદ્ધ પર પડી અને તેઓ તેમની પાસે આવ્યા.બુદ્ધની હાજરી જોઈને,ઋષિએ નમ્રતા પૂર્વક પૂછ્યું,'ગુરુદેવ,શું પ્રાર્થના અને પ્રાર્થનાથી કંઈપ્રાપ્ત થાયછે?

બુદ્ધે હસીને કહ્યું,'પહેલા મારા પ્રશ્નનો જવાબ આપો.જો કોઈ આ નદી પાર કરવા માંગે છે,તો તેમણે શું કરવું જોઈએ?' ઋષિ એ જવાબ આપ્યો,'જો તેઓ તરવાનું જાણે છે,તો તેઓ તરીને પાર કરી શકે છે.જો હોડી ઉપલ બ્ધ હોય,તો તેઓ હોડી દ્વારા જઈ શકે છે.અને જો પાણીનું સ્તર ઓછું હોય,તો તેઓ પગ પાળા પાર કરી શકે છે.'બુદ્ધે ફરી થી પૂછ્યું,'જો તેઓ આ ત્રણ પદ્ધતિઓનો પ્રયાસ ન કરે તો શું?'હવે ઋષિ એકક્ષણ માટે મૌન રહ્યા.પછી,સત્ય સમજાતાની સાથે જ તે તરત જ બુદ્ધના પગ પર પડી ગયો અને કહ્યું, 'ગુરુજી, તમે જે કહ્યું તેનો સાર હું સમજી ગયો!ફક્ત પ્રાર્થના અને પ્રાર્થનાથી કંઈ પ્રાપ્ત થશે નહીં જ્યાં સુધી વ્યક્તિ પોતાની મેળે કાર્ય ન કરે.'

બુદ્ધે ફક્ત કહ્યું, 'તમે સાચા છો. જો કોઈ વ્યક્તિ નદીના કિનારે ઊભો રહે અને દિવસ-રાતપ્રાર્થના કરે,તો શું તે તેને પાર કરી શકેછે? ના!'જ્યાં સુધી કોઈ તરવાનો પ્રયાસ ન કરે કે હોડીનો ઉપયોગ ન કરે,ત્યાં સુધી કોઈ પાર કરી શકતું નથી.તેવી જ રીતે, ફક્ત પ્રાર્થના કે નસીબથી કંઈ પ્રાપ્ત થઈ શકતું નથી. ક્રિયા એ સાચું માધ્યમ છે જે આપણને સફળતા અપાવે છે.'ગર્ગાચાર્યે ખીરમાં તુલસી દળ અર્પણ કર્યું અને પ્રાર્થના કરી,પ્રભુ તારું છે અને તને અર્પણ કરે છે. કૃપા કરી સ્વીકારો!હે નારાયણ,હે લક્ષ્મી પતિ જલદી પધારો!આ સાંભળી શ્રીકૃષ્ણ કહે,જવું પડશે શું થાય?બોલાવે છે એટલે ના કેમ કહેવાય? તેમણે યોગમાયાને હુકમ કર્યો કે, માની આંખમાં જો!યશોદાની આંખ મળી છે.કનૈયો દોડતો દોડતો આવે છે અને ખીર આરોગવા લાગે છે.ગર્ગાચાર્ય કહે છે,અરે!આ વૈશ્ય નો છોકરો ફરી થી આવ્યો!હવે કનૈયાને થયું કે, મહારાજને ક્યાં સુધી ભ્રમમાં રાખું?તરત ચતુર્ભુજ સ્વરૂપે એ પ્રગટ થયા.ગર્ગાચાર્યના આનંદનો પાર ન રહ્યો.કનૈયાનું સ્વરૂપ જોઈ તેમને કનૈયાને ગોદમાં લેવાનું મન થયું,ત્યાં તો કનૈયો દોડીને એમની ગોદ માં બેસી ગયો. કનૈયો કહે છે, મહારાજ!હવે તમે જમો! ગર્ગાચાર્ય કહે, મારા ઈષ્ટદેવ મને મુખમાં કોળિયો આપે પછી જમું. કનૈયો એમને મુખમાં કોળિયો આપે છે.ગર્ગાચાર્ય વિચારે છે, આજે મારું જીવન સફળ થયું!

આ બાજુ યશોદા જાગ્યાં. જુએ તો લાલો ગોદમાં ન મળે.ક્યાં ગયો ક્યાં ગયો?ઓહ,કનૈયો તો ગર્ગા ચાર્યની ગોદમાં બેઠેલોછે.ફરી પાછી એણે ખીર અભડાવીકે શું?

ગર્ગાચાર્ય કહે છે,મા,તેં બહુ પુણ્ય કર્યું છે.મારા નારાયણ પુત્રરૂપે તારે ત્યાં આવ્યા છે.કનૈયો વિચારે છેકે યશોદાજીના મનમાં આ વાતઠસી જશે તો મને લાડ કરશે નહીં હું તો પ્રેમનું દાન કરવા અને પ્રેમ રસનું પાન કરવા ગોકુળમાંઆવ્યો છું. એટલે યશોદાને ખરા સ્વરૂપનું જ્ઞાન ન થાય તે માટે કનૈયાએ વૈષ્ણવી માયાને આજ્ઞા કરી.આદિ માયા તે રાધિકાજીનું સ્વરૂપ છે.તે શ્રીકૃષ્ણ ને ઉત્પન્ન કરે છે.માયાના ત્રણ પ્રકારો વૈષ્ણવો બતાવે છેઃ ૧.સ્વમોહિકા ૨. સ્વજનમોહિકા, ઐશ્વર્યનું જ્ઞાન થાય એટલા માટે, ૩. વિમુખજન મોહિકા.જે આપણ ને સર્વને ફસાવે છે અને જે ઈશ્વર ના સ્વરૂપને ભૂલાવી ઈશ્વરથી વિમુખ કરે છે તે વિમુખ જનમો હિકા.

બાલકૃષ્ણ ધીરે ધીરે મોટા થાય છે બાળકો રમવા ટોળે વળે છે.તેમાં મધુમંગળ વગેરે કેટલાકગોવાળના છોકરા શરીરે દુર્બળ છે કનૈયો એને તગડા થવાનું કહે છે,ત્યારે છોકરો કહે છે કે,માખણ ખાવા મળે તો તગડા થવાય.અમે ગરીબ છીએ.માખણ ક્યાંથી લાવીએ? અને ઘરમાં જે માખણ થાય છે તે તો કંસને દઈ દેવું પડે છે!બધું માખણ કંસને કરરૂપે આપવું.કંસ ની બીકે વ્રજવાસીઓ બાળકોને માખણ ન ખવડાવે અને કંસને આપે.કંસ આ માખણ પોતાના પહેલવાનોને ખવડાવતો.કનૈયો કહે છે,હું માખણ મથુરા નહીં જવા દઉં!હું તમને રોજ માખણ ખવડાવીશ!મિત્રો કહે, તું રોજ માખણ ક્યાંથી લાવશે?કનૈયો કહે,જેને ઘરે માખણ છે એના ઘરમાંથી!મિત્રો પૂછે છે,તે શું તું ચોરી કરશે?

કનૈયો કહે,ચોરી જ તો! આપણે બધા જ કરશું!કોઈની મગદૂર નથી કે આપણને પડે!આપણને રોકે!માખણ ખાવામાં વળી મનાઈ કેવી!

નટખટ કનૈયાની આ ચતુરાઈભરી દલીલો છે. ભગવાનને પ્રાર્થના કરો કે,હવે દ્વાપરયુગમાં ફરીજન્મ લો ત્યારેમને ગોકુળમાંગોપબાળક બનાવજો કે, તમારી સાથે ચોરી કરી માખણ ખાવાનો મને લહાવો મળે! શરીર સાથે રમનારો પાપ કરે છે,પણ જે ઈશ્વર સાથે રમે છે જે ઈશ્વર સાથે પ્રેમ કરે છે,એના હાથે પાપ થતું નથી,કારણ કે તેની જવાબ દારી ઈશ્વર ઉપર છે.

શંકરાચાર્યે શાંકરભાષ્યમાં કહ્યું છે કે, પરમાત્માનો સાક્ષાત્કાર થયો છે તેવા જ્ઞાનીને હાથે પાપ થતું નથીઅને કદાચ થાય તો તેનો દોષ તેના માથે જતો નથી. પરમાત્માનો સાક્ષાત્કાર જેને થયો નથી તેવા અજ્ઞાન જીવ માટે શાસ્ત્ર છે.ચોરી કરવી નહીં એવી આજ્ઞા શાસ્ત્રે કરી છે,પણ પરમા ત્મા જેને અપનાવે તેને તો આખું જગત તેનું છે. પછી ચોરી રહી ક્યાં? પોતાના ઘરમાંથી, પોતાની માલિકીની ચીજની કોઈ ચોરી કરી શકતું નથી.બ્રહ્મસાક્ષાત્કાર થયા પછી શું વિધિ અને શું શાસ્ત્ર?બધું નકામું બને છે.તત્ત્વ દૃષ્ટિએ જુઓ તો ઈશ્વર સર્વના માલિક છે,એટલે શ્રીકૃષ્ણચોરી કરી શકે નહીંતો આ દિવ્યલીલાછે ગોપીઓને પરમાનંદનું દાન કરવા માટે આ લીલા છે.

બાલકૃષ્ણ ગોપબાળકોને કહે છેકે તમારે જોડે રહેવાનું અને એટલું ધ્યાન રાખવાનુંકે કોઈ ગોપી કયારે ઘરમાંથી બહાર જાય છે અને તે પાછી ક્યારે આવે છે.

ગોપીઓ ઈચ્છે છે કે કનૈયો રોજ એમને ઘરે આવે.એટલે ઠપકો આપવાના બહાને રોજ પ્રાતઃકાળ માં ગોપીઓ લાલાનાં દર્શન કરવા યશોદાના ઘરે આવે છે.ગોપીઓ યશોદાજીને ફરિયાદ કરે છેકે:હે યશોદા!તારો આ શ્રી કૃષ્ણ ગાયો દોહવાનો વખત થયો નથી હોતો છતાં વાછરડાંઓને છોડી મકે છે અમારાં દહીં,દૂધ,માખણએ ચોરી જાય છે

વાચક ચાહક મિત્રો આપણું ભવિષ્ય ફક્ત નસીબ પર નહીં, પણ આપણા પોતાના કાર્યો પર આધારિત છે.જે લોકો ફક્ત નસીબ પર આધાર રાખે છે તેઓ જીવનમાં કંઈપણ પ્રાપ્ત કરી શકતા નથી. ભગવાને આપણને કાર્ય કરવાની સ્વતંત્રતા આપી છે, તેથી ભાગ્યને દોષ આપવાને બદલે, આપણે આપણા પોતાના પ્રયત્નોમાં વિશ્વાસ રાખવો જોઈએ. આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

નવરચિત ફાગવેલ તાલુકાનો શુભારંભ કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ : ખમીરવંતા ખેડા જિલ્લાના વિકાસના પથ પર નવું સોપાન ઉમેરાયું

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ફાગવેલની પવિત્ર ધરતી પરથી ખેડા જિલ્લાને ₹348 કરોડથી વધુની ભેટ આપી

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ-2002માં ફાગવેલની પવિત્ર ધરતી પરથી જ ગુજરાત ગૌરવ યાત્રાનો પ્રારંભ કરી વિકાસનો પાયો નાખ્યો હતો







**ખેડા, તા.06**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેડા જિલ્લાના ફાગવેલ ખાતે વીર ભાથીજી મહારાજના ચરણોમાં શીશ ઝુકાવી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે રૂ. ૩૪૮ કરોડથી વધુ રકમના ૩૧ વિવિધ વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા હતા. આ પ્રસંગે તેમણે જાહેરાત કરી હતી કે, નવનિર્મિત ફાગવેલ તાલુકાના વહીવટને વેગ આપવા માટે અત્યાધુનિક તાલુકા સેવા સદનનું નિર્માણ એક જ વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.

જનમેદનીને સંબોધતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ફાગવેલ એ શૌર્ય અને શ્રદ્ધાની પવિત્ર ધરતી છે, જેને માત્ર ગુજરાત જ નહીં, સમગ્ર દેશ જાણે છે. વર્ષ ૨૦૦૨માં તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરવા 'ગુજરાત ગૌરવ યાત્રા'ની શરૂઆત અહીંથી જ કરી હતી. આજે તે વિકાસ યાત્રા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિશ્વ કક્ષાએ પહોંચી છે.

સોમનાથ સ્વાભિમાન પર્વની ઊજવણી નો ઉલ્લેખ કરીને પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અસ્મિતા, સંસ્કૃતિ અને સનાતન ધર્મનું ગૌરવ હંમેશા ઉજાગર કર્યું છે. સોમનાથની રક્ષા કરનાર વીર હમીરજી ગોહેલ અને ગૌરક્ષા માટે બલિદાન આપનાર ભાથીજી મહારાજ જેવી વિભૂતિઓના ગૌરવ અપાવવાની સાથે વડાપ્રધાનએ વિકાસની રાજનીતિથી વિકાસનો ઈતિહાસ રચ્યો છે, તેમ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું.

ગ્રામીણ વિકાસ પર ભાર મૂકતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, શહેરીકરણના ભારને ઘટાડવા માટે ગામોને પણ શહેર જેવી સુવિધા મળી રહે તે માટે, જે તાલુકા મથકો પર નગરપાલિકા નથી તેવા ૧૧૪ ગામોના વિકાસ માટે 'મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજના' અમલી બનાવી છે. આગામી સમયમાં આ યોજનાનો વ્યાપ વધારી ૧૦,૦૦૦થી વધુ વસ્તી ધરાવતા મોટા ગામોને પણ નવી યોજનામાં આવરી લેવાશે, તેમ પટેલે ઉમેર્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'વિકસિત ભારત ૨૦૪૭' ના વિઝનનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, કેન્દ્ર સરકારનું આ વર્ષનું બજેટ 'કર્તવ્ય' પર આધારિત છે. વડાપ્રધાનપ્રેરિત 'વોકલ ફોર લોકલ' અને 'હર ઘર સ્વદેશી' ના મંત્ર અપનાવી વિકસિત ખેડાથી વિકસિત ગુજરાત અને વિકસિત ગુજરાતથી વિકસિત ભારતની યાત્રામાં સહભાગી થવા પટેલે ઉપસ્થિત સૌને આહવાન કર્યું હતું.

કેબિનેટ મંત્રી રમણ સોલંકીએ ખેડા જિલ્લાના આસ્થાના કેન્દ્ર સમાન ફાગવેલ ખાતે ભવ્ય કાર્યક્રમ બદલ અભિનંદન પાઠવીને વીર ભાથીજી મહારાજ પ્રત્યે શ્રદ્ધા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, પવિત્ર ધામના આંગણે આજે વિકાસનો નવો સૂરજ ઉગ્યો છે.

સિંચાઈ, પાણી પુરવઠા અને ગ્રામીણ માળખાગત સુવિધાઓના લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયેલા વિકાસલક્ષી કામોની ભેટ ફાગવેલ અને ખેડા જિલ્લાની કાયાપલટ કરશે, તેમ મંત્રીસોલંકીએ સગર્વ ઉમેર્યું હતું. નવો તાલુકો બનવાથી વહીવટી પ્રક્રિયાઓ સરળ બનશે અને પ્રજાની સુખાકારીમાં વધારો થશે, તેવો દ્રઢ વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ' ના મંત્રને રાજ્ય સરકાર ચરિતાર્થ કરી રહી છે, તેમ જણાવી મંત્રી સોલંકીએ નાગરિકોને સરકારના આ વિકાસના યજ્ઞમાં સહભાગી થઈ, જિલ્લાને ગૌરવશાળી બનાવવા માટે સહકાર આપવા અપીલ કરી હતી.

કપડવંજની પવિત્ર ધરા પર આજે શક્તિ, ભક્તિ અને વિકાસનો ત્રિવેણી સંગમ રચાયો છે તેમ કહી મહેસૂલ રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાએ પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, ખેડા જિલ્લો જે અગાઉ માત્ર 'ગોલ્ડન લીફ' (તમાકુ) માટે જાણીતો હતો, તે હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં 'ગોલ્ડન ડેવલપમેન્ટ' તરફ તેજ ગતિએ આગળ વધી રહ્યો છે.

વહીવટી સરળતા અને પ્રજાલક્ષી અભિગમ અપનાવીને રચાયેલા નવા ફાગવેલ તાલુકાથી ૧૬૯ ચોરસ કિલોમીટર વિસ્તારના નાગરિકોને તાલુકા મથકનું અંતર ઘટશે અને સરકારી કામોમાં ઝડપ આવશે, તેમ મહિડાએ ઉમેર્યું હતું. તેમણે જિલ્લામાં સરકારી યોજનાઓની સિદ્ધિ વર્ણવી હતી અને વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત થનાર પરિવર્તનની વાત કરી હતી.

બાલાસિનોરના ધારાસભ્યમાનસિંહ ચૌહાણ અને જિલ્લા કલેક્ટરઅમિત પ્રકાશ યાદવે શાબ્દિક સ્વાગત વેળા કાર્યક્રમની રૂપરેખા આપી હતી. નિવાસી અધિક કલેક્ટરજે. બી. દેસાઈએ આભારવિધિ કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીએ ફાગવેલ તાલુકા સેવા સદન માટેની જમીન ફાળવણીનો હુકમ મામલતદાર અને ટીડીઓને સુપ્રત કર્યો હતો.

મુખ્યમંત્રીના હસ્તે મળેલા વિકાસકાર્યોની ભેટમાં રૂ. ૨૩૪ કરોડથી વધુના લોકાર્પણના ૧૩ કામો અને રૂ. ૧૧૩ કરોડથી વધુના ૧૮ ખાતમુહૂર્તના કામોનો સમાવેશ થાય છે, જેમાં ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય), નડિયાદ મહાનગરપાલિકા, આરોગ્ય વિભાગ ઉપરાંત કપડવંજ નગરપાલિકા અને પશુપાલન વિભાગના કામો સામેલ છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં રાજ્યકક્ષાના મંત્રીઈશ્વરસિંહ પટેલ, ધારાસભ્ય સર્વ પંકજ દેસાઈ, અર્જુનસિંહ ચૌહાણ, રાજેશકુમાર ઝાલા, કલ્પેશ પરમાર, યોગેન્દ્રસિંહ પરમાર, સંગઠનના પદાધિકારી અજય બ્રહ્મભટ્ટ અને નયનાબેન પટેલ, જિલ્લા કલેક્ટર અમિત પ્રકાશ યાદવ, નડિયાદ મહાનગરપાલિકાના કમિશનર જી. એચ. સોલંકી, જિલ્લા વિકાસ અધિકારી જયંત કિશોર સહિત વહીવટી તંત્રના અધિકારીઓ, સંગઠનના પદાધિકારીઓ, અગ્રણીઓ તથા ખમીરવંતા ખેડાના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ મંડળ પર 'મારી ટિકિટ મારી શાન' હેઠળ ચલાવવામાં આવ્યું જન-જાગૃતિ અભિયાન

**અમદાવાદ, તા.06**

યાત્રીઓમાં માન્ય ટિકિટ લઈને યાત્રા કરવાની ટેવને પ્રોત્સાહિત કરવા તથા રાષ્ટ્ર નિર્માણમાં તેમની સક્રિય ભાગીદારી વધારવાના ઉદ્દેશથી પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર 'મારી ટિકિટ મારી શાન, વિકસિત ભારત માટે મારું યોગદાન' થીમ હેઠળ 28 જાન્યુઆરી 2026 થી 06 ફેબ્રુઆરી 2026 (10 દિવસ) સુધી એક વિશેષ જન-જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું.

આ અભિયાન અમદાવાદ મંડળના પાંચ મુખ્ય સ્ટેશનો- અમદાવાદ, સાબરમતી, મહેસાણા, પાલનપુર અને ગાંધીધામ પર સંચાલિત કરવામાં આવ્યું. અભિયાન દરમિયાન યાત્રીઓને માન્ય ટિકિટ લઈને યાત્રા કરવાના મહત્વ પ્રત્યે જાગૃત કરવામાં આવ્યા. સાથે જ, કોમર્શિયલ વિભાગ દ્વારા વિવિધ રેલવે સેક્શન્સ અને ટ્રેનોમાં વિશેષ ડ્રાઈવ ચલાવીને વગર ટિકિટ યાત્રા કરનારા યાત્રીઓને સમજાવટ આપવામાં આવી.




10-દિવસના અભિયાન હેઠળ મુખ્ય જન-જાગૃતિ પ્રવૃત્તિઓ આ મુજબ થઈ: સેલ્ફી પોઈન્ટ : યાત્રીઓની ભાગીદારી વધારવા માટે ઉપરોક્ત સ્ટેશનો પર વિશેષ સેલ્ફી પોઈન્ટ સ્થાપિત કરવામાં આવ્યા, જ્યાં યાત્રીઓએ ફોટો લઈને અભિયાનનો સંદેશો શેર કર્યો. વાર્તાલાપ : રેલવે અધિકારીઓએ સીધા યાત્રીઓ અને યુવાન પેઢીથી વાર્તાલાપ કરીને અભિયાનના ઉદ્દેશોથી માહિતગાર કરાવ્યા.

ટિકિટ તપાસ દરમિયાન સમજાવટ : ટિકિટ તપાસ વખતે યાત્રીઓને અભિયાનની માહિતી આપવામાં આવી અને માન્ય ટિકિટ લઈને યાત્રા કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા.

વીડિયો સંદેશ : સ્ટેશનો પર જાગૃતિ વીડિયોનું પ્રસારણ કરીને યોગ્ય ટિકિટ લઈને યાત્રા કરવાનો સંદેશ આપવામાં આવ્યો.

સોશિયલ મીડિયા કેમ્પેઈન : સોશિયલ મીડિયા મારફતે પણ અભિયાનનું વ્યાપક પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યું.

અભિયાન મારફતે એ સંદેશ આપવામાં આવ્યો કે માન્ય ટિકિટ લઈને યાત્રા કરવાથી રેલવેની આવકમાં વૃદ્ધિ થાય છે, જેનાથી યાત્રી સુવિધાઓના વિસ્તાર અને રેલવેના આધુનિકીકરણમાં સહાયતા મળે છે. ટિકિટ લેવી ફક્ત કાયદાકીય જવાબદારી જ નહીં, પરંતુ દેશના વિકાસમાં એક જવાબદાર નાગરિકનું યોગદાન પણ છે.

આ સમયગાળામાં વિવિધ ટિકિટ તપાસ અભિયાનોનું આયોજન કરવામાં આવ્યું, જેમાં મંડળ કોમર્શિયલ મેનેજર, આસિસ્ટન્ટ કોમર્શિયલ મેનેજર અને ટિકિટ તપાસ સ્ટાફ સક્રિયરૂપે ઉપસ્થિત રહ્યા. રેલવે પ્રશાસને તમામ યાત્રીઓને અપીલ કરી છે કે તેઓ હંમેશા માન્ય ટિકિટ લઈને યાત્રા કરે અને રાષ્ટ્ર નિર્માણમાં પોતાનું યોગદાન આપે.

# રાજ્યમાં પોષણ સાથે સુરક્ષાનો વ્યાપ વધ્યો: 5.14 લાખ નવા લાભાર્થીઓ આંગણવાડીની વિવિધ યોજનાથી લાભાન્વિત...

**ગાંધીનગર, તા.06**

રાજ્યનો કોઈ પણ બાળક કે માતા પોષણ અને આરોગ્યની સેવાથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. મહિલા અને બાળ વિકાસ મંત્રી ડો. મનીષા વકીલના નેતૃત્વમાં રાજ્યની સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ અને ૦ થી ૬ વર્ષના બાળકોને પોષણક્ષમ આહાર અને આરોગ્ય સેવાઓ પૂરી પાડવાના ઉમદા હેતુથી એક વિશેષ 'WCD કવરેજ ડ્રાઈવ' ચલાવવામાં આવી છે. જે અંતર્ગત ૫.૧૪ લાખ નવા લાભાર્થીઓને આંગણવાડીની યોજનાઓ સાથે જોડવામાં આવ્યા છે.

રાજ્યના છેવાડાના વિસ્તારો સુધી સરકારી યોજનાઓનો લાભ પહોંચાડવાના મુખ્યમંત્રીશ્રીના વિઝનને સાકાર કરવાના ભાગરૂપે આ સઘન ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ ઝુંબેશ નવેમ્બર ૨૦૨૫ થી જાન્યુઆરી ૨૦૨૬ સુધી ચલાવવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન સઘન પ્રયાસો હાથ ધરીને રાજ્યભરમાં કુલ ૫.૧૪ લાખ નવા લાભાર્થીઓને આંગણવાડીની વિવિધ યોજનાઓ હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલા માઈક્રો-પ્લાનિંગને કારણે નોંધપાત્ર પરિણામો મળ્યા છે. જેમાં આદિવાસી વિસ્તારના ૨.૫૫ લાખથી વધુ લાભાર્થીઓ, ગ્રામીણ વિસ્તારોના ૨.૦૭ લાખથી વધુ તથા શહેરી વિસ્તારના ૫૧,૦૦૦ જેટલા લાભાર્થીઓને આંગણવાડી સાથે જોડવામાં આવ્યા છે.

રાજ્યના છેવાડાના નાગરીકોને પણ પોષણલક્ષી યોજનાઓનો લાભ મળે તે હેતુથી આ ઝૂંબેશ ચલાવવામાં આવી હતી. જેમાં સૌથી વધુ સફળતા આદિવાસી અને ગ્રામીણ વિસ્તારોમાં જોવા મળી છે. જે આ યોજનાની સફળતાની સાથે સરકારની અંતરિયાળ વિસ્તારો પ્રત્યેની સંવેદનશીલતા દર્શાવે છે. આ ટૂંકા ગાળામાં વિભાગ દ્વારા આ ડેટાની સચોટતા જાળવવા માટે TECHO સોફ્ટવેર અને ફિલ્ડ વેરિફિકેશનનો અસરકારક ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ ઝુંબેશની સફળતા પાછળ આંગણવાડી કાર્યકરો, તેડાગરો અને જિલ્લા વહીવટી તંત્રનો સિંહફાળો રહ્યો છે. ફિલ્ડ સ્તર પર કરવામાં આવેલી મહેનતને પરિણામે ડેટાની સચોટતામાં સુધારો થયો છે અને ખરા અર્થમાં જરૂરિયાતમંદ લાભાર્થી સુધી સેવાનો વ્યાપ વધ્યો છે. આ ડ્રાઈવ દ્વારા સાબિત થયું છે કે ટેકનોલોજી અને ફિલ્ડવર્કના સમન્વયથી સરકારી સેવાઓ દરેક ઘર સુધી પહોંચી છે.

# પ્રાકૃતિક કૃષિ કરવા માટે મહત્વનું ખાતર એટલે ઘનજીવામૃત.....

**ગાંધીનગર, તા.06**

પ્રાકૃતિક કૃષિ કરવા માટે જાણીએ પ્રાકૃતિક કૃષિમાં ખાતરો વિશે ..... બે પ્રકારના ખાતરો પ્રાકૃતિક કૃષિમાં તૈયાર કરવાનાં હોય છે. એક છે જીવામૃત અને બીજુ છે ઘનજીવામૃત.આજે આવો જાણીએ ઘનજીવામૃત વિશે......

ઘનજીવામૃત બનાવવા માટે શુ જોઈએ?, 100 કિ.ગ્રા. દેશી ગાયનું છાણ, 1 કિ.ગ્રા. ગોળ, 2 કિ. ગ્રા. કઠોળનો લોટ (તુવેર,ચણા,મગ, અથવા અડદ, થોડુંક ગૌમૂત્ર, ઉપરોક્ત પદાર્થોને સારી રીતે ભેળવી ગુંદી લેવા જેથી તે શીરો કે લાડું જેટલું પાટું બની જાય. તેને 2 દિવસ સુધી કોથળાથી ઢાંકીને રાખો અને થોડું પાણી છાંટી દો. પછી તેને એટલું ઘાટું બનાવો કે જેથી તેના લાડું બને. હવે આ ધનજીવામૃતના લાડવાને કપાસ, મરચી, ટામેટા, રીંગણા, ભીંડો, સરસવના બિયારણની સાથે જમીન ઉપર રાખી દો. એના ઉપર સૂકું ઘાસ નાખો. જો તમારી પાસે ટપક પિયત હોય તો ધનજીવામૃત ઉપર સૂકું ઘાસ રાખીને ઘાસ ઉપર ડ્રીપરથી પાણી આપવું.આ ઘનજીવામૃતના લાડવા તમે ઝાડ-છોડ પાસે આપી શકો છે જેથી જીવામૃત મૂળ સુધી પહોંચી શકે, એના માટે જમીનમાં ભેજ હોવો જોઈએ.

સૂકું ઘનજીવામૃત આ ભીના ઘનજીવામૃતને તમે છાંયડામાં અથવા હળવા તડકામાં સારી રીતે ફેલાવીને સૂકવી લ્યો. સૂકાયા બાદ તેને લાકડીથી મારીને બારીક બનાવો અને કોથળામાં ભરીને છાંયડામાં સંગ્રહ કરો. આ ધનજીવામૃતને તમે સૂકવીને 6 મહિના સુધી રાખી શકો છો.

સૂકાયા પછી ઘનજીવામૃતમાં રહેલા સૂક્ષ્મજીવ સુષુપ્ત થઈ કોશેટા ધારણ કરે છે. જયારે તમે ઘનજીવામૃત જમીનમાં નાખો છો, ત્યારે જમીનમાં ભેજ મળતાં જ તે સૂક્ષ્મજીવ કોશેટા તોડીને, સુષુપ્ત અવસ્થા ભંગ કરીને ફરીથી કાર્યમાં લાગી જાય છે. જેની પાસે છાણ વધારે હોય, તેમના માટે વધારે પ્રમાણમાં ઘનજીવામૃત બનાવીને મર્યાદિત પાકોમાં છાણિયું ખાતર ભેળવીને એનો ઉપયોગ કરો. ખૂબ જ ચમત્કારિક પરિણામ મળશે.

# વડોદરા SOGની ટીમ જીવના જોખમે નક્સલી વિસ્તારમાં જઇ આરોપીને પકડ્યો

## 27 લાખ રૂપિયાના ગાંજાના કેસમાં 1600 કિમી દૂર છત્તીસગઢના જંગલમાં ચાલતા ચાલતા જઈને મુખ્ય સપ્લાયરને ટ્રેક્ટરમાંથી દબોચ્યો




**વડોદરા, તા.06**

વડોદરા SOG પોલીસે વડોદરાથી 1600 કિમી દૂર છત્તીસગઢના નકસલી વિસ્તારમાં આવેલ જંગલોમાં જઈને 27 લાખ રૂપિયાની કિંમતના ગાંજાના મુખ્ય સપ્લાયર આરોપીને ઝડપી પાડ્યો છે. SOG પોલીસની ટીમ છતીસગઢના 50 કિલોમીટરના જંગલ વિસ્તારમાં ફરી હતી અને ખેતરમાં ટ્રેક્ટર ચલાવી રહેલા આરોપીને દબોચી લીધો હતો અને તેને લઈને તે વડોદરા આવી હતી. આજે આરોપીને વડોદરા કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરવામાં આવશે.

ગત તા. 22 એપ્રિલ 2025ના રોજ હરણી પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા અમદાવાદ મુંબઈ નેશનલ હાઈવે પર આવેલી કમ્ફર્ટ ઈન હોટેલ પાસે રેડ કરી હતી. ત્યાં એક બિનવારસી ટ્રક મળી આવ્યો હતો. ટ્રકની ઝડતી દરમિયાન કેબિનની પાછળ બનાવેલા ખાનામાંથી 45 પેકેટમાં 270 કિલો 50 ગ્રામ ગાંજો મળી આવ્યો હતો. હરણી પોલીસે મુદ્દામાલ કબજે કરીને NDPS અંતર્ગત હરણી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કર્યો હતો. અને 27 લાખ રૂપિયાની કિંમતનો 279 કિલો 50 ગ્રામ ગાંજાનો વિપુલ જથ્થો જપ્ત થયો હતો અને ટાટા ટ્રક અને અન્ય મુદ્દામાલ સહિત કુલ રૂ. 35.05 લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરાયો હતો.

આ દરમિયાન તા.23 મે 2025ના રોજ બાલોતરા (રાજસ્થાન) ખાતેથી પ્રથમ આરોપી સુરતાનખાન ઉર્ફે નીનીયા અમીનખાનને પકડવામાં આવ્યો હતો. તા.29 જાન્યુઆરી 2026ના રોજ ગાંજાના ભરાવનાર આરોપી પુખરાજ રામપ્રતાપ બિશ્નોઈ (રહે. હેમનગર, જોધપુર, રાજસ્થાન)ને રાજસ્થાનમાંથી ધરપકડ કરીને 8 દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા.

આ તપાસ દરમિયાન ગુનાના મુળ સુધી પહોંચવા માટે SOG ઈન્ચાર્જ પી.આઈ. સી.બી. ટંડેલના માર્ગદર્શન હેઠળ PSI આર.એન. સીસોદીયા તથા તેમની ટીમે રિમાન્ડ હેઠળના આરોપી પુખરાજ બિશ્નોઈને સાથે રાખીને તપાસ આગળ વધારી હતી. ટેકનિકલ અને હ્યુમન સોર્સના આધારે મુખ્ય સપ્લાયર રમેશ પેમારામ ડારા (બિશ્નોઇ)નું સ્થાન છત્તીસગઢના ધમતરી તેમજ નક્સલવાદી પ્રભાવિત કલ્લેમેટા ગામના જંગલી વિસ્તારમાં ખેતરોમાં છુપાયેલો હોવાનું ખુલ્યું હતું.

SOG પોલીસની ટીમે નક્સલી વિસ્તારમાં જીવના જોખમે આરોપીની શોધખોળ શરૂ કરી હતી. આ દરમિયાન 50 કિલોમીટરના જંગલ વિસ્તારમાં તેને શોધવામાં આવ્યો હતો. PSI આર.એન. સીસોદીયા અને તેમની ટીમ જંગલમાં અડધો કિલોમીટર સુધી ચાલતા ચાલતા ગઈ હતી અને છત્તીસગઢના નક્સલી એરિયામાં આવેલા કલ્લેમેટા ગામ પાસેના જંગલ વિસ્તારમાંથી રમેશ પેમારામ ડારા ખેતરમાં ટ્રેક્ટર ચલાવતા મળી આવ્યો હતો. જ્યાંથી પોલીસે તેની ધરપકડ કરી હતી અને તેને વડોદરા લાવવામાં આવ્યો હતો.

# સુરત પોલીસ કમિશનરના PAને ભાજપના ખેસવાળી કારમાં આવેલા યુવકોએ ફટકાર્યો

## હેડ કોન્સ્ટેબલને પંચથી મૂક્કો મારતા નાકમાં ફ્રેક્ચર, કાર મૂકી આરોપી ફરાર

**સુરત, તા.06**

સુરતના નાના વરાછા ઢાળ પાસે ટ્રાવેલ્સની બસના લીધે સર્જાયેલા ટ્રાફિકને હટાવવા ગયેલા પોલીસ કમિશનરના PA એવા હેડ કોન્સ્ટેબલ ઉપર લકઝરી બસમાંથી ઉતરેલા બે વ્યક્તિ અને ભાજપના ખેસ વાળી કારમાં આવેલા લોકોએ ઝપાઝપી કરી હતી. પંચ (હાથમાં પહેરવાનું હથિયાર) વડે હુમલો કરતા હેડ કોન્સ્ટેબલને નાકમાં ફ્રેક્ચર થયું હતું. બનાવ અંગે કાપોદ્રા પોલીસે ગુનો નોંધી તપાસ કરતા કતારગામનો કારચાલક ઘર બંધ કરી ફરાર થઈ ગયો હતો.

જ્યારે આ ઘટના બની ત્યારબાદ કારચાલક બિન્દાસ એક પાનના ગલે ગયો હતો અને ત્યાં તેણે સિગરેટ ફૂંકી હતી. બાદમાં કાર મૂકી ફરાર થઈ ગયો હતો, જેના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યાં છે. હાલ કાપોદ્રા પોલીસે કાર કબજે કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે આ કારની અંદર ભાજપનો ખેસ પણ મળી આવ્યો છે. મળતી માહિતી પ્રમાણે, મૂળ ભાવનગર જેસરના બીલાગામના વતની અને નાના વરાછા પટેલ ફળિયાની પાછળ ગીરનાર સોસાયટી શેરી નં.4 ઘર નં. 218 પહેલા માળે 35 વર્ષીય હેડ કોન્સ્ટેબલ અક્ષયકુમાર છગનભાઈ આહીર પરિવાર સાથે રહે છે. અક્ષયકુમાર પોલીસ કમિશનના પીએ તરીકે ફરજ બજાવે છે. 5 ફેબ્રુઆરીની રાતે નોકરી પૂરી કરી તે પોતાની કારમાં ઘરે જતા હતા. 10 વાગ્યાના અરસામાં નાના વરાછા ઢાળ પાસે આરોગ્ય કેન્દ્ર સામે રોડ ઉપર ટ્રાવેલ્સની બસો અને અન્ય વાહનોના કારણે ટ્રાફિકજામ થયો હતો, જેથી તેમણે કારમાંથી ઉતરીને ટ્રાફિક ક્લીયર કરાવવાનું શરૂ કર્યું હતું. આ સમયે ત્યાં ઉભેલી જય રામદેવ ટ્રાવેલ્સની બસ (GJ-14-Y-9222) અને તેની પાસે ઉભેલી કાર (નં. જીજે-16-બીકે-7191) ટ્રાફિકમાં અડચણરૂપ હોવાથી અક્ષયકુમારે તેમના ચાલકને હટાવવા કહ્યું હતું. આથી બસમાંથી ત્રણ વ્યક્તિ, જ્યારે કારમાંથી ચાલક અને તેની સાથે કે વ્યક્તિ નીચે ઉતરીને તેમની પાસે આવ્યા હતા અને પૂછ્યું હતું કે, અમને ગાડી હટાવવાનું કહેવાવાળો તું કોણ છે? અક્ષયકુમારે પોતાની પોલીસ તરીકેની ઓળખ આપી આઈકાર્ડ બતાવ્યું હતું.

# ટી20 વર્લ્ડકપમાં પાકિસ્તાનના ડ્રામા વચ્ચે શ્રીલંકાની એન્ટ્રી! પત્ર લખી કહ્યું- મેચ નહીં થાય તો અમારું નુકસાન થશે.....

**નવી દિલ્હી, તા.06**

ટી20 વર્લ્ડ કપ 2026 શરૂ થવાને હવે ગણતરીના કલાકો બાકી છે, ત્યારે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ની હઠને કારણે વિવાદ સર્જાયો છે. આઈસીસી દ્વારા બાંગ્લાદેશને ટુર્નામેન્ટમાંથી હટાવવામાં આવતા પાકિસ્તાને વિરોધ નોંધાવ્યો છે અને 15 ફેબ્રુઆરીએ કોલંબોમાં ભારત સામે રમાનારી હાઈ-વોલ્ટેજ મેચમાં રમવાનો ઈનકાર કરી દીધો છે.



પાકિસ્તાનના આ અણધાર્યા નિર્ણયથી સહ-યજમાન શ્રીલંકા ક્રિકેટ બોર્ડ (SLC)માં ભારે રોષ જોવા મળી રહ્યો છે. શ્રીલંકાએ પીસીબીને એક સત્તાવાર પત્ર લખીને આ નિર્ણય પર પુનઃવિચાર કરવા વિનંતી કરી છે અને સાથે જ પાકિસ્તાનને તેના મુશ્કેલ સમયમાં શ્રીલંકાએ આપેલા સાથની યાદ અપાવી છે.

શ્રીલંકા ક્રિકેટ બોર્ડે પત્રમાં સ્પષ્ટ કર્યું છે કે, જો પાકિસ્તાન ભારત સામેની આ મેચનો બહિષ્કાર કરશે, તો તેનાથી આયોજકોને આર્થિક, લોજિસ્ટિકલ અને પ્રતિષ્ઠાની દ્રષ્ટિએ મોટું નુકસાન થશે. બોર્ડે જણાવ્યું કે ભારત-પાકિસ્તાન મેચ માટેની ટિકિટો લગભગ વેચાઈ ગઈ છે અને હોસ્પિટાલિટીથી લઈને સુરક્ષા સુધીના તમામ આયોજનો પૂરા થઈ ગયા છે. આ મેચ રદ થવાથી શ્રીલંકાના પર્યટન અને અર્થતંત્રને પણ ફટકો પડી શકે છે. શ્રીલંકા સરકારે પણ આ મામલે ચિંતા વ્યક્ત કરી છે, કારણ કે આ મેચો પરથી દેશને મોટી આવકની અપેક્ષા છે.

ખાસ કરીને, શ્રીલંકાએ પાકિસ્તાનને વર્ષ 2009ની તે દુઃખદ ઘટનાની યાદ અપાવી હતી જ્યારે લાહોરમાં શ્રીલંકાની ટીમ બસ પર આતંકવાદી હુમલો થયો હતો. બોર્ડે કહ્યું કે તે ભયાનક હુમલા અને ઈજાઓ બાદ પણ જ્યારે વિશ્વના અન્ય દેશો પાકિસ્તાન જવામાં અચકાતા હતા, ત્યારે શ્રીલંકાએ પાકિસ્તાન સાથેના સંબંધો સાચવવા માટે ત્યાં જઈને ક્રિકેટ રમવાનું ચાલુ રાખ્યું હતું.

શ્રીલંકાએ આશા વ્યક્ત કરી છે કે પાકિસ્તાન પણ એ જ ખેલદિલી અને પરસ્પર સન્માનની ભાવના બતાવે અને કરોડો ચાહકોના હિતમાં ટુર્નામેન્ટની તમામ મેચોમાં સહભાગી થાય. હવે જોવાનું એ રહેશે કે પાકિસ્તાન સરકાર અને પીસીબી શ્રીલંકાની આ ભાવનાત્મક અને વ્યવહારુ અપીલ પર શું પ્રતિક્રિયા આપે છે.

# 15 ચોગ્ગા, 15 છગ્ગા... અંડર 19 વર્લ્ડકપ ફાઈનલમાં વૈભવ સૂર્યવંશીએ ફટકાર્યા 175 રન

**નવી દિલ્હી, તા.06**



ICC મેન્સ અંડર-19 વર્લ્ડકપની ફાઈનલ મેચ રમાઈ. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી આ ફાઈનલ મેચમાં ભારતના સ્ટાર ખેલાડી વૈભવ સૂર્યવંશીએ ધુંઆધાર બેટિંગ કરીને સદી ફટકારી.

ફાઈનલ મેચમાં ભારતના સ્ટાર ખેલાડી વૈભવ સૂર્યવંશીએ માત્ર 80 બોલમાં 218.75ની સ્ટ્રાઈક રેટથી 15 ચોગ્ગા અને 15 છગ્ગા સાથે કુલ 175 રન ફટકાર્યા.

વૈભવ સૂર્યવંશીએ આજની મેચમાં અનેક રેકોર્ડ તોડ્યા, અંડર 19 વર્લ્ડકપના ઈતિહાસની બીજી સૌથી તેજ સદી ફટકારવાનો રેકોર્ડ, અંડર 19 વર્લ્ડકપની ફાઈનલમાં સદી ફટકારનારો ત્રીજો ભારતીય ખેલાડી બન્યો,

- અંડર 19 વર્લ્ડકપ ફાઈનલમાં સૌથી મોટો સ્કોર બનાવવાનો રેકોર્ડ, અંડર 19 વર્લ્ડકપની એક મેચમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો રેકોર્ડ,

આજની મેચમાં ભારતે ટોસ જીતી પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ભારત તરફથી ઓપનિંગ કરવા માટે વૈભવ સૂર્યવંશી અને એરોન જ્યોર્જ મેદાનમાં ઉતર્યા. એરોન 11 બોલમાં માત્ર 9 રન બનાવી આઉટ થયો. તે પછી ટીમના કેપ્ટન આયુષ મ્હાત્રેએ 51 બોલમાં 53 રન ફટકારી મહત્ત્વનું યોગદાન આપ્યું. આયુષ પછી વેદાંત ત્રિવેદી બેટિંગ કરવા ઉતર્યો હતો.

નોંધનીય છે કે ભારતની અંડર-19 ટીમ સતત છઠ્ઠી અને કુલ 10મી વખત વર્લ્ડકપની ફાઈનલમાં પહોંચી હતી. જે પણ એક રેકોર્ડ છે. ભારતીય ટીમ અત્યાર સુધીમાં વર્ષ 2000, 2008, 2012, 2018 અને 2022 એમ 5 વખત અંડર-19 વર્લ્ડકપની ફાઈનલ જીતી ચૂકી છે. બીજી તરફ ઈંગ્લેન્ડની ટીમે અત્યાર સુધીમાં માત્ર એક જ વખત વર્લ્ડકપ જીત્યો હતો.

ભારતની પ્લેઈંગ-11 : વૈભવ સૂર્યવંશી, એરોન જ્યોર્જ, આયુષ મ્હાત્રે, વિહાન મલ્હોત્રા, વેદાંત ત્રિવેદી, અભિજ્ઞાન કુંડું, આરએસ અંબરીશ, કનિષ્ક ચૌહાણ, ખિલન પટેલ, હેનિલ પટેલ, દિપેશ દેવેન્દ્રન.

# પ્રેક્ટિસ દરમિયાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો બેન સ્ટોક્સ! ચહેરાની હાલત જોઈ ઓળખવો પણ મુશ્કેલ

**નવી દિલ્હી, તા.06**

ઈંગ્લેન્ડ ટેસ્ટ ટીમના કેપ્ટન અને દિગ્ગજ ઓલરાઉન્ડર બેન સ્ટોક્સ પર હાલ મુસીબતોનો પહાડ તૂટી પડ્યો છે. તાજેતરમાં એક ટ્રેનિંગ સેશન દરમિયાન બોલ વાગવાને કારણે તે એટલી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે કે તેનો ચહેરો ઓળખવો પણ મુશ્કેલ બની ગયો છે.





સ્ટોક્સે પોતે સોશિયલ મીડિયા પર પોતાની ઈજાની તસવીરો શેર કરી છે, જેમાં તેની જમણી આંખ પાસે સોજો, ગાલ અને હોઠ પર ઈજાના નિશાન અને નાક પર પટ્ટી જોવા મળી રહી છે. આ ભયાનક ઈજાને કારણે હવે તે આગામી કેટલાક મહિનાઓ સુધી ક્રિકેટના મેદાનથી દૂર રહે તેવી શક્યતા છે.

આ ઈજા એવા સમયે આવી છે જ્યારે બેન સ્ટોક્સ પહેલેથી જ ખરાબ ફોર્મ અને શારીરિક સમસ્યાઓ સામે ઝઝૂમી રહ્યા હતા. ઓસ્ટ્રેલિયા સામેની એશેઝ 2025-26 સિરીઝમાં ઈંગ્લેન્ડનો 4-1થી શરમજનક પરાજય થયો હતો, જેમાં સ્ટોક્સની કેપ્ટનશીપની પણ ભારે ટીકા થઈ હતી.

તે સિરીઝ દરમિયાન તેને ગ્રોઈન ઈન્જરી (સાથળના ભાગે ઈજા) થઈ હતી, જેમાંથી તે માંડ સાજા થઈને મેદાનમાં પરત ફરવાની તૈયારી કરી રહ્યો હતો. પરંતુ આ નવા અકસ્માતે તેની મુશ્કેલીઓમાં વધારો કરી દીધો છે. હવે જોવાનું એ રહેશે કે આ ગંભીર ઈજામાંથી સાજા થઈને ઈંગ્લિશ કેપ્ટન ક્યારે મેદાન પર વાપસી કરે છે.

# હર્ષિત રાણા OUT, સિરાજની થઈ શકે છે 'વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી'! T20 વર્લ્ડકપ પહેલા ટીમ ઈન્ડિયામાં મોટા ફેરફાર

**નવી દિલ્હી, તા.06**

ICC મેન્સ ટી20 વર્લ્ડકપ પહેલા ભારતીય ટીમને મોટો ઝટકો લાગ્યો છે. ફાસ્ટ બોલર હર્ષિત રાણા ઈજાગ્રસ્ત હોવાના કારણે ટુર્નામેન્ટમાં નહીં રમી શકે.

ભારતીય ટીમ મેનેજમેન્ટને પહેલા જ હર્ષિત રાણાની ઈજા વિશે જાણકારી મળી ગઈ હતી. હજુ સુધી BCCIએ આ મામલે સત્તાવાર જાહેરાત નથી કરી પરંતુ સૂત્રો અનુસાર તે વર્લ્ડકપ માટે ફિટ નથી. એવામાં શક્યતા છે કે હર્ષિતના બદલે ટીમમાં ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજને સ્થાન આપવામાં આવશે. આ મામલે ટૂંક સમયમાં જ સત્તાવાર જાહેરાત થઈ શકે છે.







નોંધનીય છે કે દક્ષિણ આફ્રિકા સામેની વોર્મઅપ મેચમાં જ હર્ષિત રાણા ઈજાગ્રસ્ત થયો હતો. ઘૂંટણમાં દુઃખાવાના કારણે હર્ષિતને મેદાનથી બહાર લઈ જવામાં આવ્યો. તેણે મેચમાં એક જ ઓવર બોલિંગ કરી હતી જેમાં 16 રન આપ્યા હતા.

અમેરિકા સામેની વોર્મઅપ મેચ પહેલા ટીમ ઈન્ડિયાના કેપ્ટન સૂર્યકુમાર યાદવે મીડિયા સાથે વાતચીતમાં કહ્યું હતું કે, ફિઝિયો હર્ષિતની તપાસ કરી રહ્યા છે. પણ તેમની સ્થિતિ સારી નથી લાગી રહી. ટીમના કોમ્બિનેશનને જોતાં આ મોટું નુકસાન છે. જો હર્ષિત નહીં રમે તેની ખોટ વર્તાશે. પણ અમારી પાસે ઘણા વિકલ્પ છે અને વર્લ્ડકપને જોતાં અમે શ્રેષ્ઠ ખેલાડીની પસંદગી કરીશું.

નોંધનીય છે કે જ્યારે વર્લ્ડકપની સ્કવોડ જાહેર થઈ ત્યારે મોહમ્મદ સિરાજને સ્થાન આપવામાં આવ્યું નહોતું. પણ હર્ષિત ઈજાગ્રસ્ત થતાં સિરાજનું ભાગ્ય પલટાયું છે. 31 વર્ષનો સિરાજ અત્યાર સુધી 16 આંતરરાષ્ટ્રીય ટી20 મેચો રમી ચૂકી છે જેમાં તેણે 14 વિકેટ ખેરવી છે.

# એસ.એસ. રાજામૌલીની ફિલ્મ 'વારાણસી'થી ઈન્ડિયન સિનેમામાં કમબેકની પ્રિયંકાની તૈયારી

## પ્રિયંકાએ 'ડોન 3' અને 'ક્રિશ 4'માં પણ કામ કરવાની તૈયારી બતાવી



**મુંબઈ, તા.06**

પ્રિયંકા ચોપરા જોનાસ આજે હોલિવૂડમાં પણ એક જાણીતું નામ બની ગયું છે. લાંબા સમય પછી તે રાજામૌલીની આવનારી ફિલ્મ 'વારાણસી' સાથે ભારતીય સિનેમામાં કમબૅક કરવાની તૈયારી કરી રહી છે. તાજેતરમાં જ પ્રિયંકાએ 'ડોન' સિરીઝ અને સુપરહીરો ડ્રામા 'ક્રિશ'ના લાંબા સમયથી ચર્ચામાં રહેલા સિક્વલ્સ અંગે પણ સંકેત આપ્યા છે.

'વારાણસી'ની રિલીઝ પહેલાં તાજેતરનાં એક ઈન્ટરવ્યુમાં પ્રિયંકાએ 'ડોન' અને 'ક્રિશ' બંને યુનિવર્સ સાથે ફરી જોડાવાની તૈયારી બતાવી છે. જો કે તેણે કોઈ સત્તાવાર પ્રોડક્શન વિગતોની વાત જાહેર કરી નથી, પરંતુ તેણે કહ્યું કે તે "મજબૂત વાર્તા ધરાવતા પાત્રો અને દુનિયાઓ તરફ ફરી વળવા માટે તૈયાર છે," જેના કારણે 'ડોન' અને 'ક્રિશ' સિરીઝમાં તેની સંભવિત એન્ટ્રી અંગે અટકળો તેજ બની ગઈ છે.

ઈન્ટરવ્યુ દરમિયાન જ્યારે તેને આ ફ્રેન્ચાઈઝી વિશે પૂછવામાં આવ્યું ત્યારે પ્રિયંકાએ હળવાશથી કહ્યું, "મને ખબર નથી કે હું એમાંથી કોઈ વિષે વાત પણ કરી શકું કે નહીં." આ જવાબ પર તેનાં કો-સ્ટાર મહેશ બાબુએ કહ્યું, "તો પછી કંઈક તો ચાલી રહ્યું છે."

આ પછી પ્રિયંકાએ ઉમેર્યું, "આગળનો સમય રોમાંચક છે અને હા, આ ફિલ્મ('વારાણસી') સાથે લગભગ છ વર્ષ પછી પહેલી વખત હું ભારતમાં કોઈ ફિલ્મ કરી રહી છું, એટલે પાછા આવવાની ખુશી છે. મને સૌથી વધુ જે વાત ગમી, તે એવી હતી કે મને ફરીથી ડાન્સ કરવાની તક મળી. મેં મારા કોઈ પણ હોલિવૂડ પ્રોડક્શનમાં એવું નથી કર્યું. એટલે એ માટે હું બહુ ઉત્સાહિત હતી."

બોલિવૂડ અને હોલિવૂડમાં કામ કરવાનાં તફાવત વિશે વાત કરતાં પ્રિયંકાએ કહ્યું, "હું માનું છું કે હોલિવૂડમાં ફિલ્મમેકિંગની રીત અને ભારતમાં કામ કરવાની રીત ખુબ અલગ છે અને તમારે તમારું મન એ પ્રમાણે ફેરવવું પડે છે. હું મારા મગજને બે ભાગમાં વહેંચી શકું છું. મને નથી લાગતું કે એક જગ્યા પરથી શીખેલી બાબતો બીજી જગ્યાએ લાગુ પડે. તમે જે સેટ પર કામ કરો છો, તેમાં પૂરેપૂરા ડુબી જવું પડે." તેણે આગળ ઉમેર્યું, "એક એક્ટરની સફર હંમેશા દિગ્દર્શકના વિઝનથી જ આગળ ચાલે છે, દરેક ફિલ્મ સેટ પર તમે નવું શું લાવી શકો છો, તેનાથી ફિલ્મને શું મળે છે, તે દૃષ્ટિ સાથે તમારે કામ કરવું પડે છે. પરંતુ હું ખરેખર ખુશ છું કે હું ભારતમાં પાછી આવીને આ ફિલ્મ કરી રહી છું, કારણ કે ભારતીય ફિલ્મોમાં પાછા આવવાનો જો કોઈ શ્રેષ્ઠ રસ્તો હોય શકે, તો તે આ જ હતો."

# 'મિર્ઝાપુરઃ ધ મુવી'ની રિલીઝ ડેટ જાહેર : પંકજ ત્રિપાઠી અને અલી ફઝલની ગેંગ વૉર હવે મોટા પડદે

**મુંબઈ, તા.06**

'મિર્ઝાપુરઃ ધ મુવી'ની રિલીઝ ડેટ હવે જાહેર થઈ ચુકી છે. ગુડ્ડુ પંડિત અને કાલીન ભૈયા વચ્ચેની ખુંખાર દુશ્મની હવે OTT પરથી સીધી સિનેમાઘરોમાં જોવા મળશે. લાંબા સમયથી આ ફિલ્મની રાહ જોવાતી હતી.





ભારતીમાં સ્ટ્રીમિંગની શરૂઆતના દિવસોની સૌથી મોટી સફળ વેબ સિરીઝમાંની એક 'મિર્ઝાપુર' હવે મોટા પડદા પર પોતાની યાત્રાનો અંત લાવશે. સીઝન 3 પછીની કહાની આગળ વધારતી 'મિર્ઝાપુરઃ ધ મુવી' આ વર્ષે 4 સપ્ટેમ્બરના રોજ થિયેટર્સમાં રિલીઝ થશે, એવી જાહેરાત નિર્માતાઓએ ગુરુવાર સવારે કરી છે. ગુરુવારે એમેઝોન એમજીએમ સ્ટુડિયોઝ અને એક્સેલ એન્ટરટેમેન્ટે ફિલ્મનું પોસ્ટર શેર કર્યું હતું, જેમાં રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે. પોસ્ટરમાં સાપાકાર રસ્તા પરથી પસાર થતી અનેક એસયુવી ગાડી દેખાય છે, જેમાં ફિલ્મનું નામ અને રિલીઝ ડેટ લખવામાં આવી છે. પોસ્ટર શેર કરતી પોસ્ટ સાથે લખવામાં આવ્યું હતું, "હવે ભૌકાલ જુઓ મોટા પડદા પર. જુઓ મિર્ઝાપુરઃ ધ મુવી તમારા નજીકના થિયેટર્સમાં 4 સપ્ટેમ્બરે."

'મિર્ઝાપુરઃ ધ મુવી'માં ચાહકોના મનપસંદ પાત્રો કાલીન ભૈયા એટલે કે પંકજ ત્રિપાઠી અને ગુડ્ડુ ભૈયા એટલે કે અલી ફઝલ ફરી એકવાર જોવા મળશે. સાથે જ દિવ્યેન્દુ શર્મા તરીકે મુન્ના ત્રિપાઠી પણ જાણે "મોતના મુખમાંથી જીવંત" બનીને વાપસી કરે છે.

ફિલ્મની વિશાળ સ્ટારકાસ્ટમાં રવિ કિશન, અભિષેક બેનર્જી, રસિકા દુગ્ગલ, શ્વેતા ત્રિપાઠી, શ્રિયા પિલગાંવકર, હર્ષિતા ગૌર, સુશાંત સિંહ, મોહિત મલિક, શીબા ચઢા, રાજેશ તેલંગ, કુલભૂષણ ખરબંદા, સોનલ ચૌહાણ, પ્રમોદ પાઠક અને અનાંગ્શા બિસ્વાસનો પણ સમાવેશ થાય છે.

સીઝન 1માં બબ્લુ પંડિતની ભૂમિકા ભજવનાર વિક્રાંત મેસી આ ફિલ્મમાં જોવા નહીં મળે અને અહેવાલ મુજબ તેની જગ્યાએ પંચાયત સિરીઝના જિતેન્દ્ર કુમારને લેવામાં આવ્યો છે.

ફિલ્મનું શૂટિંગ તાજેતરમાં પૂર્ણ થયું છે અને હાલ તે પોસ્ટ-પ્રોડક્શનના તબક્કામાં છે. ઉત્તર પ્રદેશના મિર્ઝાપુર શહેરમાં આધારિત આ કહાની ગેંગ રાઈવલરી, બદલો અને સત્તાની લડાઈની આસપાસ ફરે છે અને તે ભારતની સૌથી લોકપ્રિય OTT ફ્રેન્ચાઈઝીસમાંની એક રહી છે.

# રણવીર સિંહની 'ધુરંધર 2' અને યશની 'ટોક્સિક' સાથે 'ડાકોઈટ'એ ટક્કર ટાળી

**મુંબઈ, તા.06**

અદિવી સેશ અને મૃણાલ ઠાકુરની ફિલ્મ 'ડાકોઈટ'ને વધુ અનુકૂળ થિયેટ્રિકલ રિલીઝ મળે તે માટે તેની રિલીઝ તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ ફિલ્મ પહેલા 19 માર્ચના રોજ રિલીઝ થવાની હતી અને તેના કારણે બોક્સ ઓફિસ પર મોટી ટક્કર થવાની શક્યતા હતી, કારણ કે રણવીર સિંહની 'ધુરંધર: ધ રિવેન્જ' અને યશની 'ટોક્સિક: અ ફેરીટેલ ફોર ગ્રોન-અપ્સ' આ જ દિવસે રિલીઝ થઈ રહી. પરંતુ હવે ક્લેશ ટાળવા માટે ફિલ્મને મુલતવી રાખવામાં આવી છે. 'ડાકોઈટ'ના નિર્માતાઓએ ફિલ્મને પોસ્ટપોન કરવાનો નિર્ણય લીધો છે અને હવે ફિલ્મ 10 એપ્રિલના રોજ રિલીઝ થશે. આ નિર્ણય ફિલ્મને વધુ સરળ અને સફળ થિયેટ્રિકલ રન મળે તે હેતુથી લેવામાં આવ્યો છે. નિર્માતાઓએ બંને મોટી ફિલ્મો અને તેમની ક્રિએટિવ ટીમ પ્રત્યે સન્માન વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે "ફિલ્મને તેનો યોગ્ય સમય અને અવસર મળે અને દર્શકો દરેક ફિલ્મને પોતાની રીતે માણી શકે." તે માટે આ નિર્ણય લેવાયો છે. ડેબ્યુ ડિરેક્ટર શૈનેલ ડિઓ દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં અદિવી સેશ એક ઈન્સ્પેક્ટરની ભૂમિકા ભજવે છે. ફિલ્મની કહાની બે ભૂતપૂર્વ પ્રેમીઓની આસપાસ ફરે છે.



# જૅક્લિન ફર્નાન્ડિસે વારાણસી પ્રવાસ દરમિયાન ચાટ ખાવાની ઈચ્છા પૂરી કરી

## જૅક્લિને કાશીને કલ્પનાથી પણ સુંદર અને શાંત ગણાવ્યું

**મુંબઈ, તા.06**

અભિનેત્રી જૅક્લિન ફર્નાન્ડિસે તાજેતરમાં કામમાંથી થોડો સમય કાઢીને પવિત્ર શહેર વારાણસીની મુલાકાત લીધી. આ પ્રવાસ દરમિયાન જૅક્લિને ધાર્મિક પ્રવૃત્તિઓમાં પણ ભાગ લીધો હતો. સોશિયલ મીડિયા પર પોતાની આધ્યાત્મિક ઝલક શેર કરતા જૅક્લિન કારમાં બેઠેલી સેલ્ફી લેતી જોવા મળી હતી. બ્લશ-પિંક રંગના સલવાર-સૂટ સાથે હળવા મેકઅપમાં જૅક્લિન ફોટોમાં પાઉટ કરતી જોવા મળે છે. આ તસવીરને તેણે "વારાણસી" લખી અને તેની સાથે સફેદ દિલનું ઈમોજી મૂક્યું હતું. તેનાં કપાળ પર ચંદનનું તિલક પણ દેખાય છે, જે મંદિર મુલાકાત તરફ ઈશારો કરે છે. જૅક્લિને કયા મંદિરે પ્રાર્થના કરી તે સ્પષ્ટ નથી, પરંતુ વારાણસી પ્રવાસીઓ માટે જાણીતું સ્થળ છે, જ્યાં લોકો પ્રખ્યાત ગંગા આરતીમાં હાજરી આપે છે અને ભગવાન શિવના આશીર્વાદ લે છે. આ ધાર્મિક પ્રવાસ દરમિયાન જૅક્લિને પોતાની ચાટ ખાવાની ઈચ્છા પણ પુરી કરી હતી. પોસ્ટમાં બીજી તસવીર જૅક્લિનની હતી, જેમાં તે પ્રસિદ્ધ સ્ટ્રીટ ફૂડ 'આલૂ ટિક્કી'ની ડિશ હાથમાં લઈને જોવા મળી હતી. જૅક્લિનના કામની વાત કરીએ તો, તે હવે લોકપ્રિય 'વેલકમ' ફ્રેન્ચાઈઝીની આગામી ફિલ્મ 'વેલકમ ટુ ધ જંગલ'માં જોવા મળશે. અહેમદ ખાનના દિગ્દર્શનમાં બનેલી આ કોમેડી ફિલ્મમાં અક્ષય કુમાર, સુનિલ શેટ્ટી, પરેશ રાવલ, જોની લીવર, રાજપાલ યાદવ, અર્શદ વારસી, તુષાર કપૂર, શ્રેયસ તળપદે, આફતાબ શિવદાસાની, જેકી શ્રોફ, દલેર મહેંદી, મિકા સિંહ, રવીના ટંડન, લારા દત્તા અને દિશા પટ્ટણી સહિત અનેક કલાકારોની મોટી કાસ્ટ છે. આ ફિલ્મ પહેલા 26 ડિસેમ્બર 2025ના રોજ રિલીઝ થવાની હતી, પરંતુ હવે આ ફિલ્મ આ વર્ષના જૂન મહિનામાં આવવાની શક્યતા છે. તેણે મીડિયા સાથે પણ વાત કરી હતી અને જણાવ્યું હતું, "કાશી મારી કલ્પનાથી પણ શાંત અને સુંદર છે. અહીંની આધ્યાત્મિક ઉર્જા તમને શાંતિથી ફરી દે છે.'



# રેપો રેટ ફરી યથાવત્, લોન મોંઘી નહીં થાય: RBIએ વ્યાજદર 5.25% પર રાખ્યો, 2025માં ચાર વખતમાં 1.25%નો ઘટાડો કર્યો હતો

**મુંબઈ, તા.06**

આ વખતે રેપો રેટમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. એને 5.25% પર યથાવત્ રાખવામાં આવ્યો છે, એટલે કે લોન મોંઘી નહીં થાય અને તમારો EMI પણ વધશે નહીં. RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ આજે 6 ફેબ્રુઆરીના રોજ મોનેટરી પોલિસી કમિટીની બેઠકમાં લેવાયેલા નિર્ણયોની જાણકારી આપી.



રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા, એટલે કે RBIએ ડિસેમ્બરમાં વ્યાજદર 0.25% ઘટાડીને 5.25% કર્યા હતા. RBI જે દરે બેંકોને લોન આપે છે એને રેપો રેટ કહેવાય છે. જ્યારે RBI રેપો રેટ ઘટાડે છે, ત્યારે બેંકોને સસ્તી લોન મળે છે અને તેઓ આ લાભ ગ્રાહકો સુધી પહોંચાડે છે.

ફેબ્રુઆરી 2025માં વ્યાજદરોને 6.5%થી ઘટાડીને 6.25% કર્યા હતા. મોનેટરી પોલિસી કમિટી દ્વારા આ ઘટાડો લગભગ 5 વર્ષ પછી કરવામાં આવ્યો હતો. બીજીવાર એપ્રિલમાં થયેલી મિટિંગમાં પણ વ્યાજદર 0.25% ઘટાડવામાં આવ્યો. જૂનમાં ત્રીજીવાર RBI દ્વારા દરોમાં 0.50%નો ઘટાડો કરવામાં આવ્યો હતો. ડિસેમ્બરમાં 0.25%ના ઘટાડા પછી વ્યાજદરો 5.25% પર આવી ગયા હતા.

RBI જે વ્યાજદરે બેંકોને લોન આપે છે એને રેપો રેટ કહેવાય છે. રેપો રેટમાં ઘટાડાને કારણે બેંકને ઓછા વ્યાજદરે લોન મળશે. બેંકોને લોન સસ્તી મળે છે, તો તેઓ ઘણીવાર એનો ફાયદો ગ્રાહકોને આપે છે, એટલે કે બેંકો પણ તેમના વ્યાજદરો ઘટાડે છે.

RBIના મતે, મોંઘવારી અંગે સ્થિતિ હાલમાં રાહતભરી રહી છે. ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 2026 માટે રિટેલ મોંઘવારી 2.1% રહેવાનો અંદાજ છે.

નાણાકીય વર્ષ 2027ના પ્રથમ ત્રિમાસિક ગાળા (Q1)માં મોંઘવારી દર 4% રહેવાનો અંદાજ છે.

બીજા ત્રિમાસિક ગાળા (Q2)માં મોંઘવારી દર 4.2% રહેવાની ધારણા છે. નાણાકીય વર્ષ 2026ના ચોથા ત્રિમાસિક ગાળા (Q4) માટે, એ 3.2% રહેવાનો અંદાજ છે.

આ આંકડા દર્શાવે છે કે ટૂંકા ગાળામાં ભાવમાં થોડો વધારો થઈ શકે છે, પરંતુ એકંદર ફુગાવો RBIની નિર્ધારિત મર્યાદામાં રહેશે.

મલ્હોત્રાએ એ વાત પર ભાર મૂક્યો કે મોંઘવારીનું દબાણ હાલમાં ઓછું છે. ફક્ત કીમતી ધાતુઓ પર જ થોડી અસર જોવા મળી રહી છે, કારણ કે એના વૈશ્વિક ભાવ અસ્થિર રહે છે. મોટાભાગની અન્ય ચીજવસ્તુઓના ભાવ કાબૂમાં છે.

ભવિષ્યની યોજના અંગે તેમણે કહ્યું હતું કે RBI એપ્રિલમાં તેના આગામી પોલિસી સ્ટેટમેન્ટમાં તેના સંપૂર્ણ વર્ષના CPI મોંઘવારી દરનો અંદાજ રજૂ કરશે, ત્યાં સુધી નવી સિરીઝમાંથી વધુ ડેટા પણ મળી થશે.

મોનેટરી પોલિસી કમિટીમાં 6 સભ્ય હોય છે. એમાંથી 3 RBIના હોય છે, જ્યારે બાકીના કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવે છે. RBIની મિટિંગ દર બે મહિને થાય છે. નાણાકીય વર્ષ 2025-26માં મોનેટરી પોલિસી કમિટીની કુલ 6 બેઠક યોજાઈ હતી. પ્રથમ બેઠક 7-9 એપ્રિલ 2025ના રોજ થઈ હતી.

કોઈપણ સેન્ટ્રલ બેંક પાસે પોલિસી રેટના રૂપમાં મોંઘવારી સામે લડવા માટે એક શક્તિશાળી ટૂલ છે. જ્યારે મોંઘવારી ખૂબ વધારે હોય છે ત્યારે સેન્ટ્રલ બેંક પોલિસી રેટ વધારીને અર્થતંત્રમાં નાણાંના પ્રવાહને ઘટાડવાનો પ્રયાસ કરે છે.

પોલિસી રેટ વધુ હશે તો બેંકોને સેન્ટ્રલ બેંક પાસેથી મળતી લોન મોંઘી થશે. બદલામાં બેંકો પોતાના ગ્રાહકો માટે લોન મોંઘી કરી દે છે. આનાથી અર્થતંત્રમાં નાણાંનો પ્રવાહ ઘટે છે. નાણાંનો પ્રવાહ ઓછો થાય છે તો માગમાં ઘટાડો થાય છે અને મોંઘવારી ઘટી જાય છે.

આ જ રીતે જ્યારે અર્થતંત્ર ખરાબ સમયમાંથી પસાર થાય છે ત્યારે રિકવરી માટે નાણાંનો પ્રવાહ વધારવાની જરૂર પડે છે. આવી સ્થિતિમાં સેન્ટ્રલ બેંક પોલિસી રેટ ઘટાડી દે છે. આનાથી બેંકોને સેન્ટ્રલ બેંક પાસેથી મળતી લોન સસ્તી થઈ જાય છે અને ગ્રાહકોને પણ સસ્તા દરે લોન મળે છે.

# સેન્સેક્સ 266 પોઈન્ટ વધીને 83,580 પર બંધ: નિફ્ટીમાં પણ 50 પોઈન્ટનો વધારો, FMCG સેક્ટર સૌથી વધુ 2% વધ્યું

**મુંબઈ, તા.06**

6 ફેબ્રુઆરી (શુક્રવાર)ના રોજ શેરબજારમાં ઉછાળો જોવા મળ્યો. સેન્સેક્સ 266 પોઈન્ટ વધીને 83,580 પર બંધ થયો. નિફ્ટી 50 પોઈન્ટ વધીને 25,693 પર બંધ થયો.

ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ દિવસના નીચલા સ્તરથી 655 પોઈન્ટ અને નિફ્ટી 202 પોઈન્ટ સુધર્યો. સેન્સેક્સ 82,925 અને નિફ્ટી 25,491ની નીચી સપાટીએ પહોંચ્યો હતો.



FMCG સેક્ટરમાં સૌથી વધુ 2% વધારો જોવા મળ્યો. મેટલ, ખાનગી બેંકિંગ, રિયલ્ટી અને તેલ અને ગેસ સેક્ટરમાં પણ વધારો જોવા મળ્યો. ઓટો, IT અને મીડિયા સેક્ટરમાં ઘટાડો જોવા મળ્યો.

સેન્સેક્સના 30 શેરોમાંથી 13 વધ્યા અને 17 ઘટ્યા. નિફ્ટી 50 શેરોમાંથી 19 વધ્યા અને 31 ઘટ્યા.

જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.47% વધીને 54,073 પર અને દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 1.87% ઘટીને 5,067 પર કારોબાર કરી રહ્યો છે.

હોંગકોંગનો હેંગસેંગ 1.18% ઘટીને 26,566 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 0.11% વધીને 4,080 પર ટ્રેડ કરી રહ્યો છે.

5 ફેબ્રુઆરીના રોજ અમેરિકાનો ડાઉ જોન્સ 1.20% ઘટીને 48,908 પર બંધ થયો. નાસ્ડેક 1.59% અને S&P 500 1.23% ઘટીને બંધ થયા.

વિદેશી રોકાણકારો (FII) એ 5 ફેબ્રુઆરીના રોજ 1,692 કરોડના શેર વેચ્યા. જ્યારે, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) એ 924 કરોડની ખરીદી કરી હતી.

ડિસેમ્બર 2025માં FIIs એ કુલ 34,350 કરોડના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન બજારને સંભાળી રહેલા DIIs એ 79,620 કરોડના શેર ખરીદ્યા હતા.

5 ફેબ્રુઆરીના રોજ સેન્સેક્સ 503 પોઈન્ટ ઘટીને 83,313ના સ્તરે બંધ થયો. નિફ્ટીમાં પણ 133 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 25,642ના સ્તરે બંધ થયો.

મેટલ સેક્ટરના શેરોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી. આ ઉપરાંત ઓટો, ફાઈનાન્સિયલ સર્વિસિસ, FMCG, IT, ફાર્મા, મીડિયા, પ્રાઈવેટ બેંક, રિયલ્ટી અને ઓઈલ એન્ડ ગેસ સેક્ટરમાં પણ ઘટાડો રહ્યો.

**બે દિવસમાં સોના-ચાંદીના ભાવ પટકાયા**

# ચાંદી બે દિવસમાં રૂ.41 હજાર સસ્તી થઈ, સોનું પણ ઘટ્યું: ખરીદતી વખતે આ બે વાતનું ધ્યાન રાખો....

**નવી દિલ્હી, તા.06**

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 6 ફેબ્રુઆરીએ ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) મુજબ, સોના-ચાંદીબજારમાં ચાંદીની કિંમત આજે 13,155 રૂપિયા ઘટીને 2,41,184 રૂપિયા પ્રતિ કિલો પર આવી ગઈ છે. આ પહેલાં એની કિંમત 2,54,339 રૂપિયા હતી. બે દિવસમાં એ 41,278 રૂપિયા સસ્તી થઈ ગઈ છે.



જ્યારે 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ આજે 1,013 રૂપિયા ઘટીને 1,51,489 રૂપિયા પર આવી ગયો છે. આ પહેલાં એ 1,52,502 રૂપિયા પર હતો. સોનું બે દિવસમાં 6,669 રૂપિયા સસ્તું થયું છે. સોના-ચાંદીબજારમાં સોનાએ 29 જાન્યુઆરીએ 1,76,121 અને ચાંદી 3,85,933 રૂપિયાની ઓલ ટાઈમ હાઈ પર પહોંચી હતી.

આ પહેલાં 29 જાન્યુઆરીથી 2 ફેબ્રુઆરી વચ્ચે ચાંદીની કિંમત 1.60 લાખ રૂપિયા ઓછી થઈ હતી. જ્યારે સોનાની કિંમત 26 હજાર રૂપિયા ઘટી હતી. વાયદા કારોબાર (MCX) પર ચાંદી 4 લાખ રૂપિયાથી ઘટીને 2.41 લાખ રૂપિયા પ્રતિ કિલો પર આવી ગઈ હતી. 10 ગ્રામ 24 કેરેટ સોનું 1.70 લાખથી ઘટીને 1.40 લાખ પર આવી ગયું હતું, જોકે પછી બંનેના ભાવમાં તેજી રહી હતી.

પ્રોફિટ બુકિંગ: સોના-ચાંદીની કિંમત હાલના દિવસોમાં રેકોર્ડ સ્તર પર પહોંચી ગઈ હતી, જેના પછી રોકાણકારોએ મોટા પાયે પ્રોફિટ બુક કર્યો.

ફિઝિકલ ડિમાન્ડમાં ઘટાડો: ઓલટાઈમ હાઈ પછી ફિઝિકલ ડિમાન્ડ નબળી પડી, સાથે જ ઔદ્યોગિક ઉપયોગને લઈને ચિંતાઓ પણ વધી.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક લાગેલો સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે એની કિંમત ઘણા સોર્સિસ (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ)થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

# RBIની બેંકો સામે લાલ આંખ: લોન-રિકવરી એજન્ટોની દાદાગીરી નહીં ચાલે

## ગ્રાહકોને ડરાવી-ધમકાવી શકશે નહીં, RBI કડક ગાઈડલાઈન લાવશે, ડિજિટલ ફ્રોડ પર ₹25,000 વળતર મળશે

**મુંબઈ, તા.06**

બેંકમાંથી લોન લેનારા અને ડિજિટલ ટ્રાન્ઝેક્શન કરનારા કરોડો ગ્રાહકો માટે રાહતના સમાચાર છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ લોન રિકવરી એજન્ટોની મનમાની અને બેંકો દ્વારા કરવામાં આવી રહેલી 'મિસ-સેલિંગ' પર લગામ કસવા માટે કડક ગાઈડલાઈન્સ લાવવાનો નિર્ણય કર્યો છે.

શુક્રવારે મોનેટરી પોલિસી કમિટી (MPC) ની બેઠક પછી RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું કે કેન્દ્રીય બેંક ત્રણ નવા ડ્રાફ્ટ રેગ્યુલેશન જાહેર કરવા જઈ રહી છે. તેમનો હેતુ ગ્રાહકોની સુરક્ષાને મજબૂત કરવાનો અને બેંકોની જવાબદારી નક્કી કરવાનો છે.

આ નિયમો લાગુ થયા પછી રિકવરી એજન્ટો ગ્રાહકોને ડરાવી-ધમકાવી નહીં શકે અને ન તો બેંક તમને એવો ઈન્સ્યોરન્સ કે લોન આપી શકશે, જેની તમને જરૂર નથી.




આરબીઆઈ ગવર્નરે સ્પષ્ટ કર્યું છે કે લોન રિકવરીની પ્રક્રિયામાં પારદર્શિતા અને નૈતિકતા લાવવા માટે વર્તમાન નિયમોને વધુ કડક કરવામાં આવશે. ઘણીવાર ફરિયાદો આવે છે કે રિકવરી એજન્ટો ગ્રાહકોને મોડી રાત્રે ફોન કરે છે, તેમના સંબંધીઓને પરેશાન કરે છે અથવા ઘરે આવીને ગેરવર્તન કરે છે.

નવા નિયમો હેઠળ બેંકો હવે આ એજન્ટોની હરકતો માટે સીધા જવાબદાર રહેશે. જો કોઈ એજન્ટ નિયમોનું ઉલ્લંઘન કરશે, તો બેંક પર ભારે દંડ લાગી શકે છે.

ઘણીવાર જોવા મળે છે કે જ્યારે કોઈ ગ્રાહક બેંકમાં FD કરાવવા અથવા લોન લેવા જાય છે, ત્યારે બેંક કર્મચારીઓ તેને આકર્ષક વચનો આપીને કોઈ વીમા પોલિસી અથવા રોકાણ યોજના વેચી દે છે. પછીથી ખબર પડે છે કે તે પ્રોડક્ટ ગ્રાહક માટે ફાયદાકારક નહોતી. આને જ 'મિસ-સેલિંગ' કહેવાય છે.

આરબીઆઈ હવે આ માટે કડક માર્ગદર્શિકા નક્કી કરી રહ્યું છે. બેંકોએ એ સુનિશ્ચિત કરવું પડશે કે તેઓ ગ્રાહકોને તે જ પ્રોડક્ટ વેચે જે તેમની જરૂરિયાત અને જોખમ લેવાની ક્ષમતા અનુસાર હોય.

ડિજિટલ પેમેન્ટ કરતા યુઝર્સ માટે પણ મોટી જાહેરાત કરવામાં આવી છે. RBI એ પ્રસ્તાવ મૂક્યો છે કે નાના મૂલ્યના અનઓથોરાઈઝ્ડ ડિજિટલ ટ્રાન્ઝેક્શન (છેતરપિંડી) થાય તો ગ્રાહકોને 25,000 સુધીનું વળતર આપી શકાય છે.

આ માટે એક નવું માળખું તૈયાર કરવામાં આવી રહ્યું છે. એનો અર્થ એ છે કે જો તમારા ખાતામાંથી છેતરપિંડીથી પૈસા કપાય છે અને તમે સમયસર તેની જાણ કરો છો, તો બેંકે તમારા નુકસાનની ભરપાઈ કરવી પડશે.

ઓનલાઈન ફ્રોડથી સૌથી વધુ વૃદ્ધો નિશાન બને છે. આને ધ્યાનમાં રાખીને RBI એક ડિસ્કશન પેપર લાવી રહ્યું છે, જેમાં ડિજિટલ પેમેન્ટની સુરક્ષા વધારવા માટેના સૂચનો મંગાવવામાં આવશે.

આમાં વૃદ્ધો અથવા ઓછા જાગૃત યુઝર્સ માટે 'એડિશનલ ઓથેન્ટિકેશન' અને 'લેગ્ડ ક્રેડિટ' (પૈસા ટ્રાન્સફર થવામાં થોડો વિલંબ) જેવા વિકલ્પો સામેલ હોઈ શકે છે, જેથી ફ્રોડ થાય તો તેને તરત રોકી શકાય.

RBI એ આ વખતે પણ તેના મુખ્ય વ્યાજ દરમાં એટલે કે રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. તે 5.25% પર યથાવત છે. જોકે, ગવર્નરે સંકેત આપ્યો કે મોંઘવારીને કાબૂમાં રાખવી તેમની પ્રાથમિકતા છે. વ્યાજ દરો સ્થિર રહેવાનો અર્થ એ છે કે હાલમાં તમારી હોમ લોન કે કાર લોનની EMI વધશે નહીં.

# સિનેમાનો સુવર્ણ યુગ, PVRની કમાણીમાં વિક્રમી ઉછાળો: ત્રણ મહિનામાં ફિલ્મોના દર્શકો 4 કરોડને પાર, સરેરાશ ટિકિટનો ભાવ 300ની આસપાસ

**મુંબઈ, તા.06**

ભારતીય સિનેમા ઈન્ડસ્ટ્રી માટે કેલેન્ડર વર્ષ 2025 બ્લોકબસ્ટર વર્ષ સાબિત થયું છે. ગ્રોસ બોક્સ ઓફિસ કલેક્શન રેકોર્ડ 13,395 કરોડ રૂપિયા રહ્યું.

આ મહામારી પહેલાના ત્રણ વર્ષની સરેરાશ કરતાં 32% વધુ છે, જે સિનેમાઘરોમાં દર્શકોની મજબૂત વાપસી દર્શાવે છે. ત્રીજા ક્વાર્ટરમાં દર્શકોની સંખ્યા 4.05 કરોડ રહી, જે ગયા વર્ષના આ જ ક્વાર્ટરના 3.73 કરોડ કરતાં 8.6% વધુ છે.

ગયા ક્વાર્ટરમાં ટિકિટોની સરેરાશ કિંમત 4% વધીને 293 રૂપિયા થઈ ગઈ, જે વાર્ષિક ધોરણે 4% વધુ છે. સાથે જ, ખાણી-પીણી પર વ્યક્તિ દીઠ સરેરાશ ખર્ચ પણ 4.2% વધીને 146 થઈ ગયો. આના કારણે દેશની સૌથી મોટી મલ્ટિપ્લેક્સ ચેઈન PVR INOX એ ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં 95.7 કરોડ રૂપિયાનો નફો કમાવ્યો, જે વાર્ષિક ધોરણે 166.5% વધુ છે.

કંપનીની આવક પણ 9% વધીને 1,919.6 કરોડ રૂપિયા થઈ ગઈ. આમાં 100-200 કરોડ રૂપિયા કમાણી કરનારી ફિલ્મોનું યોગદાન 27% રહ્યું. રસપ્રદ વાત એ છે કે




2025માં 100 કરોડ રૂપિયાથી વધુ કમાણી કરનારી 37 ફિલ્મો રહી, જે એક રેકોર્ડ છે. PVR આઈનોક્સના એમડી અજય બિજલીએ કહ્યું, 'મજબૂત કન્ટેન્ટ પાઈપલાઈન અને વિસ્તરણની નવી રણનીતિ સાથે કંપની ટકાઉ વિકાસના આગળના તબક્કામાં પ્રવેશી રહી છે.'

PVR ટિયર 2, 3 શહેરોની સાથે-સાથે લેહ, ગંગટોક જેવા નવા વિસ્તારોમાં પહોંચ વધારી રહી છે. 9 મહિનામાં 62 સ્ક્રીન ઉમેરી અને 9 બંધ કરી. આ રીતે 112 શહેરોમાં 51 સ્ક્રીન વધીને 1791 થઈ ગઈ છે. 33% સ્ક્રીન દક્ષિણમાં અને 27% ઉત્તરમાં છે. મૂવી એક્ઝિબિશન સેગમેન્ટમાંથી કમાણી ચાર ગણી વધીને 159.3 કરોડ રૂપિયા થઈ ગઈ છે. નાણાકીય ખર્ચ (વ્યાજ ખર્ચ વગેરે) 22.2 કરોડ ઘટાડ્યો છે, જેનાથી નફામાં સુધારો થયો. કંપનીને 27.1 કરોડનો ટેક્સ ક્રેડિટ મળવાથી પણ ફાયદો થયો.

પ્રાદેશિક ફિલ્મોએ 6,488 કરોડ રૂપિયા સાથે અત્યાર સુધીનું સૌથી વધુ બોક્સ ઓફિસ કલેક્શન નોંધાવ્યું. મલયાલમ ફિલ્મોએ સતત બીજી વાર 1,000 કરોડ રૂપિયાનો આંકડો પાર કર્યો. 2025માં 1,164 કરોડ રૂપિયા હતું. કન્નડ (74% વધારો) અને ગુજરાતી (188% વધારો) સિનેમાએ 2025માં પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું.

# ભારતીય ટેલેન્ટ પર અમેરિકી ટેક દિગ્ગજોનો ભરોસો વધ્યો

## કંપનીઓ 20% સુધી હાયરિંગ વધારી શકે છે, 50 લાખ સુધીના પેકેજ મળશે




**બેંગલુરુ, તા.06**

અમેરિકી વિઝા નીતિઓમાં સખ્તાઈ અને વધતી કિંમતોને કારણે ગૂગલ, એપલ, એમેઝોન અને માઈક્રોસોફ્ટ જેવી કંપનીઓ 2026માં ભારતમાં મોટા પાયે નોકરીઓ શિફ્ટ કરી રહી છે. ગૂગલની પેરન્ટ કંપની આલ્ફાબેટ ભારતમાં 20,000 સુધીની નવી નોકરીઓ આપી શકે છે. આલ્ફાબેટે બેંગલુરુના વ્હાઈટફિલ્ડમાં ઓફિસ ટાવર ભાડે લીધો છે. એપલ બેંગલુરુમાં સપ્લાય ચેઈનના કર્મચારીઓને તાલીમ આપવા માટે એજ્યુકેશન હબ બનાવી રહી છે. પ્રોફેશનલ નેટવર્કિંગ એપ બ્લાઈન્ડના સર્વેમાં 52% ટેક અને બેન્કિંગ કંપનીઓના પ્રોફેશનલ્સે જણાવ્યું કે કંપનીઓ 2026માં ભારતમાં ભરતી વધારવાની યોજના બનાવી રહી છે. 25% કંપનીઓ હાલની ટીમનું કદ વધારી રહી છે.

સ્ટાફિંગ ફર્મ એક્સફેનો અનુસાર, મેટા, એમેઝોન, એપલ, માઈક્રોસોફ્ટ, નેટફ્લિક્સ અને આલ્ફાબેટે 2025માં કુલ 32,000 નિમણૂકો કરી. ટીમલીઝ ડિજિટલના CEO નીતિ શર્મા અનુસાર, આ વર્ષે તેમની ભરતીઓમાં લગભગ 16-20% વધારાની અપેક્ષા છે. નિષ્ણાતો અનુસાર, અમેરિકન કંપનીઓ માટે ભારતીય ટેલેન્ટને અમેરિકા બોલાવવા કરતાં ભારતમાં કામ કરાવવું વધુ સરળ છે.

# ટાટા મોટર્સને ₹3,486 કરોડનું નુકસાન: ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં મહેસૂલ 26% ઘટ્યું.....

**મુંબઈ, તા.06**

ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સને FY26ના ત્રીજા ક્વાર્ટરમાં 3,486 કરોડનું કોન્સોલિડેટેડ નુકસાન થયું છે. ગયા વર્ષે આ જ ક્વાર્ટરમાં કંપનીને 5,406 કરોડનો નફો થયો હતો. સાયબર હુમલા અને ચીનના બજારમાં મંદીને કારણે જગુઆર લેન્ડ રોવર (JLR)ના વ્યવસાય પર ખરાબ અસર પડી, જેના કારણે કંપનીની કુલ આવક અને નફામાં આ ઘટાડો નોંધાયો છે.

ટાટા મોટર્સની ઓપરેશન્સમાંથી મળતી આવક વાર્ષિક ધોરણે 26% ઘટીને 70,108 કરોડ થઈ ગઈ છે. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં તે 94,738 કરોડની આસપાસ હતી.

કંપનીએ જણાવ્યું કે સાયબર હુમલાને કારણે JLRની આવક 39% ઘટીને લગભગ 55,000 કરોડ થઈ ગઈ. JLRને આ ક્વાર્ટરમાં ટેક્સ પહેલા લગભગ 3,800 કરોડનું નુકસાન થયું છે.

JLRના વેચાણમાં ઘટાડાનું એક મોટું કારણ ચીનના બજારની ખરાબ સ્થિતિ પણ રહી. જૂના મોડલ્સનું ઉત્પાદન ધીમે ધીમે બંધ થવાથી વોલ્યુમ પર અસર જોવા મળી. અમેરિકામાં વધેલા ટેરિફથી પણ નફા પર દબાણ આવ્યું.

JLRના ખરાબ પ્રદર્શનથી વિપરીત, ટાટા મોટર્સના ભારતીય કારોબારે મજબૂત પકડ જાળવી રાખી છે. GST દરોમાં ઘટાડો અને નવી ગાડીઓની સારી માંગને કારણે ઘરેલું પેસેન્જર અને ઈલેક્ટ્રિક વ્હીકલ (EV) નું વેચાણ 22% વધીને 1.71 લાખ યુનિટ રહ્યું.


ટાટા મોટર્સના CFO ધીમન ગુપ્તાએ કહ્યું, 'આ ક્વાર્ટર પડકારજનક રહ્યું, જેવું કે સાયબર હુમલાને કારણે આશંકા હતી. જોકે, ઘરેલું બિઝનેસે સુધારો દર્શાવ્યો છે. અમને આશા છે કે ચોથા ક્વાર્ટરમાં JLR સામાન્ય થવાથી પ્રદર્શન સુધરશે.' કંપનીઓના પરિણામો બે ભાગમાં આવે છે.

# ઈન્ડિગો વિરુદ્ધ CCIએ તપાસના આદેશ આપ્યા: કહ્યું- ઈરાદાપૂર્વક હજારો ફ્લાઈટ્સ રદ કરી, જેનાથી લાખો મુસાફરો પરેશાન થયા હતા

**નવી દિલ્હી, તા.06**

કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (CCI) એ દેશની સૌથી મોટી એરલાઈન ઈન્ડિગો વિરુદ્ધ 'અનફેર બિઝનેસ પ્રેક્ટિસ' એટલે કે અનુચિત વ્યાપારિક ગતિવિધિઓને લઈને તપાસના આદેશ આપ્યા છે.

આ કાર્યવાહી ડિસેમ્બરમાં ઈન્ડિગો દ્વારા હજારો ફ્લાઈટ્સ રદ કરવા અને ત્યારબાદ ઊભા થયેલા ઓપરેશનલ સંકટને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. આયોગનું માનવું છે કે આટલી મોટી સંખ્યામાં ફ્લાઈટ રદ કરવાથી બજારમાં ફ્લાઈટ્સની અછત સર્જાઈ, જેનાથી મુસાફરોને મુશ્કેલી પડી અને સ્પર્ધા નિયમોનું ઉલ્લંઘન થયું. CCI એ કહ્યું- ડિમાન્ડના સમયે જાણી જોઈને ફ્લાઈટ્સની અછત ઊભી કરી CCI એ પોતાના 16 પાનાના આદેશમાં ઈન્ડિગોની કાર્યપ્રણાલી પર ગંભીર સવાલો



ઉઠાવ્યા છે. આયોગે કહ્યું કે હજારો ફ્લાઈટ્સ રદ કરવી, જે એરલાઈનની કુલ ક્ષમતાનો એક મોટો ભાગ હતો, એક રીતે બજારમાંથી પોતાની સેવાને રોકી લેવા બરાબર છે.

આવું કરવાથી પીક ડિમાન્ડના સમયે ફ્લાઈટ્સની આર્ટિફિશિયલ એટલે કે જાણી જોઈને અછત સર્જાઈ. આનાથી માત્ર મુસાફરો માટે હવાઈ યાત્રાના વિકલ્પો ઓછા થયા નહીં, પરંતુ કન્ઝ્યુમર એક્સેસને પણ સીમિત કરી દેવામાં આવ્યું.

ડિસેમ્બરમાં 2,500 ફ્લાઈટ્સ રદ થઈ હતી, 3 લાખ મુસાફરોને અસર થઈ હતી. ઈન્ડિગો માટે આ સંકટ ગયા વર્ષે ડિસેમ્બરની શરૂઆતમાં શરૂ થયું હતું. 3 થી 8 ડિસેમ્બરની વચ્ચે જ ઈન્ડિગોની લગભગ 4,500 ફ્લાઈટ્સ રદ થઈ હતી. આ ઉપરાંત લગભગ 2000 ફ્લાઈટ્સમાં વિલંબ થયો હતો. આના કારણે દેશભરના એરપોર્ટ્સ પર લાખો મુસાફરો ફસાયા હતા અને તેમને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

ફ્લાઈટ્સ રદ થવા પાછળનું મુખ્ય કારણ DGCA દ્વારા પાયલટોના ડ્યુટી અને રેસ્ટ (FDTL) નિયમોને કડક અમલ કરવાનું જણાવવામાં આવ્યું.

ઈન્ડિગોએ આ નિયમો મુજબ પોતાના રોસ્ટરને મેનેજ કરી શક્યું નહીં, જેના કારણે છેલ્લી ઘડીએ ફ્લાઈટ્સ ગ્રાઉન્ડ કરવી પડી હતી.

DGCA એ વિન્ટર શેડ્યૂલમાં 10%નો ઘટાડો કર્યો હતો ઓપરેશનલ મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને, એવિએશન રેગ્યુલેટર DGCA એ પહેલેથી જ ઈન્ડિગો પર કડક વલણ અપનાવ્યું હતું. રેગ્યુલેટરે એરલાઈનના વિન્ટર શેડ્યૂલમાં 10%નો ઘટાડો કર્યો હતો, જે 10 ફેબ્રુઆરી સુધી લાગુ રહેશે. હવે CCIની તપાસ એ શોધી કાઢશે કે શું આ બધું ઈરાદાપૂર્વક કરવામાં આવ્યું હતું જેથી બજારમાં તેની સ્થિતિનો ફાયદો ઉઠાવી શકાય.

ઈન્ડિગોનો બજારમાં 64% હિસ્સો ઈન્ડિગો પાસે ભારતીય ઘરેલું બજારનો 64% હિસ્સો છે. જોકે, છેલ્લા કેટલાક સમયથી એરલાઈન ઓપરેશનલ પડકારોનો સામનો કરી રહી છે. તેમાં ક્રૂ (સ્ટાફ)ની અછત, સપ્લાય ચેઈનની સમસ્યાઓને કારણે કેટલાક વિમાનોનું જમીન પર ઊભા રહેવું (ગ્રાઉન્ડિંગ) અને હવામાનને કારણે થતી અડચણોનો સમાવેશ થાય છે.

**AHMEDABAD MUNICIPAL CORPORATION**
**ELECTRICAL DEPARTMENT**
**E- SHORT TENDER NOTICE**

**Tenders are invited for**
Rate contract for S.I.T.C. Work of (1) 40/80,150/150 litre/hr cooling capacity and litre storage capacity Type ISI MARKED Water Cooler at **Various ORGANIZATION of TRUSTS of RELIGIOUS INSTITUTIONS** In AHMEDABAD up to limit of Rs. 10.00 Lakh.

| | |
|---|---|
| Online Submission up to | Dt.16.02.2026 only up to 6:00 p.m. |
| Last date of Submission of (Hard Copy) | Dt.17.02.2026 only up to 4:00 p.m. |
| Tender details available on | https://tender.nprocure.com |

# ગેરકાયદેસર બાંધકામો મામલે કમિશનર અકળાયા: બાંધકામ તોડવા પોલીસ બંદોબસ્ત ના મળતો હોય તો હું સાથે આવું...

**અમદાવાદ, તા.06**

શહેરમાં અનેક જગ્યાએ ગેરકાયદેસર બાંધકામો મામલે મ્યુનિસિપલ કમિશનરે ઉચ્ચ અધિકારીઓ સહિત એસ્ટેટ વિભાગના અધિકારીઓનો ઉધડો લઈ લીધો હતો. ગેરકાયદેસર બાંધકામો તોડી પાડવા માટે એસ્ટેટ વિભાગના અધિકારીઓ દ્વારા પોલીસ બંદોબસ્ત મળતો ન હોવાનો જવાબ આપવામાં આવતા મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની અકળાઈ ઊઠ્યા હતા અને કહ્યું હતું કે, જો પોલીસ બંદોબસ્ત ના મળતો હોય તો હું તમારી સાથે આવું પરંતુ ગેરકાયદેસર બાંધકામો તોડવાના છે. મ્યુનિસિપલ કમિશનરનો જવાબ સાંભળીને એસ્ટેટ વિભાગના અધિકારીઓને નીચું જોવાનો વારો આવ્યો હતો.



વિકલી રીવ્યુ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર દ્વારા ગાર્ડન વિભાગનો પણ પ્રશ્ન કર્યો હતો. ગાર્ડન વેસ્ટ કલેક્શન માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી છે કે નહીં જેથી તેમાં ગાર્ડન વેસ્ટ કલેક્શન અંગે સાથે ઝોનના દસ દસ લાખ રૂપિયાના ટેન્ડર થઈ ચૂક્યા હોવાનું ગાર્ડન વિભાગના અધિકારીઓ જણાવ્યું હતું. રીવ્યુ બેઠકમાં એક ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર દ્વારા સ્ટ્રીટ લાઈટો અંગે ફરિયાદ કરવામાં આવી હતી. પૂર્વ વિસ્તારમાં તળાવ અને ગાર્ડન ડેવલોપમેન્ટ થયા બાદ લાઈટના કામો ન થયા હોવા અંગેની ફરિયાદ કરી હતી.

જ્યારે નાઈટ રાઉન્ડ દરમિયાન તેઓ નીકળ્યા. ત્યારે પણ તેમને ચારથી પાંચ પબ્લિક ટોયલેટ ખૂબ જ ખરાબ દેખાયા હતા. તેમાં સફાઈ કરવામાં આવી નહોતી. તેમજ રખડતા ઢોર પણ જોવા મળ્યા હતા. આ બાબતે તેઓએ રજૂઆત કરી હતી. મ્યુનિસિપલ કમિશનરે વિકલી રીવ્યુ બેઠકમાં ગેરકાયદેસર બાંધકામો તોડવા મામલે પ્રશ્ન કર્યો હતો. ત્યારે એસ્ટેટ વિભાગના અધિકારીઓએ કહ્યું હતું કે, પોલીસ બંદોબસ્ત મળતો નથી. તેના માટે બાંધકામો તોડવામાં આવતા નથી. જેથી કમિશનરે તેઓને સ્પષ્ટ કહ્યું હતું કે, જો પોલીસ બંદોબસ્ત ન મળતો હોય તો હું તમારી સાથે આવું પણ તમારે ગેરકાયદેસર બાંધકામોને તોડવાના જ છે.

ઉલ્લેખનીય છે કે, શહેરભરમાં નાનામોટા રહેણાંક અને કોમર્શિયલ પ્રકારનાં ગેરકાયદે બાંધકામો બની જાય છે. પરંતુ ત્યારબાદ જેને તોડવાના હોય છે. તેને એસ્ટેટ-ટીડીઓ ખાતા દ્વારા નોટિસો તો આપી જ દે છે અને નજીકનાં પોલીસ સ્ટેશનમાં બાંધકામ તોડવા માટે બંદોબસ્ત આપવાની અરજી મોકલાવી દેતાં હોય છે. જોકે, ગેરકાયદેસર બાંધકામો તોડવામાં પોલીસ બંદોબસ્ત નહીં આપવા માટે પણ પોલીસ સ્ટેશનમાં મોટા વહીવટો કરી દેવામાં આવે છે. જેના કારણે પોલીસ બંદોબસ્ત મળતો નથી. સૂત્રો મુજબ ખાસ કરીને મધ્ય ઝોન વિસ્તારમાં આવતા જમાલપુર, કારંજ, શાહપુર, દરિયાપુર, કાલુપુર સહિતના પોલીસ સ્ટેશનમાં મોટી ગોઠવણો ચાલે છે. સંવેદનશીલ વિસ્તારો હોવાના કારણે ત્યાં એસ્ટેટ વિભાગ પોલીસ બંદોબસ્ત વધારે માંગતું હોય છે. જેના કારણે થઈ આવા પોલીસ બંદોબસ્ત ન આપવામાં પણ મોટી ગોઠવણ થતી હોય છે. સૂત્રો મુજબ ચોક્કસ અને સંવેદનશીલ વિસ્તારોમાં જ ગેરકાયદે બાંધકામ તોડવા માટે પોલીસ બંદોબસ્તની જરૂર પડતી હોય છે, બાકીનાં વિસ્તારોમાં ગેરકાયદેસર કરવા માટે એસઆરપીનો બંદોબસ્ત તો મળે જ છે. પરતુ એસ્ટેટ ખાતાને બાંધકામો તોડવાં હોતા નથી. એટલે બંદોબસ્તનાં નામે ગોઠવાણો પણ પાડી દેવામાં આવે છે. પશ્ચિમ વિસ્તારની અંદર સામાન્ય રીતે એક બે વખત રજૂઆત બાદ પોલીસ બંદોબસ્ત આપી દેવામાં આવે છે. પરંતુ પૂર્વ વિસ્તારમાં ખાસ કરીને બંદોબસ્ત આપવામાં આવતો નથી.

# નરોડામાં અગરબત્તીના કારખાનામાં વિકરાળ આગ: ફાયરની 9 જેટલી ગાડીએ 3 કલાકે કાબૂમાં લીધી...

**અમદાવાદ, તા.06**

અમદાવાદના નરોડા વિસ્તારમાં મુક્તિધામ નજીક આવેલા અમરનાથ એસ્ટેટમાં અગરબત્તીના કારખાનામાં મોડીરાત્રે ભીષણ આગ લાગવાની ઘટના બની હતી. ફાયર બ્રિગેડની 9 ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી અને ત્રણથી ચાર કલાક સુધી પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. આગ એટલી વિકરાળ હતી કે, થોડા સમયમાં જ આખું કારખાનું સળગી ઊઠ્યું હતુ અને આસપાસના રહેવાસીઓમાં પણ ભય ફેલાયો હતો. 6 ફેબ્રુઆરીની વહેલી સવાર સુધી કામગીરી કરવામાં આવી હતી. આ ઘટનામાં કોઈ પણ જાનહાની થઈ નથી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણવા મળ્યું નથી.

મળતી માહિતી મુજબ, નરોડા મુક્તિધામ પાસે અમરનાથ એસ્ટેટ આવેલું છે, જેમાં રાત્રે 11:30 વાગ્યાની આસપાસ આગ લાગી હોવાનો મેસેજ ફાયર બ્રિગેડ કંટ્રોલરૂમને મળ્યો હતો. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની નવ



જેટલી ગાડીઓ ઘટનાસ્થળ ઉપર પહોંચી હતી. ફાયરના જવાનો ત્યાં પહોંચ્યા ત્યારે આગ ખૂબ જ વીકરાળ બની ગઈ હતી. અગરબત્તીનું કારખાનું હોવાના કારણે ઝડપથી આગ ફેલાઈ ગઈ હતી. આગ દૂરથી જોઈ શકાય એટલી વિકરાળ હોવાને લઈ ફાયર બ્રિગેડના જવાનો દ્વારા તાત્કાલિક પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવાની કામગીરી કરવામાં આવી હતી.

અગરબત્તીનો જથ્થો વધારે હતો અને તેને બુજાવવામાં વાર લાગતી હોવાને લઈ ફાયર બ્રિગેડના જવાનોને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. અંદાજિત બેથી ત્રણ કલાક સુધી પાણીનો મારો ચલાવી અને આગ સંપૂર્ણપણે બૂજાવી દેવામાં આવી હતી. વહેલી સવાર સુધી ફાયર બ્રિગેડની ટીમ દ્વારા કુલિંગની કામગીરી કરવામાં આવી હતી. અગરબત્તીના કારખાનામાં મોડીરાત્રે આગ લાગેલી હતી, તેમ છતાં અગરબત્તીના કારખાનાના માલિક કોણ છે તે અંગે સ્પષ્ટતા થઈ નથી. કેવી રીતે આગ લાગી તે અંગે પણ જાણકારી મળી નથી.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, સાંજે અગરબત્તીની ફેક્ટરી બંધ થઈ જાય છે, જેથી કોઈપણ કારીગર ફેક્ટરીમાં હાજર નહોતું. રાત્રે આગ લાગી હતી, જેની સ્થાનિક લોકોને જાણ થતા તાત્કાલિક ફેક્ટરી માલિકને પણ ફોનથી જાણ કરવામાં આવી હતી, ત્યાં સુધીમાં ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળ ઉપર પહોંચી ગઈ હતી. નરોડા વોર્ડના ભાજપના કોર્પોરેટર રાજેન્દ્ર સોલંકીને જાણ થતા તેઓ પણ ઘટનાસ્થળ ઉપર પહોંચી ગયા હતા. રાજેન્દ્ર સોલંકીએ દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આગ લાગવાની જાણ થતાં તાત્કાલિક ધોરણે હું ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

# છાપરાભાઠાની મહિલાનો તાપીમાં ઝંપલાવી આપઘાત: બ્રિજ નીચેથી મૃતદેહ મળ્યો....

**સુરત, તા.06**

સુરત શહેરના અમરોલી-છાપરાભાઠા વિસ્તારમાં રહેતી એક 47 વર્ષીય મહિલાએ માનસિક બીમારીથી કંટાળી તાપી નદીમાં પડતું મૂકી આપઘાત કર્યો હોવાની કરુણ ઘટના સામે આવી છે. વહેલી સવારે ઘરેથી નીકળ્યા બાદ મહિલાનો મૃતદેહ અમરોલી તાપી બ્રિજ નીચેથી મળી આવતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

મળતી માહિતી મુજબ, મૂળ ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા તાલુકાના વતની અને હાલ સુરતના અમરોલી છાપરાભાઠા રોડ પર આવેલા પાર્થ કોમ્પ્લેક્સ (વિભાગ-બી) માં રહેતા ચંદ્રિકાબેન કિશોરભાઈ પરમાર (ઉં.વ. 47) છેલ્લા કેટલાક સમયથી માનસિક



અસ્વસ્થતાનો સામનો કરી રહ્યા હતા. ચંદ્રિકાબેનના પતિનું અગાઉ માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. તેઓ તેમના ત્રણ પુત્રો સાથે સુરતમાં રહેતા હતા. છેલ્લા 3-4 મહિનાથી તેઓ ગંભીર માનસિક બીમારીથી પીડાતા હોવાનું પરિવારજનોએ જણાવ્યું છે.

આજે વહેલી સવારે ચંદ્રિકાબેન પરિવારના સભ્યોને જાણ કર્યા વગર ઘરેથી ક્યાંક નીકળી ગયા હતા. માતા ઘરે ન દેખાતા ગભરાયેલા પુત્રોએ તાત્કાલિક તેમની શોધખોળ શરૂ કરી હતી. આ દરમિયાન તેમનો મોટો પુત્ર સાગર શોધતા-શોધતા અમરોલી તાપી બ્રિજ પાસે પહોંચ્યો હતો, જ્યાં નદીના પાણીમાં તેને માતાનો મૃતદેહ તરતો જોવા મળ્યો હતો.

બનાવની જાણ થતા જ કતારગામ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક પૂછપરછમાં પરિવારે જણાવ્યું હતું કે, સતત રહેતી માનસિક બીમારીથી કંટાળી જઈને તેમણે આ અંતિમ પગલું ભર્યું હોવાની શક્યતા છે. હાલ કતારગામ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# નરહરી અમીને બંધ કરાવેલા ડિવાઈડર કટને ખોલાવવા લોકો રસ્તે ઉતર્યા: SP રિંગ રોડ પર હોટલ હિલ્લોક પાસે ચક્કાજામ


**અમદાવાદ, તા.06**

અમદાવાદના એસપી રિંગ રોડ પર ઝુંડાલથી વૈષ્ણોદેવી તરફ જવાના રોડ ઉપર હોટેલ હિલ્લોક નજીક ડિવાઈડર કટ બંધ કરી દેવામાં આવ્યો છે. ભાજપના રાજ્યસભાના સાંસદ નરહરી અમીન દ્વારા સંકલન બેઠકમાં આ કટ બંધ કરી દેવા માટેની રજૂઆત કરવામાં આવી હતી, જેના કારણે થઈને હવે લોકોને ફરીને જવું પડે છે. આ કારણે ન્યુ ત્રાગડ, ચાંદખેડા સહિતના વિસ્તારોના વાહનચાલકોને હાલાકી પડી રહી હતી, ત્યારે 5 ફેબ્રુઆરીએ રાત્રે મોટી સંખ્યામાં સ્થાનિક લોકોના ટોળાએ એસપી રિંગ રોડ પર હોટેલ હિલ્લોક પાસે રસ્તો રોકી દીધો હતો. આના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી.

ઉલ્લેખનીય છે કે 24 જાન્યુઆરી, 2026એ જ દિવ્ય ભાસ્કરે હોટલ હિલ્લોક પાસેનો કટ બંધ કરાતા સ્થાનિકોને થતી સમસ્યા અંગે ગ્રાઉન્ડ રિપોર્ટ કર્યો હતો.

મોટી સંખ્યામાં લોકોના ટોળા ભેગા થઈ રોડ બંધ કરી દેતા પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ પણ તાત્કાલિક ઘટનાસ્થળ ઉપર પહોંચી ગઈ હતી અને લોકોને સમજાવીને ટ્રાફિક પૂર્વવત કરાવવાની કાર્યવાહી કરી હતી.

સ્થાનિકોને ન્યુ ત્રાગડ અને ચાંદખેડા આવવા માટે ત્રણથી પાંચ કિલોમીટર જેટલું ફરવું પડે છે, જેના કારણે લોકો હેરાન થતા હોવાથી અનેક રજૂઆત બાદ પણ કોઈ



નિરાકરણ ન આવતા લોકોનો રોષ ફાટી નીકળ્યો હતો. સ્થાનિક લોકોએ 'દાદાગીરી નહીં ચલેગી, નહીં ચલેગી'ના નારા લગાવીને રોડ બંધ કરી દીધો હતો. સ્થાનિક લોકો રોડ બંધ થવાના કારણે હેરાન-પરેશાન થઈ રહ્યા હોવાથી, તેમણે રોડ ઉપર બેસીને વિરોધ નોંધાવ્યો હતો.

છેલ્લા 15 દિવસથી આ ડિવાઈડર બંધ થઈ ગયું હોવાના કારણે દરરોજ લોકોને ટ્રાફિકની સમસ્યાનો સામનો કરવો પડે છે અને ખૂબ મોટો ફેરો ખાઈને પોતાના ઘર તરફ જવું પડે છે. આથી સ્થાનિક લોકો દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે, આ ડિવાઈડર કટ ખોલી દેવામાં આવે, જેથી સ્થાનિક લોકોને ટ્રાફિકની સમસ્યામાંથી મુક્તિ મળે.

દરરોજ આ રોડ પરથી પસાર થતા રાજુભાઈ નામના સ્થાનિક વ્યક્તિએ જણાવ્યું હતું કે, હું આ રોડ પરથી 24 કલાક પસાર થઉં છું અને દિવસ-રાત આ જ પ્રમાણે ટ્રાફિકની સમસ્યા રહે છે. આગળ કટ બંધ કરી દેવામાં આવ્યો છે, જેના કારણે થઈને આ સમસ્યા ઊભી થઈ રહી છે, જેથી આ બાબતે કોઈ નિરાકરણ લાવવું જોઈએ. તો વધુમાં ગૌતમભાઈ શાહ નામના રિક્ષાચાલકે જણાવ્યું હતું કે, હું અહીંયાથી દરરોજ અવરજવર કરું છું. ખૂબ જ ટ્રાફિક થાય છે અને વૈષ્ણોદેવીથી ઝુંડાલ તરફ જતા ત્રણ કિલોમીટર ફરીને આવવું પડે છે.

હોટલ હિલ્લોક પાસેથી ચાંદખેડાના IOC રોડ તેમજ ન્યૂ ત્રાગડ તરફ જવાનો મુખ્ય રોડ પણ આવેલો છે, છતાં પણ આ જગ્યા ઉપર ત્યાં વચ્ચે જે ખુલ્લી જગ્યા છે તેને બંધ કરીને રોડ પણ ઔડા દ્વારા બનાવવામાં આવતો નથી. જો આ રોડ બનાવી દેવામાં આવે તો ચાંદખેડા આયોસી તરફ જે નાગરિકોને જવું છે, તે સરળતાથી જઈ શકે છે. પરંતુ ઔડાના અધિકારીઓ આ બાબતે ધ્યાન આપતા નથી.